

બોલીવુડમાં ૬૫૦ કરોડની ટેક્સ ચોરી ઝડપાઈ
વાંચો પેજ નં. ૧૦

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કિરોન પોલાર્ડે ૧ ઓવરમાં છ છગ્ગા ફટકાર્યા
વાંચો પેજ નં. ૨૧

FRIDAY, 05 MARCH, 2021 Vol. 18, No. 10 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# મ્યાનમારમાં લોકશાહી માંગનારા ૪૦ને ઠાર મરાયા

## ચીન, રશિયાના ઈશારે મ્યાનમારના તાનાશાહ કતલેઆમ કરાવી રહ્યાનો લોકોનો આક્ષેપ

યાંગોન : મ્યાંમારમાં લશ્કરી શાસન વિરુદ્ધનાં દેખાવો બુધવારે લોહીયાળ અને હિંસક પૂરવાર થયા હતા. આર્મીનાં જવાનો અને દેખાવકારો કેટલાક ટાઉન અને શહેરોમાં સામસામે આવી ગયા હતા જેમાં આર્મીનાં અત્યાચાર તેમજ ફાયરિંગમાં ૪૦ લોકોનાં મોત થયા હતા. સમાચાર સંસ્થાનાં જણાવ્યા મુજબ મૃત્યુ પામેલા ૪૦માં ૪થી વધુ બાળકો હતા. પોલીસે હજારો દેખાવકારોની ધરપકડ કરી હતી. ગયા મહિને લશ્કરે સત્તા કબજે કર્યા પછી બુધવારનો દિવસ સૌથી વધુ લોહીયાળ સાબિત થયો હોવાનું સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું હતું. સાક્ષીનાં જણાવ્યા મુજબ પોલીસ અને આર્મી દ્વારા કોઈ ચેતવણી આપ્યા વિના કેટલાક સ્થળે દેખવકારો પર ઓપન ફાયરિંગ કરાયું હતું. યુવા એક્ટિવિસ્ટ થીન્ઝર શુનલેઈ યી એ જણાવ્યું હતું કે આ સામૂહિક હત્યાકાંડ હતો. સ્થિતિનું વર્ણન કરવા કે અમારી લાગણીઓ વ્યક્ત કરવા અમને શબ્દો જડતા નથી. સ્થાનિકો એવો આક્ષેપ કરી રહ્યા છે કે મ્યાનમારમાં આ બધુ ચીન અને રશિયાને ઈશારે થઈ રહ્યું છે.

### અમે પ્રતિબંધો છતાં જીવી રહ્યા છીએ : આર્મીનો હુંકાર

યુએનનાં પ્રતિનિધિ બર્જનરે જ્યારે મ્યાંમારનાં ડેપ્યુટી લશ્કરી ચીફ સોએ વિન સાથે ફોન પર વાતચીત કરીને પ્રતિબંધોની ધમકી આપી ત્યારે વિને કહ્યું હતું કે અમે પ્રતિબંધો વચ્ચે પણ જીવી રહ્યા છીએ. કેટલાક ગણ્યાગાંઠયા મિત્રો સાથે જીવવાનું શીખી ગયા છીએ.



### મ્યાનમાર મુદ્દે સંયુક્ત રાષ્ટ્ર બોલાવી શકે છે બેઠક

સંયુક્ત રાષ્ટ્ર (એ કહ્યું કે, એવી આશંકા છે કે હિંસા વધ્યા બાદ મ્યાનમારના રાજકીટ સંકટના હલ માટે કૂટનીતિક પ્રયાસ પણ વધારી દેવામાં આવ્યા છે. સંરા સુરક્ષા પરિષદ શુક્રવારે મ્યાંનમારની સ્થિતિને લઈને બેઠક કરી શકે છે. પરિષદના રાજદ્વારીઓએ જણાવ્યું કે, આ બેઠક માટે બ્રિટનને વિનંતી કરવામાં આવી હતી.

# જીવન જીવવા બેંગલોર શ્રેષ્ઠ : ઈઝ ઓફ લિવિંગમાં અમદાવાદ ત્રીજું

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે ૧૧૧ શહેરોનો ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્ષ રજૂ કર્યો હતો. બે કેટેગરીમાં રેન્કિંગ જાહેર થયું હતું. ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોની એક કેટેગરી બનાવાઈ હતી અને ૧૦ લાખથી ઓછી વસતિ હોય એવા શહેરોની બીજી કેટેગરી બનાવવામાં આવી હતી. ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોના રેન્કિંગમાં બેંગ્લુરુને પ્રથમ ક્રમ અપાયો હતો.



શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, પરિવહન, સુરક્ષા, આર્થિક વિકાસની તકો, ગ્રીનકવર, વીજળીની ખપત જેવા માપદંડોના આધારે દેશના ૧૧૧ શહેરોનું મૂલ્યાંકન કરાયું હતું. કેન્દ્ર સરકારે બે કેટેગરીમાં ઈન્ડેક્ષ રજૂ કર્યો હતો. ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોનું એક લિસ્ટ બનાવાયું હતું. ૧૦ લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરોનું બીજું લિસ્ટ બનાવાયું હતું. ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોના રેન્કિંગમાં બેંગ્લુરુએ ૧૦૦માંથી ૬૬.૭૦ પોઈન્ટ્સ મેળવ્યા હતા. તે સાથે જ બેંગ્લુરુને પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલે કે બેંગ્લુરુ દેશનું પ્રથમ નંબરનું રહેવા લાયક શહેર છે. ૬૬.૨૭ સાથે પૂણે બીજા ક્રમે રહ્યું હતું. ૬૪.૮૭ પોઈન્ટ્સ સાથે અમદાવાદ ત્રીજું, ૬૨.૬૧ સાથે ચેન્નાઈ ચોથું, ૬૧.૭૩ સાથે સુરત પાંચમા નંબરે રહ્યું હતું. ટોપ-૧૦માં અમદાવાદ, સુરત, વડોદરા એમ ત્રણ ગુજરાતના શહેરોનો સમાવેશ થયો હતો. ૧૦ લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરોમાં શિમલા પ્રથમ ક્રમે રહ્યું હતું. એ શહેરોના લિસ્ટમાં પણ ગુજરાતના પાટનગર ગાંધીનગરનો સમાવેશ થયો હતો. બંને કેટેગરીમાં મળીને ગુજરાતના ચાર શહેરો ટોપ-૧૦માં સામેલ થયા હતા. હવા પ્રદૂષણના કારણે કુખ્યાત થઈ રહેલાં ભારતના પાટનગર દિલ્હીનો ટોપ-૧૦માં સમાવેશ થયો ન હતો. દિલ્હી ૧૩મા ક્રમે રહ્યું હતું.

### ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા રહેવા લાયક ૧૦ શહેરો

| ક્રમ | નામ | પોઈન્ટ્સ | રાજ્ય |
|---|---|---|---|
| ૧ | બેંગ્લુરૂ | ૬૬.૭૦ | કર્ણાટક |
| ૨ | પૂણે | ૬૬.૨૭ | મહારાષ્ટ્ર |
| ૩ | અમદાવાદ | ૬૪.૮૭ | ગુજરાત |
| ૪ | ચેન્નાઈ | ૬૨.૬૧ | તમિલનાડુ |
| ૫ | સુરત | ૬૧.૭૩ | ગુજરાત |
| ૬ | નવી મુંબઈ | ૬૧.૬૦ | મહારાષ્ટ્ર |
| ૭ | કોઈમ્બતુર | ૫૯.૭૨ | તમિલનાડુ |
| ૮ | વડોદરા | ૫૯.૨૪ | ગુજરાત |
| ૯ | ઈન્દોર | ૫૮.૫૮ | મધ્યપ્રદેશ |
| ૧૦ | મુંબઈ | ૫૮.૨૩ | મહારાષ્ટ્ર |

ગુજરાતમાં પાલિકા, પંચાયતની ચૂંટણીના સમાચારો જૂઓ
પેજ નં. ૧૪-૧૫

ABOWATH REAL ESTATE GROUP
RE/MAX
MAAZ ABOWATH
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# હાઉસિંગ માર્કેટમાં તેજી છતાં જોખમની સ્થિતિ યથાવત

## અત્યારે માર્કેટમાં મકાનોની માંગ વધી છે, ઉંચા ભાવ છતાં ખરીદનારાઓમાં પણ સ્પર્ધાનો માહોલ

ઓન્ટેરિયો : ફેબ્રુઆરી માસ પણ કેનેડાના હાઉસિંગ માર્કેટ માટે લાલચોળ તેજીનો બની રહ્યો છે અને મકાનોના ભાવોમાં પણ ભારે વધારો જોવા મળી રહ્યો હતો. ત્યારે આરસીબીના અર્થશાસ્ત્રીએ મંગળવારે જાહેર કરેલા અહેવાલમાં ચેતવણી ઉચ્ચારતા

કહ્યું હતું કે ભારે તેજી હોવા છતાં કેનેડાનું હાઉસિંગ માર્કેટ પૂર્ણ રીતે જોખમથી મુક્ત નથી. હાઉસિંગ માર્કેટમાં મંદી આવશે એવી ગયા વર્ષની આગાહી ભલે ખોટી ઠરી હોય, આમ છતાં હવે જે સ્થિતિ છે એ જોતા કોઈક કારણસર જો અચાનક મંદી આવે તો લોકોએ ભારે નુકસાન વેઠવું પડી શકે છે.

જો બેંકો અત્યારના વ્યાજદરો જે સાવ નીચા છે એમાં વધારો કરે અથવા સરકાર કોઈ નવી જાહેરાત કરે કે પછી અર્થતંત્ર નબળું પડે તો એની સૌથી મોટી અસર આ માર્કેટ પર પડી શકે છે. અત્યારે માર્કેટમાં માંગ મોટી છે અને ખરીદનારાઓમાં પણ સ્પર્ધાનો માહોલ જોવા મળી રહ્યો છે. કેનેડાના મોટાનગરો ઉપરાંત નાના નગરોમાં પણ હાઉસિંગ માર્કેટમાં ભારે ચહલપહેલ છે. પરંતુ અચાનક મંદી આવશે તો એની વિપરિત અસર આ



માર્કેટ પર પડશે, એમ અર્થશાસ્ત્રી રોબર્ટ હોગે પોતાના અહેવાલમાં સ્પષ્ટ કર્યું હતું.

આ અહેવાલને પગલે સ્થાનિક એસ્ટેટ બ્રોકર્સે પોતાના ફેબ્રુઆરીના આંકડાઓ આપવાનું શરૂ કરી દીધું હતું. ગ્રેટર વાન્કુંવરમાં રેકોર્ડબ્રેક ૭૩ ટકાનો ઉછાળો મકાનોના વેચાણમાં નોંધાયો હતો. જ્યારે કાલગેરીમાં પણ એ ૬૨ ટકા જેટલો રહ્યો હતો. રીયલ એસ્ટેટ બોર્ડ ઓફ ગ્રેટર વાન્કુંવરના પ્રમુખ કોલેટ ગ્રેબરે પણ મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, શહેરના પ્રોપટી માર્કેટમાં વેચનારનું જોર વધુ છે. ભાવ વધી રહ્યો હોવા છતાં લોકો ખરીદવા તૈયાર થઈ રહ્યા છે અને વેચનારાને પ્રોત્સાહન મળતું જાય છે.

કાલગેરીમાં પણ આવી જ સ્થિતિ છે. વાન્કુંવરમાં બધા પ્રકારના મકાનોના ભાવોમાં ગયા વર્ષની સરખામણીમાં સરેરાશ ૬.૮ ટકાનો વધારો છે.

# એનડીપી સરકાર નાના ઉદ્યોગો માટે પ્રોત્સાહક સહાય આપશે : જગમીત સિંહ




ઓટાવા : એનડીપીની ફેડરલ સરકાર મહામારીથી અસરગ્રસ્ત થયેલા નાના ઉદ્યોગોને તેમણે છૂટા કરેલા કર્મચારીઓને પાછા બોલાવી શકે એવા પ્રોત્સાહનો આપવાનું વિચારે છે એમ જગમીત સિંહે કહ્યું હતું.

બ્રિટીશ કોલંબિયામાં મંગળવારે જગમીત સિંહે ચૂંટણી પ્રચાર જેવા કાર્યક્રમમાં વચન આપતા જણાવ્યું હતું કે, ન્યુ ડેમોક્રેટસ જયાં સુધી કોવિડ -૧૯ મહામારી છે, ત્યાં સુધી ચૂંટણીની માંગણી નહીં કરે. ફેડરલ સરકારના નેતાઓએ પણ ગયા અઠવાડિયે કહ્યું હતું કે, એમની પાટી લઘુમતીવાળી લિબરલ્સની સરકારને હાઉસ ઓફ કોમન્સમાં વિશ્વાસ મત માટે ટેકો આપશે. મહામારી છે એ દરમિયાન કોઈ પક્ષ ચૂંટણીની તૈયારી નહીં કરે. જે ગમે ત્યારે જાહેર થઈ શકે છે. તેમણે ઉમેર્યુ હતુ કે, લિબરલ સરકાર એમેઝોન, વોલમાર્ટ અને કોસ્ટકો જેવી મોટી કંપનીઓના અને બેંકોની નીતિઓ તરફ આંખ આડા કાન કરે છે જયારે નાના ઉદ્યોગો અને વ્યાપારીઓ માટે બધા કાનૂનો લાગુ પાડે છે. એનડીપીએ લોકડાઉનને કારણે છૂટા કરાયેલા કર્મચારીઓને પાછા બોલાવનાર નાના ઉદ્યોગકારો માટે બોનસ તરીકે સહાયનો પ્રસ્તાવ રજુ કર્યો છે. જો ફેડરલ સરકાર એના પર વિચાર કરે તો એમ્પ્લોયમેનટ ઈન્સ્યોરન્સ અને કેનેડા પેન્શન પ્લાનમાં રોકાણ કરનારાઓને સહાય આપી શકાશે. જો કે, એનડીપીએ મંગળવારે કરેલી જાહેરાતમાં અંદાજે કેટલી અને કોને રાહત આપી શકાશે, એની સ્પષ્ટતા કરી નહોતી.

તેમના જણાવ્યા મુજબ એને માટે નાના ઉદ્યોગો સાથે મળીને અંદાજ બાંધી શકાશે. તેમણે કહ્યું હતું કે ગયા વર્ષના એપ્રિલ માસથી જાહેર કરાયેલી વેજ સબસીડી પહેલા તો જુન સુધી અપાવાની હતી. પરંતુ ત્યારબાદ એની મુદત લંબાવીને સપ્ટેમ્બર સુધી કરી હતી. ત્યારબાદ એમ્પ્લોયરના હિસ્સાને બે વર્ષ માટે બંધ કરી દેવામાં આવતા એક બિલીયન યુએસ ડોલરની બચત કરવાનો ઈરાદો જાહેર થઈ ગયો હતો. જેનો લાભ કેટલાક ઉદ્યોગોને જ થાય એમ છે. સિંહે કહ્યું હતું કે મહામારીના સમયમાં નાના ઉદ્યોગો અને એના પર આધારિત કર્મચારીઓના હિતને વધુ મહત્વ અપાય એ જરૂરી હોવાથી જ અમે આ પ્રસ્તાવ રજુ કર્યો છે.

# કેનેડામાં ચાલુ સીઝનમાં વસંતઋતુ હળવી રહેવાની હવામાન વિભાગની આગાહી

- માર્ચ માસના મધ્યથી વાતાવરણમાં ફેરફાર આવશે

ટોરોન્ટો : સમગ્ર કેનેડામાં આ વખતે વસંતઋતુ હળવી રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જો કે, વચ્ચે વચ્ચે ઠંડીનો ચમકારો પણ અનુભવાય તેવી શકયતા છે.

વેધર નેટવર્કના ચીફ મેટેરોલોજિસ્ટ ક્રિસ સ્કોટે જણાવ્યું હતું કે, કેનેડીયનો માટે આ વખતની વસંતની મોસમ હળવી હશે. કેમ કે, મોટાભાગના દિવસોમાં સૂર્યપ્રકાશ રહેશે.એટલે ભારે ઠંડી બાદ લોકો હવે ઘરની બહાર નીકળી મોસમની મઝા માણી શકશે.

ઓન્ટેરિયો અને ક્યુબેકમાં હજુ ઠંડીની અસર રહેશે. આમ છતાં વસંતની વહેલી શરૂઆતની સંભાવના જોવા મળી રહી છે. જ્યારે બ્રિટીશ કોલંબિયામાં વસંતની શરૂઆત થોડી મોડી થશે અને તાપમાનનો પારો સામાન્યથી નીચો રહી શકે છે. સામાન્યથી વધુ થયેલી હિમવર્ષાને કારણે કારણે સ્કીઈંગ વધુ સમય સુધી થઈ શકશે. પરંતુ વસંતના આરંભ બાદ એમાં જોખમ વધી શકે છે. આગાહી મુજબ માર્ચમાં હુંફાળુ હવામાન રહેશે. જે ફેરફાર અચાનક થશે. જેને કારણે સરહદના દક્ષિણભાગમાં દુષ્કાળની શકયતા રહે છે. પશ્ચિમના વિસ્તારોમાં તાપમાનમાં સતત વધઘટ થતી જોવા મળી શકે છે. ઉત્તર કેનેડામાં તાપમાન સામાન્ય રહેશે. જેને કારણે દક્ષિણ યુકોનમાં તાપમાન સામાન્ય રહેશે. પરંતુ પૂર્વનુનાવતમાં વધુ ગરમી જોવા મળશે. એટલાન્ટીક કેનેડામાં તાપમાનમાં વધારાની શકયતા છે. એટલે એ વિસ્તારમાં જોખમ વધે છે. આમ છતાં એકંદરે આઉટડોર એકટીવીટી માટે યોગ્ય હવામાન રહેવાની સંભાવના છે તેમણે કહ્યું હતુ કે, મેનીટોબાની ખીણની રેડ રીવર, ઓન્ટેરિયો અને ક્યુબેકની ઓટાવા અને સેન્ટ લોરેન્સ વેલી તથા ન્યુ બ્રુન્સવીકની સેન્ટ જોન રીવરવેલીમાં માર્ચ અને એપ્રિલમાં જળસપાટી વધશે.

# ઈન્ડો-કેનેડિયન કમ્યુનિટીએ કાર રેલી યોજી

- ભારત-કેનેડાના મજબૂત થઈ રહેલા સંબંધોના પગલે ઉજવણી કરાઈ

બ્રામ્પ્ટન : કેનેડાના ઓન્ટેરિયો રાજ્યમાં આવેલા બ્રામ્પ્ટનમાં ઈન્ડો-કેનેડિયન કમ્યુનિટી દ્વારા સંખ્યાબંધ કાર્સ સાથે 'ત્રિરંગા અને મેપલ કાર રેલી યોજાઈ હતી. આ કાર રેલીનું આયોજન ભારત અને કેનેડાના સતત મજબૂત થઈ રહેલા સંબંધોની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.



વિશ્વમાં કોવિડ-૧૯ના કારણે સંખ્યાબંધ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેના કારણે કેનેડામાં પણ ઘણા લોકોના મોત થયા છે. આવી મહામારીના સમયમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન ટ્રુડોએ સાથે મળીને વેક્સિનને મંજૂરી આપીને અને તેની સપ્લાય કરીને લાખો લોકોની જીંદગી બચાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

ભારત દ્વારા કેનેડાને ૫,૦૦,૦૦૦ વેક્સિનના ડોઝ આવનારા સપ્તાહમાં તાત્કાલિક ધોરણે પહોંચાડવાનું વચન આપવામાં આવ્યું છે. આ સિવાય આગામી મહિનાઓમાં ૨ મિલિયન વેક્સિનના ડોઝ ભારત દ્વારા કેનેડાને આપવામાં આવશે. તેના પગલે સંખ્યાબંધ કેનેડિયનોના જીવ બચાવવામાં મદદ મળશે. ઈન્ડો-કેનેડિયન્સ માટે આ એક ગૌરવ કરવા જેવી વાત છે.

# ચૂંટણીની તૈયારી : ઓન્ટેરિયો લિબરલ્સે કન્સલ્ટેશન માટે પ્લેટફોર્મ લોન્ચ કર્યુ

- પાયાના કાર્યકરોને પક્ષની નીતિ લોકો સુધી પહોંચાડવા માટે પ્રોત્સાહન મળશે

ટોરોન્ટો : ધી ઓન્ટેરિયો લિબરલ પાર્ટી (ઓએલપી)એ ટેક ધી માઈક નામથી એક નવું પ્લેટફોર્મ લોન્ચ કરીને ૨૦૨૨ની ચૂંટણી પહેલા પક્ષની પોલીસીને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ શરૂ કર્યા છે. જેનાથી ઓન્ટેરિયો લિબરલ્સના પાયાના કાર્યકરોને પક્ષની નીતિ લોકો સુધી પહોંચાડવાનું પ્રોત્સાહન મળશે. ઓએલપીના નેતા સ્ટીવન ડેલ ડુકાએ કહ્યું હતુ કે, મને ખાતરી છે કે, આ નવા પ્લેટફોર્મથી પાયાના કાર્યકરોને એમની વાત નેતાગીરી સમક્ષ મુકવાની તક મળશે અને એ વાત સાંભળવામાં પણ આવશે. એનાથી પક્ષની નીતિનો ખ્યાલ લોકોને પણ આવી શકશે. આવનારા મહિનાઓમાં 'ટેક ધી માઈક' શરૂ થશે અને એમાં નવી નીતિની ચર્ચા કરવામાં આવશે. આ મુદ્દાઓ દર અઠવાડિયે વેબસાઈટ પર પણ મુકાશે. જેથી પક્ષના સભ્યો પણ પોતાના વિચારો રજુ કરી શકશે.

પહેલા અઠવાડિયે લાંબાગાળાની કાળજી માટેનું આયોજન અને ઈકોનોમિક ડીગ્નીટી વિશે ચર્ચા થશે. આ પ્લેટફોર્મના ઉપપ્રમુખ અને એમપીપી માઈકલ કોટેઉ કહે છે કે, ઓન્ટેરિયો લિબરલ્સ હવે ગ્રાસરૂટ આધારીત પ્લેટફોર્મ બનાવે છે. જેમાં લોકોની અપેક્ષાઓ પ્રતિબીંબીત થશે ઓન્ટેરિયોવાસીઓ એવી સરકાર ચાહે છે જે સાહસિક મુદ્દાઓ પર ધ્યાન આપે, માત્ર સૂત્રોના સ્ટીકર્સ ન આપે. અમે એ વાત સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે, ૨૦૨૨ના આ પ્લેટફોર્મથી લોકોના રોજબરોજના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય.

# ધી નેક્સ્ટ જનરેશનના સ્ટાર જામીલ ફ્રેન્ચનું ૨૯ વર્ષની વયે નિધન થયું

ટોરોન્ટો : ધી નેક્સ્ટ જનરેશનમાં ડેવ ટર્નરની ભુમિકા ભજવનારા કેનેડીયન એકટર જામીલ ફ્રેન્ચનું ૨૯ વર્ષની વયે નિધન થયું હોવાના સમાચાર એના મિત્ર અને મેનેજર ગેબ્રીલી કેચમેને મીડિયાને ટોરોન્ટોમાં મંગળવારે આપ્યા હતા. ગેબ્રીલી કેચમેને કહ્યું હતું કે આ યુવાન કલાકારને એની પ્રતિભા અને કલા પ્રત્યેના લગાવ અને પ્રતિબધ્ધતા માટે હંમેશા યાદ કરાશે. એના પરિવારને આ આઘાત સહન કરવાની શકિત માટે સૌને પ્રાર્થના કરવા વિનંતી છે. સિરીઝના કો ક્રિએટર અને એક્ઝીક્યુટીવ પ્રોડ્યુસર લિન્ડા સ્યુઅરે મીડિયાને જણાવ્યું હતું કે, ડેવના પાત્ર માટે ફ્રેન્ચે જે રીતે તૈયારી કરી હતી એ ખરેખર નોંધપાત્ર હતી. એની પ્રતિભા પડદા ઉપર અને બહાર પણ



એવી હતી કે, એને કોઈ સહેલાઈથી ભુલી નહીં શકે. તેણે પોતાના પાત્રને ખૂબીથી નિભાવ્યું હતું. નેટફલીક્ષ સીરીઝ સાઉન્ડટ્રેકના ક્રિએટર જોશુઆ સાફ્રાને પણ ફ્રેન્ચના મૃત્યુના સમાચારને અનુમોદન આપતા કહ્યું હતું કે, મારો સાથી કલાકાર અને બધા માટે પ્રેરણારૂપ ફ્રેન્ચ હવે આ દુનિયામાં નથી રહ્યો.

# કેનેડામાં કોરોના ધીમો પડ્યો: નવા ૧૭૦૧ કેસ, ૨૯નાં મોત

## હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫૭૨ દર્દીઓની હાલત ગંભીર બની, એક્ટિવ કેસની સંખ્યા ૨૯૮૮૫ નોંધાઈ

**• ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૯૯૪ કેસ, ૧૦ના મોત, બીજા ક્રમે ક્યૂબેકમાં ૭૦૭ને ચેપ લાગ્યો**



ટોરોન્ટો : કેનેડામાં બે મહિનાથી તરખાટ મચાવી રહેલો કોરોના વાયરસ હવે ધીમો પડી રહ્યો હોવાનું જણાય રહ્યું છે. ગુરુવાર તા.૪-૩-૨૦૨૧ના રોજ આખા દેશમાં કોરોનાથી સંક્રમિત થયા હોય તેવા ૧૭૦૧ દર્દી મળી આવ્યા હતા. જયારે આ જ સમયગાળામાં ૨૯ દર્દી મોતને ભેટ્યા હતા. દેશની વિવિધ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫૭૨ દર્દીઓની હાલત નાજૂક હોવાનું જણાવ્યા મળ્યું છે.

કેનેડામા ગુરુવારે નવા ૧૭૦૧ દર્દીના બ્લડ સેમ્પલમાં કોરોના વાયરસની પૃષ્ટિ થઈ હતી. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૯૮૮૫ હોવાનું બહાર આવ્યું છે. ઓન્ટેરિયોમાં ગુરુવારે નવા ૯૯૪ કેસ કોરોના પોઝિટિવ તરીકે નોંધાયા હતા. જયારે ૧૦ લોકોના મોત થયા હતા. અહીં દિવસ દરમિયાન ૧૦૭૨ દર્દીઓ સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. ક્યૂબેકમાં નવા ૭૦૭ સેમ્પલમાં કોરોના વાયરસ દેખા દીધા હતા. આ સાથે જ અહીં ૨૦ કોરોનાગ્રસ્ત લોકોના મોત થયા છે. નોવા સ્કોસિયામાં નવા ૩ નાગરિકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. જયારે ન્યૂ બ્રૂન્સવીકમાં નવા પાંચ દર્દી નોંધાયા હતા. સાસ્કેચવાનમાં નવા ૧૬૯ લોકો કોરોના વાયરસના સંકજામાં આવવા સાથે અહીં દિવસ દરમિયાન ૨ લોકોના મોત નિપજ્યા હતા. જો કે, સાસ્કેચવાનમાં ૧૬૮ દર્દીઓને રિકવરી આવતા હોસ્પિટલમાંથી રજા આપી દેવાય હતી. ગુરુવારે સાંજની સ્થિતિએ દેશમાં ૫૭૨ દર્દીઓની હાલત અત્યંત કટોકટ હોવાનું બહાર આવ્યું છે.

# વેકસીનના બે ફેઝ માટે ૪ માસનો સમયગાળો રાખવા માટે ભલામણ

**• કોરોનાની ત્રણેય વેકસીનને સરકારે મંજૂરી આપી દીધી**

ટોરોન્ટો : કેનેડાની નેશનલ એડવાઈઝરી કમિટી ઓન ઈમ્યુનાઈઝેશન (એનએસીઆઈ)એ હવે એવી ભલામણ કરી છે કે, કોવિડ-૧૯ના રસીકરણના બે ફેઝ વચ્ચેનો સમયગાળો વધુમાં વધુ ચાર માસનો રાખવો જોઈએ. કેનેડાએ કોવિડ માટેની ત્રણેય વેકસીનને મંજુરી આપી દીધી હોવાથી આવનારા ચાર માસમાં વધુમાં વધુ કેનેડીયનોને વેકસીન આપી શકાશે.

ફાઈઝર બાયોટેક વેકસીન માટે ત્રણ અઠવાડિયાનો અંતરાલ ચાર માસ સુધી રખાશે. જેથી વેકસીનનો પુરતો જથ્થો પણ એ સમયમાં ઉપલબ્ધ થઈ શકે. વેકસીનના પહેલા અને બીજા ડોઝ વચ્ચે ચાર માસનો સમયગાળો રખાશે, એમ કમિટીના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. આ નવી ભલામણ આવી એ પહેલા બે ડોઝ વચ્ચેનો અંતરાલ ચાર અઠવાડિયાનો રખાયો હતો. જે મોડેર્ના વેકસીન માટે હતો. ફાઈઝર બાયોટેક માટે એ ત્રણ અઠવાડિયાનો હતો. જયારે ઓકસફર્ડ એસ્ટ્રાઝેન્કા માટે આ સમયગાળો ૧૨ અઠવાડિયાનો હતો. જો કે, હજુ સુધી એવો કોઈ અભ્યાસ હાથ ધરાયો નથી કે, વેકસીનની અસરકારકતા વધારવા માટે બે ડોઝ વચ્ચે બે માસનો સમયગાળો રાખવો જરૂરી છે કે નહીં, એ નક્કી કરી શકાય. જો પહેલા ડોઝ બાદ ઈમ્યુનિટીમાં અચાનક વધારો જોવા મળે તો કોવિડની અસર તરત ઓછી થઈ શકે.

# કોવિડ-૧૯ના કેસો વધતાં સ્કારબોરો વિસ્તારની શાળા બંધ કરાવી દેવાઈ

**• ૬ કોરોના પોઝિટવ કેસમાં નવા વોરિએન્ટ હોવાની હેલ્થ વિભાગને આશંકા**

**• ઓનલાઈન કલાસ ચલાવવા બોર્ડે શાળા સંચાલકોને સુચના આપી**

સ્કારબોરો : ધી ટોરોન્ટો ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડે સ્કારબોરોની સ્કુલને કોવિડ-૧૯ના નવા કેસો વધવાથી બંધ કરાવી હતી. ૬૧ ડોરકોટ એવન્યુ ખાતેની ડોનવુડ પાર્ક પબ્લિક સ્કુલમાં કોવિડ-૧૯ના છ નવા કેસ નોંધાતા એમાં નવા વેરીયન્ટસની સંભાવના હોવાની ટોરોન્ટો પબ્લિક હેલ્થ વિભાગને આશંકા છે. તેથી બોર્ડે આ સ્કુલને મંગળવારથી કામચલાઉ ધોરણે બંધ કરાવી દીધી હતી. સોમવારે ટીડીએસબીએ વિદ્યાર્થીઓના વાલીઓને પત્ર લખીને જાણ કરી હતી કે, નવી સુચના નહીં મળે ત્યાં સુધી શાળા બંધ રહેશે અને વિદ્યાર્થીઓએ ઓનલાઈન અભ્યાસ કરવાનો રહેશે. હાલમાં એવી સંભાવના છે કે, આગામી ૧૪ દિવસ માટે શાળા બંધ રહેશે. ટોરોન્ટો પબ્લિક હેલ્થ વિભાગની તપાસ પૂર્ણ થયા બાદ જ શાળા ખુલી શકશે, એમ પ્રિન્સીપાલ એન્ડ્રીયા લેને પત્રમાં જણાવ્યું હતું.

નવા છ કેસ પૈકી પાંચ કેસ વિદ્યાર્થીઓના હોવાનું બોર્ડના પ્રવકતાએ જણાવ્યું હતું. ચાર કેસ વેરીયન્ટસ માટે પોઝિટિવ હોવાથી એની ચિંતા વધી છે.

ટીપીએચની એવી ભલામણ છે કે, શાળાના વિદ્યાર્થીઓ અને પરિવારના સભ્યો જે શાળા સાથે સંકળાયેલા હોય, એમનો કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવો જોઈએ. કિંડરગાર્ડનથી આઠમા ધોરણ સુધીની આ સ્કુલ લોરેન્સ એવેન્યુમાં છે. શાળાઓ સાવચેતીના પગલા લે છે એવી દલીલને નકારીને જયાં સુધી આરોગ્ય વિભાગની તપાસ પુર્ણ ન થાય ત્યાં સુધી શાળા બંધ રાખવા સોમવારની અખબારી યાદીમાં જણાવાયું હતું. જો કે, શાળા બંધ રહેશે તો પણ ઓનલાઈન અભ્યાસ ચાલુ રખાશે.

ટોરોન્ટો પબ્લિક હેલ્થ વિભાગ નવા વેરીયન્ટના પ્રસારને કાબુમાં લાવવાના પગલા લેશે અને પરિસ્થિતિ અનુકુળ થયા બાદ જોખમ ઘટશે, પછી જ ઓફલાઈન શિક્ષણની મંજુરી અપાશે.

# કોરોનાની અસર : કેનેડાના અર્થતંત્ર માટે ૨૦૨૦નું વર્ષ ઘણું વિકટ રહ્યું

ટોરોન્ટો : સ્ટેસ્ટીકસ કેનેડાના સત્તાવાર આંકડાઓ મુજબ કેનેડાના અર્થતંત્રમાં ગયા વર્ષે ૫.૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મંગળવારે ડેટા એજન્સીએ જણાવ્યું હતું કે, કેનેડાના જીડીપીમાં છેલ્લા ત્રણ માસમાં ૨.૩ ટકાનો સુધારો જોવા મળ્યો છે. પરંતુ વર્ષ ૨૦૨૦ના મધ્યથી જે મોટો ઘટાડો થયો હતો એની ભરપાઈ સહેલાઈથી થઈ શકે એમ નથી. કોવિડ-૧૯ના પહેલા તબક્કાના આરંભથી એટલે કે, માર્ચ એપ્રિલથી શટડાઉનનો આરંભ થવાને કારણે બધી વ્યાપારીક ગતિવિધિઓ અટકી પડી હતી. પરંતુ ઉનાળા બાદ ધીરે ધીરે ફરીથી શરૂઆત થઈ છે. જેમાં ધીમો પરંતુ સ્થિર સુધારો જોઈ શકાય છે. અમેરિકા સાથેની સરખામણીમાં અમેરીકન અર્થતંત્ર પણ ગયા વર્ષે ૩.૫ ટકાના ઘટાડાનો સામનો કરી ચુકયું છે. જયારે કેનેડાના અર્થતંત્રનો વિકાસ વાર્ષિક ૯.૬ ટકાના હિસાબે ગયા વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં થયો હતો. જે વાર્ષિક વિકાસદરના ૪૦.૬ ટકાના અંદાજથી વધુ હતો. ફાયનાન્શીયલ ડેટા કંપની રીફીનીટીવના અંદાજ મુજબ અર્થશાસ્ત્રીઓની અપેક્ષા ૭.૫ ટકાના વિકાસની હતી. ડિસેમ્બરમાં જ જીડીપીમાં ૦.૧ ટકાનો સુધારો જોવા મળ્યો, જે નવેમ્બરના ૦.૮ ટકાના આંકથી ઓછો રહ્યો હતો. કોવિડ શરૂ થયો એ પહેલા ફેબ્રુઆરીમાં હતો, એના કરતા ત્રણ ટકા ઓછો વિકાસદર અત્યારે છે એમ સ્ટેટેસ્ટીક કેનેડાએ જણાવ્યું હતું.







# પંચાયતો અને પાલિકામાં ભાજપનો જયજયકાર, કોંગ્રેસ નામશેષને આરે

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીમા ભાજપનો જયજયકાર થઈ ગયો છે. ગત મંગળવારે રાજ્યનાં છ મોટાં શહેરોમાં ભાજપે કોંગ્રેસને પછાડ્યા બાદ ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસને થોડા સારા દેખાવની આશા હતી. પરંતુ કોંગ્રેસની આ આશા ફરી ઠગારી નિવડી છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગરના પરિણામોની જેમજ ગામડાઓમાં પણ ભાજપનો ભવ્ય વિજય થયો. જિલ્લા-તાલુકા પંચાયતો તથા નગરપાલિકાઓમાં પણ કોંગ્રેસનું એવુ ધોવાણ થયું કે જેની તેણે કલ્પના પણ કરી ન હતી. મંગળવારે રાજ્યની ૩૧ જિલ્લા પંચાયતો, ૮૧ નગરપાલિકાઓ અને ૨૩૧ તાલુકા પંચાયતોનાં પરિણામ આવ્યાં તેમાં કોંગ્રેસને સમ ખાવા પૂરતી એક પણ જિલ્લા પંચાયતમાં સત્તા નથી મળી. તાલુકા પંચાયતોમાં પણ ખાસ કંઈ મળ્યું નથી.

નગરપાલિકાઓમાં પાંચ-સાત એવી રડીખડી નગરપાલિકાઓ છે કે જ્યાં કોંગ્રેસ જીતી છે. રાજ્યમાં ૮૧ નગરપાલિકાની ચૂંટણી હતી અને તેમાંથી કોંગ્રેસ માત્ર આઠ નગરપાલિકામાં સત્તા મેળવી શકી છે. આટલી નગરપાલિકા તો અપક્ષો પણ જીતી જતા હોય છે એ જોતાં આ પરિણામમાં કોંગ્રેસ નામશેષ થઈ ગઈ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. કોંગ્રેસ માટે આ હાર કારમી એટલા માટે છે કે, ગત ટર્મમાં મોટાભાગની જિલ્લા અને તાલુકા પંચાયતો કોંગ્રેસે જીતી હતી. નગરપાલિકાઓ અર્ધ શહેરી વિસ્તાર છે અને આ વિસ્તારોમાં ભાજપનો દબદબો છે તેથી મોટાભાગની નગરપાલિકાઓ ભાજપ પાસે જ હતી. પરંતુ જિલ્લા-તાલુકા પંચાયતો કોંગ્રેસના કબજામાં હતી. છેલ્લે ૨૦૧૫માં જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણી થઈ ત્યારે ૩૧ જિલ્લા પંચાયતમાંથી ૨૩ અને ૨૩૦ તાલુકા પંચાયતમાંથી ૧૬૯ કોંગ્રેસે જીતી હતી. એ વખતે એવું લાગતું હતું કે, આ જીતના કારણે ગુજરાતમાં કોંગ્રેસ ફરી બેઠી થઈ જશે. કોંગ્રેસે એ પછી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પણ જોરદાર દેખાવ કરીને ૭૭ બેઠકો જીતી હતી. પણ માત્ર ત્રણ જ વર્ષમાં ચિત્ર બદલાઈ ગયું છે. કોંગ્રેસ મોંભેર પછડાઈ છે અને સાવ પતી ગઈ છે. એક પણ જિલ્લા પંચાયત એ ના જીતી શકે તેનાથી વધારે શરમજનક બીજું શું હોઈ શકે. ગુજરાતમાં ૧૯૮૫ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૧૮૨માંથી ૧૪૯ બેઠકો જીતીને ઈતિહાસ રચ્યો એ પછી કોંગ્રેસ બે વાર હરખાઈ જવાય એવો દેખાવ કરી શકી છે.

ગુજરાતમાં ૨૦૧૫ની ચૂંટણી વખતે આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતાં. પાટીદાર અનામત આંદોલનના કારણે પટેલો ભારે નારાજ હતા. પટેલોએ અનામતની માગણી સાથે આંદોલન કર્યુ તેને કચડી નાંખવા માટે આનંદીબેન પટેલ સરકારે સખ્તાઈ બતાવી તેમાં પટેલો ભડકી ગયેલા. આનંદીબેન પટેલની સરકારે હાર્દિક પટેલ સહિતના પટેલ અનામત આંદોલનના નેતાઓ સામે રાજદ્રોહનો કેસ ઠોકીને જેલમાં ધકેલી દીધા તેનો બદલો લેવા પાટીદારોએ ભાજપ વિરુદ્ધ કચકચાવીને મતદાન કરેલું. તેમાં કોંગ્રેસનો જયજયકાર થઈ ગયેલો પણ પાંચ વર્ષ પછી સ્થિતી બદલાઈ ગઈ છે. હવે પાટીદારો કોંગ્રેસ સાથે નથી અને ભાજપ સાથે છે. તેથી કોંગ્રેસ સાવ પતી ગઈ છે. ભાજપ માટે આ જીત બહુ મોટી છે પણ નવી નથી. ગુજરાતમાં ભાજપે અઢી દાયકાથી વર્ચસ્વ જમાવેલું છે. ૨૦૦૦ અને ૨૦૧૫ તેમાં અપવાદરૂપ છે અને એ સિવાયની બાકીની તમામ ચૂંટણીમાં ભાજપ જીત્યો છે ને તેમાંથી બે તો લોકસભાની ચૂંટણી છે કે જેમાં ભાજપે કોંગ્રેસને સાવ સાફ કરીને તમામ ૨૬ બેઠકો જીતી છે. આજે પણ મોંઘવારી, બેરોજગારી સહિતની સમસ્યાઓ છે. પેટ્રોલ-ડીઝલના વધેલા ભાવ સામે લોકોમાં ભારે આક્રોશ છે પણ તકલીફ એ છે કે, આ આક્રોશનો લાભ લેવામાં કોંગ્રેસની નેતાગીરીમાં કોઈ આવડત નથી. લોકો ભાજપથી પણ જોઈએ તેવા ખુશ નથી. પરંતુ કોંગ્રેસ હજી તેનો વિકલ્પ બની શકી નથી. કોંગ્રેસમાં અંદરોઅંદર ટાંટિયાખેંચ અને સગાવાદ એ મોટી સમસ્યા છે. ૨૦૨૧ના સ્થાનિક સંસ્થાનોના પરિણામો પછી તો હવે ગુજરાતમાં કોંગ્રેસને બેઠા થતાં કદાચ વર્ષો નીકળી જાય તો નવાઈ નહીં. આજે કોંગ્રેસ પાસે નેતાગીરી નથી, સંગઠન નથી, જનાક્રોશનો લાભ લેવાની તાકાત નથી, મતદારોને આકર્ષવાની ક્ષમતા નથી. એ જોતાં કોંગ્રેસ સત્તામાં તો આવે એવી શક્યતા જ નથી. પણ વિપક્ષ તરીકે પણ ચાલે એમ નથી એવું લોકો માને છે. ગુજરાતની ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં ભાજપને પોતાની તાકાત અજમાવવાની છેલ્લી તક આ ચૂંટણી હતી. આ ચૂંટણીમાં ભાજપનો ડંકો વાગી જતાં હવે ભાજપ માટે ૨૦૨૨ની ચૂંટણી જીતવી સરળ થઈ ગયું છે. લોકશાહીમાં મજબૂત વિપક્ષ જરૂરી છે એ જોતાં ગુજરાતમાં ભાજપની સર્વોપરિતા સ્થપાય એ સારું ના કહેવાય, પણ અત્યારે આ વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતા ક્યારે બદલાશે એ ખબર નથી પણ આ વાસ્તવિકતાએ ગુજરાતમાં અન્ય પક્ષો માટે એક તક ઊભી કરી છે તેમાં શંકા નથી.

ખાસ કરીને આમઆદમી પાર્ટી માટે એક સારી તક આ સમીકરણોએ ઊભી કરી દીધી છે. આમઆદમી પાર્ટીએ જિલ્લા-તાલુકા પંચાયતોમાં એટલો સારો દેખાવ નથી કર્યો. તેનું કારણ એ કે, ઉમેદવારીપત્રો ભરાતાં હતાં ત્યારે આમઆદમી પાર્ટીને કોઈ ગંભીરતાથી લેતું નહોતું.

તેથી તેમાં જોડાવા કોઈ તૈયાર નહોતું. આપ પાસે કાર્યકરો પણ નહોતા. તેથી તેણે જે મળ્યા એવા ઉમેદવારોને ઊભા કરી દીધા. ટૂંકમાં આપના ઉમેદવારો એવા મજબૂત નહોતા અને મતદારોને પણ તેનામાં ભરોસો નહોતો. જો કે, સુરતના પરિણામ બાદ આમ આદમી પાર્ટીને મતદારો ગંભીરતાથી લેવા માંડ્યા છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આમઆદમી પાર્ટીએ કોંગ્રેસને સાવ સાફ કરીને ૧૨૦માંથી ૨૭ બેઠકો જીતી પછી લોકોને લાગે છે કે, આપ કોંગ્રેસને વિકલ્પ બની શકે છે. આમ આદમી પાર્ટીના જિલ્લા પંચાયતોમાં બે ઉમેદવારો, તાલુકા પંચાયતમાં ૨૧ ઉમેદવારો અને નગર પાલિકામાં ૯ ઉમેદવારો જીત્યા છે. ગુજરાતના રાજકારણના પ્રથમ પગથિયે અને તેમા પણ મજબૂત ભાજપ સામે આ દેખાવ સારો કહી શકાય.

કારણ કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી પાસે પૈસા, સંગઠન કે મોટા કોઈ નેતા નથી. તે જોતા તેનો પ્રથમ પ્રયાસ સફળ રહ્યો તે વાતને નકારી શકાય તેમ નથી. વળી, આમ આદમી પાર્ટીની કાર્યશૈલી મધ્ય વર્ગને પ્રભાવિત કરી દે તેવી છે. તેથી ભાજપ આગામી દિવસોમાં આ બાબતને ગંભીરતાથી નહીં લેશે તો આપનું વર્ચસ્વ ગુજરાતમાં વધી જાય તેવી શકયતા છે. જો કે, બીજી બાજુ એ બાબત પણ સ્પષ્ટ છે કે, રાષ્ટ્રીય સ્તરે પમ કોંગ્રેસમાં એવા નેતાઓનો દુષ્કાળ પડયો છે. કોંગ્રેસ સંપૂર્ણ રીતે ગાંધી પરિવારની આશ્રિત બની ગઈ છે. તેથી છેલ્લી કેટલીક ચૂંટણીોમાં ઘણાં વરિષ્ઠ નેતાઓએ પોતાના ક્ષેત્રથી પણ અંતર જાળવ્યું છે. પણ આંતરિક વિખવાદના કારણે કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો. રાજસ્થાન અને એમપીની છેલ્લાં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના વિજય પાછળ જયોતિરાદિત્ય સીંધીયા તથા સચીન પાયલટ જેવા યુવા નેતાઓનો સિંહફાળો હતો. તેમ છતાં ચૂંટણી જીત્યા પછી ગેહલોત અને કમલનાથને મુખ્યમંત્રી બનાવાયા હતા. જે બાદ આ બંને પીઢ નેતા યુવાનેતાઓને અન્યાય કરતા રહ્યા અને પાર્ટી મુકપ્રેક્ષક બનીને જોતી રહી. તેમાં એમપી ગુમાવવું પડ્યું છે. રાજસ્થાનમાં સચીન પાયલટ પણ ગેહલોતથી ખુશ નથી. પરંતુ તેમ છતાં તેઓ હજી કોંગ્રેસમાં છે એટલે સરકાર બચી રહી છે. ખરું જોતા તો કોંગ્રેસ કદાચ તેના સૌથી કપરા કાળમાંથી પસાર થઈ રહી છે. જેના સંગઠનમાં ધરખમ ફેરફારની આવશ્યકતા છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo.ca







# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package

$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# અવકાશમાં વાવાઝોડું : ઉત્તર-ધ્રુવ વિસ્તારમાં વૈજ્ઞાનિકોને સ્પેસ હેરિકેન દેખાતા આશ્ચર્ય

- હજાર કિલોમીટરના ઘેરાવામાં ફેલાયેલું વાવાઝોડું ઉત્તર ધ્રુવ પર ઘડિયાળના કાંટાની વિરૂદ્ધ દિશામાં ફરે છે



વોશિંગ્ટન : ધરતી પર સમુદ્રમાંથી ઉઠતા વાવાઝોડા-હેરિકેનની આપણને નવાઈ નથી. પરંતુ અવકાશમાં આવા વાવાઝોડાંનો પ્રથમ પુરાવો વિજ્ઞાનીઓના હાથમાં આવ્યો છે. ઉત્તર ધ્રુવના આકાશમાં વિજ્ઞાનીઓને સ્પેસ હેરિકેન જોવા મળ્યું છે. આ હેરિકેન પ્લાઝમાનું બનેલું છે. ધરતી પરનું વાવાઝોડું પાણી વરસાવે, તો આ વાવાઝોડું ઈલેક્ટ્રોનનો વરસાદ વરસાવે છે. નેચરમાં પ્રગટ થયેલા અભ્યાસપત્રમાં વિજ્ઞાનીઓએ કહ્યુ હતુ કે મંગળ, શની, ગુરૂ વગેરે ગ્રહ પર આવા વાવાઝોડા મળ્યાં છે. ધરતી પરનો આ પ્રથમ પ્રસંગ છે. આ વાવાઝોડું પ્રથમવાર ચીની સંશોધકોના ધ્યાને આવ્યુ હતુ. એ પછી વિશ્વના વિજ્ઞાનીઓએ અભ્યાસ કરીને થ્રીડી ઈમેજ તૈયાર કરી હતી. હજાર કિલોમીટરમાં ફેલાયેલું આ વાવાઝોડું ઘડિયાળના કાંટાની વિરૂદ્ધ દિશામાં ફરે છે. અવકાશમાં રહેલા ઉપગ્રહોને આ વાવાઝોડું અસર કરે છે અને અવકાશના વાતાવરણ તથા અન્ય પરિબળો પણ તેનાથી અસરગ્રસ્ત થાય છે. સ્પેસ હેરિકેન હોવા અંગે વિજ્ઞાનીઓ ૧૯૫૦થી ચર્ચા કરતા હતા. તેના નક્કર પુરાવાઓ હવે ટેકનોલોજી વિકસતા મળવા લાગ્યા છે.

# અમેરિકામાં H-1B વિઝાધારકોની ભરતી રોકવા માટે ખરડો રજૂ થયો

વોશિંગ્ટન : અમેરિકાનાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝમાં ત્રણ રિપબ્લિકન સાંસદોએ અમેરિકાની કંપનીઓનાં માલિકો પર એચ-વનબી વિઝા ધરાવતા વિદેશી કર્મચારીઓની ભરતી રોકતો ખરડો રજૂ કર્યો હતો. જે અમેરિકન માલિકો તેમનાં અમેરિકન કર્મચારીઓને છૂટા કરીને એચ-વનબી વિઝાધારકોને જોબ પર રાખવા માગતા હોય કે અમેરિકન કર્મચારીઓ કરતા વધુ પગાર આપવા માગતા હોય તેવા માલિકો પર રોક લગાવવાની ખરડામાં જોગવાઈ કરવામાં આવી છે. ત્રણ રિપબ્લિકન્સ સાંસદો મો બ્રૂક્સ, મેટ્ટ ગાએટ્ઝ તેમજ લાન્સ ગૂડન દ્વારા ખરડામાં અમેરિકન જોબ્સ ફર્સ્ટ એક્ટ તરીકે ઓળખાતા આ ખરડામાં એચ-વનબી વિઝાનાં કાર્યક્રમમાં ધરખમ ફેરફારો કરવાની માગણી કરાઈ છે. આ માટે ઈમિગ્રેશન અને નેશનાલિટી એક્ટમાં જરૂરી સુધારા કરવા માગણી કરાઈ છે.

ભારતનાં આઈટી પ્રોફેશનલ્સ દ્વારા નોન ઈમિગ્રેશન એચ-વનબી વિઝા મેળવવા અરજીઓ કરાય છે. થીયરીકલ અને ટેકનિકલ નિષ્ણાત જ્ઞાન ધરાવતા કુશળ કર્મચારીઓને અમેરિકાની કંપનીઓ દ્વારા નોકરી પર રાખવામાં આવે છે. યુએસ કંપનીઓ ભારત અને ચીનમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓને નોકરીઓ આપે છે.

# જમીન પર પહોંચતાં જ એલન મસ્કનું સ્પેસ એક્સ યાન વિસ્ફોટ સાથે ખાક

વોશિંગ્ટન : મંગળ ગ્રહ પર શહેર વસાવવાનું સપનું જોઇ રહેલા અબજોપતિ એલન મસ્કનાં સપનાને બુધવારે એક ઊંચી ઉડાન મળી હતી. મસ્કની કંપની સ્પેસ એક્સના સ્ટારશિપ-એસએન૧૦એ પહેલી જ વાર હવામાં ૬ માઈલ ઉડાન ભરીને સફળતાપૂર્વક ધરતી પર વાપસી પણ કરી હતી. પરંતુ ધરતી પર ઉતરાણ કર્યાના ૧૦ મિનિટ પછી તેમાં જોરદાર વિસ્ફોટ થયો હતો અને લોન્ચપેડ પર જ યાન બળીને ખાક થઈ ગયું હતું. સ્પેસ એક્સની ટીમે ઉડાનની સફળતાની જાહેરાત કરી અને બીજી તરફ રોકેટ વિસ્ફોટ સાથે ખાક થઈ ગયું. સ્પેસ એક્સ કંપનીનું રોકેટ સ્ટારશિપ-એસએન ૧૦એ સફળ ઉડાન ભરી હતી. ધરતીથી છ માઈલની ઊંચાઈએ જઈને સફળતાપૂર્વક બેઝ ખાતે ઉતરાણ કર્યું હતું. પરંતુ ૧૦ મિનિટ પછી જ કંપનીએ ભૂતકાળમાં તૈયાર કરેલા પ્રોટોટાઈપ એસએન-૮ અને એસએન-૯ની જેમ જ રોકેટ વિસ્ફોટ સાથે આગમાં હોમાઈ ગયું. સ્પેસએક્સના સીઈઓ એલન મસ્કે રોકેટ સફળતાપૂર્વક ધરતી પર પહોંચતાં જ તે ઘટનાની પ્રશંસા કરી હતી. આ રોકેટે ટેક્સાસ ખાતેના સ્પેસએક્સના બોકા ચિકા બેઝથી ઉડાન ભરી હતી. અગાઉ એસએન-૮ અને એસએન-૯ જે રસ્તે આગળ વધ્યા હતા તે જ રસ્તે તે આગળ વધ્યું હતું. અગાઉ એસએન-૮ અને એસએન-૯ ઉતરાણ કરતી વખતે વિસ્ફોટ સાથે નષ્ટ થઈ ગયા હતા. એસએન-૧૦ રોકેટમાં ત્રણ રોકેટ એન્જિન લાગેલાં હતાં. અંતરિક્ષ તરફ આગળ વધતી વખતે તેમાંથી બે એન્જિન એક-એક કરીને અલગ થઈ ગયાં હતાં. માત્ર ચાર જ મિનિટમાં એસએન ૧૦ રોકેટ આકાશમાં ૬ માઈલની ઊંચાઈ સુધી પહોંચી ચૂક્યું હતું.






# સોમનાથ મંદિરને ૯૨ કરોડ અપાયા તો મોઢેરા સૂર્યમંદિરને ફદિયું પણ નહીં



ગાંધીનગર : સોમનાથ મંદિર પરિસર માટે કેન્દ્ર સરકારે પ્રસાદ સ્કીમ અન્વયે બે વર્ષમાં ૯૨.૪૭ કરોડ મંજૂર કર્યા છે, જે અંતર્ગત રેસ્ટોરન્ટ, સીસીટીવી સહિતની વિવિધ સુવિધા ઊભી કરવામાં આવી છે, બે વર્ષમાં કુલ ૬૫ કરોડનો ખર્ચ થયો છે. બીજી તરફ મહેસાણાના મોઢેરા સૂર્ય મંદિરના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં સરકારે કોઈ જ ગ્રાન્ટ આપી નથી. કોંગ્રેસના બેચરાજીના ધારાસભ્યે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ બે વર્ષમાં મોઢેરા સૂર્ય મંદિરના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવી તેવો સવાલ કર્યો હતો, જેના જવાબમાં પ્રવાસન મંત્રીએ જણાવ્યું હતું કે, મંદિરના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ફાળવી નથી એટલે કેટલી રકમનો ખર્ચ ક્યા વિકાસ કામ માટે થયો તેવો પ્રશ્ન ઊભો થતો નથી, બીજી તરફ અન્ય એક સવાલ સોમનાથ મંદિર માટે પૂછાયો હતો, જેમાં ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ બે વર્ષમાં ૯૨.૪૭ કરોડ ભારત સરકાર દ્વારા પ્રસાદ સ્કીમ માટે મંજૂર કરાયા હોવાનું કહેવાયું છે, સોમનાથ મંદિર ખાતે પાર્કિંગ, દુકાનો, ટોઈલેટ બ્લોક, કિચન ઓડિટોરિયમ, મ્યુઝિયમ, સત્સંગ હોલ, લાઈબ્રેરી, રેસ્ટોરન્ટ, પ્રવેશ દ્વાર, કંપાઉન્ડ હોલ, ઈલેક્ટ્રિક વર્ક, સીસીટીવી, સાઈનેજિસ, પીવાના પાણીની સુવિધા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સુવિધા વિકાસવવામાં આવી છે.

# જૂનાગઢમાં યોજાતા ભવનાથ મેળાને કોરોનાનું ગ્રહણ

જૂનાગઢ : રાજ્યમાં કોરોના વાયરસનો પ્રકોપ ધીમેધીમે વધી રહ્યો છે. ત્યારે ફરી એકવાર રાજ્યમાં કોરોના વાયરસ વધુ વકરે નહીં તેના માટે આગમચેતી પગલાં ભરવામાં આવી રહ્યા છે. મહાશિવરાત્રિના પર્વને લઈને રાજ્યમાં અનેક જગ્યાએ પુજાવિધીના કાર્યક્રમો યોજાતા હોય છે, ત્યારે હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. જૂનાગઢના ભવનાથની તળેટીમાં યોજાતા મેળા પર કોરોનાનું ગ્રહણ લાગી ગયું છે. આ વર્ષે પણ જૂનાગઢના ભવનાથમાં યોજાતો મેળો કેન્સલ કરવામાં આવ્યો છે. જૂનાગઢના ભવનાથમાં યોજાતો મેળાનું ખાસ મહત્વ હોય છે. મહાશિવરાત્રિએ ભક્તો આ મેળામાં આવતા હોય છે અને ભજન, કિર્તન અને ભક્તિમાં ખોવાઈ જઈને ભાથું બાંધતા હોય છે. પરંતુ આ વર્ષે કોરોનાને લઈને જિલ્લા કલેક્ટરે મેળો નહીં યોજવાનો નિર્ણય લીધો છે. આજે મેળાને લઈને જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘીનાની અધ્યક્ષતામાં મેયર, ગીરનાર મંડળના મહારાજ સહિત સાધુ સંતોની ઉપસ્થિતિમાં એક બેઠક યોજાઈ હતી.

# કેશુભાઈની જ સરકાર મેં ઉથલાવી, એ પાપની સજા મને મળી : રાઘવજી

ગાંધીનગર : ગુજરાતના સ્વર્ગસ્થ પૂર્વ મુખ્યમંત્રીઓ માધવસિંહ સોલંકી તથા કેશુભાઈ પટેલને સોમવારે સાંજે વિધાનસભાના બજેટસત્રના આરંભે ગૃહે અંજલિ અર્પી હતી અને તેમના માનાર્થે બે મિનિટ મૌન પાળ્યું હતું. ગૃહના વડા મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા લવાયેલા શોકદર્શક ઉલ્લેખને વિપક્ષે ટેકો આપી પસાર કર્યો હતો. કેશુભાઈને લોકનેતા તથા ગ્રામીણ વિકાસના પ્રણેતા ગણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, કિસાનપુત્ર તરીકે ખેડૂતોના હિતો પ્રત્યે હંમેશાં સંવેદના દર્શાવતા એમણે ગોકુલગ્રામ યોજના આપી ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપ્યું હતું. જામનગર(ગ્રામ્ય)ના ધારાસભ્ય રાઘવજી વિધાનસભા ગૃહમાં દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું કે, કેશુભાઈ મને ટીકીટ અપાવી હતી અને એમની જ સરકાર મેં ઉથલાવી હતી. જેનું મને આજે પણ ખુબ જ રંજ છે કે હું એ વખતે એમની સરકાર પાડવામાં હતો. એના કારણે જ કદાચ પછી મને ડાયાબિટીસ અને બી.પી રોગ થયા હતા. મેં એ સમયે જે ભૂલ કરી હતી.

# વાહન પાર્ક કરવા મામલે વિઠ્ઠલવાડીમાં ૨ પરિવાર વચ્ચે સશસ્ત્ર અથડામણ થઈ

ભાવનગર : ભાવનગર શહેરની નવી વિઠ્ઠલવાડી ત્રણ માળિયામાં રહેતા રવિભાઈ ભુપતભાઈ વડોદરિયાએ નિલમબાગ પો.સ્ટે.માં આજ વિસ્તારના પરબત ટાંક, દિલીપ ટાંક, મયુર ટાંક સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલે ઉક્ત ત્રણેય શખસોએ તેના ઘરે આવી તારૂ બાઈક પાર્કીંગ કરે છે તે લઈ લો તેમ કહી ઉશ્કેરાઈ લાકડાનો ધોકો અને પટ્ટાવડે આડેધડ તેઓને માર મારી પરબતે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સામા પક્ષે નવી વિઠ્ઠલવાડી ત્રણ માળિયા વિસ્તારમાં રહેતા મયુરભાઈ પરબતભાઈ ટાંકે નિલમબાગ પો.સ્ટે.માં અનીલ વડોદરિયા, રવિ વડોદરિયા, ધર્મેન્દ્ર વડોદરિયા, હાર્દિક વડોદરિયા, ભુપત વડોદરિયા, મગન વડોદરિયા સામે ફરિયાદ નોંધાવી હતી કે, અનિલ અને રવિએ ઘર પાસે આવી તમારૂ વાહન પાર્કીંગમાંથી લઈ લો તેમ કહી પાઈપ અને પટ્ટા વડે માર મારેલ ત્યારબાદ અન્યએ આવી ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ગુજરાતમાં કોવિડ ૧૯ના નવા ૪૮૦ કેસ, નાના શહેરોમાં પણ સંક્રમણ વધ્યું

ગાંધીનગર : ગુજરાતમાં ૮ મહાનગરો જ નહિ હવે નાના શહેરોમાં પણ કોરોના વાઈરસ વકર્યો છે. ચૂંટણી પૂર્ણ થયાના ચોથા દિવસે કચ્છ, આણંદ જિલ્લામાંથી પણ ડબલ ડિઝટમાં નવા કેસો મળ્યાનું જાહેર કરતા આરોગ્ય વિભાગે ગુરૂવારે સાંજે છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના નવા કુલ ૪૮૦ કેસ નોંધાયાનું જાહેર કર્યુ હતુ. જેમાં અમદાવાદમાં ૯૮, સુરતમાં ૧૦૫, વડોદરામાં ૯૩, રાજકોટમાં ૪૫ કેસોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કોરોના વાઈરસનો પ્રથમ કેસ નોંધાયા પછીના ૩૫૩માં દિવસમાં સત્તાવારપણે કુલ ૨,૭૧,૭૨૫ નાગરીકો ચેપગ્રસ્ત થઈ ચૂક્યા છે. જેમાં ૪,૪૧૨ના મૃત્યુ થયા છે. છેલ્લી સ્થિતિ મુજબ સારવાર હેઠળના ૨૭૪૯ દર્દીઓ પૈકી ૪૦ને વેન્ટિલેટર છે. બીજી તરફ ગુરૂવારે વધુ ૧,૩૧,૯૬૯ સહિત કુલ ૧૧,૦૯,૫૧૫ નાગરીકોએ કોરોનાની રસી લીધી હતી

શહેરમાં બે દિવસ બાદ કોરોનાના કેસમાં આંશિક ઘટાડો નોંધાયો છે. આજે બે દિવસ બાદ કોરોનાના નોંધાતા દૈનિક કેસ ઘટીને ૧૦૦થી નીચે આવી ગયા છે. રાજ્ય સરકારના આરોગ્ય ખાતા દ્વારા આજે ગુરુવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, શહેરમાં ૯૮ નવા કેસ નોંધાયા છે. આજે એકપણ દર્દીનું મોત નિપજ્યું નથી. અમદાવાદમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૫૯,૮૨૨ થઈ ગઈ છે. સુરતની શાળાઓમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ૩ શાળાઓમાં ૭ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવ્યા છે.




# વડોદરામાં નવવધૂ વિદાય વેળાએ ઢળી પડી, હોસ્પિટલમાં મોત થયું

વડોદરા : રાજ્યના વડોદરા શહેરમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે કે જેમાં વડોદરાના ગોત્રી વિસ્તારમાં વિદાય વેળાએ કન્યાનું મોત નીપજતા હરખનો પ્રસંગ શોકમાં ફેરવાયો છે. વિદાય વખતે કન્યાને ચક્કર આવતા તે ઢળી પડી હતી. પછી તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પરંતુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કન્યાનું મોત નિપજ્યું હતું.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા મહિલાના લગ્ન ૪૪ વર્ષની ઉંમરે નક્કી થયા હતા. તારીખ ૧ માર્ચે આ મહિલાના લગ્ન થયા હતા અને ૩ દિવસ પછી આજે આ મહિલાની વિદાયવેળા હતી. ઘરમાં વિદાયવેળાએ આ કન્યાને ચક્કર આતા પરિવારજનોએ ૧૦૮ એમ્બુલન્સ બોલાવી હતી. કન્યાને સારવારઅર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી કે જ્યાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે આ કન્યાનો કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે તે કોરોના પોઝિટિવ હતી. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આ ઘટના બની છે કે જ્યાં લગ્ન બાદ આજે સવારે કન્યાની વિદાય રાખવામાં આવી હતી. આ દરમિયાન કન્યાને અચાનક ચક્કર આવ્યા હતા અને તે ઢળી પડી હતી. બાદમાં કન્યાને સારવાર માટે તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. અહીં નોંધનીય છે કે વિદાય પ્રસંગે કન્યાએ દુનિયામાંથી 'વિદાય' લઈ લેતાં વર અને કન્યા એમ બંને પક્ષના લોકોને આઘાત લાગ્યો હતો. બીજી તરફ કન્યાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પણ દોડધામ મચી ગઈ હતી.

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાત બજેટ : બુલેટ ટ્રેન માટે ૧૫૦૦ કરોડની ફાળવણી

અમદાવાદ : નાણામંત્રી નીતિન પટેલ દ્વારા વિધાનસભામાં ગુજરાતનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. કોરોના સંક્રમણ અને લૉકડાઉનને કારણે સરકારની આવકમાં માતબર ઘટાડો થવાને કારણે રાજ્યના બજેટના કદમાં સામાન્ય વધારો થવાની શક્યતા છે. બજેટ જાહેર કરતાં પહેલાં નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, હવે આપણી કોરોનાની મહાબિમારીથી બહાર આવી રહ્યા છીએ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જનતાએ મને સહયોગ આપ્યો છે. પીએમ મોદીએ રસી લઈને દેશવાલીઓને પ્રેરણા આપી છે. નીતિન પટેલે જણાવ્યું કે, મને વિશ્વાસ છે કે આ બજેટમાં જે રકમ હું જાહેર કરીશ એ રકમથી ગુજરાતના દરેક ક્ષેત્રના વિકાસ માટે પ્રજાને ખૂબ મોટો લાભ થશે. ગઈકાલે નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં જનતાએ જે અમારા પક્ષને જબરદસ્ત સમર્થન આપ્યું છે, ત્યારે હવે અમારી જવાબદારી છે કે પ્રજા માટે વધુ સારી રીતે કામ કરી વધુમાં વધુ લાભ મળે એનું ધ્યાન રાખીશું. નોંધનીય છે કે ગત વર્ષે ૨.૧૭ લાખ કરોડનું બજેટ રજૂ થયું હતું, જ્યારે આ વખતે ૨.૨૫ લાખ કરોડનું બજેટનું કદ રહે એવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. જીએસટીના વળતર માટે પણ રાજ્ય સરકારને લોન લેવી છે, એવા સંજોગોમાં જાહેર દેવામાં વધારો થશે. આ બજેટમાં મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન માટે ૧૫૦૦ કરોડની ફાળવણી કરી છે.



## બજેટમાં કઈ કઈ જોગવાઈઓ કરાઈ

★ સ્ટેચ્યુ ઓફ યુનિટિ માટે રૂ. ૬૫૨ કરોડની જોગવાઈ ★ નાણામંત્રી નીતિન પટેલે રૂ.૨,૨૭,૦૨૯ કરોડનું બજેટ રજૂ કર્યું ★ આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ.૧૧ હજાર ૩૨૩ કરોડની જોગવાઈ ★ આદિજાતી વિકાસ માટે રૂ.૧૩૪૯ કરોડની જોગવાઈ ★ મહિલા અને બાળક વિકાસ માટે રૂ. ૩૫૧૧ કરોડનું જોગવાઈ ★ ગુજરાત કોરોનાની મહાબિમારીથી બહાર આવી રહ્યું છે ★ શિક્ષણ માટે ૩૨ હજાર કરોડની જોગવાઈ

## ૬૭ દિવસનું લોકડાઉન છતાં ગત વર્ષ કરતાં વધારે દારૂ ઝડપાયો

રાજ્યમાં દારૂનું દૂષણ કેટલી હદ સુધી ફેલાયેલું છે તેનો અંદાજ સરકારનાં આંકડા ઉપરથી જાણી શકાય છે. વિધાનસભા ગૃહમાં દારૂબંધી અંગે પૂછાયેલાં પ્રશ્નના જવાબમાં રૂપાણી સરકારે ગૃહમાં ચોંકાવનારા આંકડા રજૂ કર્યા હતા. તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાતમાં બે વર્ષમાં અધધધ ૧૯૮.૩૦ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો છે. તો હવે વિચારો જે ઝડપાયો નથી તેવાં દારૂનો આંકડો કેટલો મોટો હશે. દારૂબંધી અંગે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નમાં સરકારે જવાબ આપતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં બે વર્ષમાં ૧૯૮.૩૦ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો છે. ૬૭ દવસના લોકડાઉનમાં ૨૦૧૯ કરતાં ૨૦૨૦માં વધુ દારૂ ઝડપાયો છે. રાજ્યમાં કોરોનાનાં કારણે ૬૭ દિવસ સુધી લોકડાઉન રહ્યું હતું.

## સોલામાં બર્ડ ફ્લુની એન્ટ્રી, ૧૦ કિ.મીના વિસ્તારો માટે કલેક્ટેર દ્વારા નિયમો જાહેર

અમદાવાદમાં કોરોના વાયરસના કહેર વચ્ચે શહેરમાં બર્ડ ફ્લૂની એન્ટ્રી થઈ ગઈ છે. અમદાવાદ જિલ્લામાં બર્ડ ફ્લૂની એન્ટ્રીથી તંત્ર હરકતમાં આવી ગયું છે. આજે અમદાવાદના સોલા વિસ્તારમાં એક સેમ્પલ પોઝિટિવ મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તંત્રએ તકેદારીના ભાગરૂપે તાત્કાલિક કલેક્ટરે જાહેરનામું બહાર પાડી દીધું છે. હાલ ચેપગ્રસ્ત વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ૧થી ૧૦ કિલોમીટરના વિસ્તાર માટે અલગથી નિયમો બનાવી દેવામાં આવ્યા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે અમદાવાદ જિલ્લામાં સોલા વિસ્તારમાં આજે બર્ડફ્લૂની એન્ટ્રી થઈ ગઈ છે. સોલામા એક મરઘા પક્ષીનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેનો રિપોર્ટ હાલ આવી ગયો છે અને રિપોર્ટ પોઝિટિવ આવતા વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## ગુજરાતમાં એક જ વર્ષમાં ૧૫૪૩૨ નવજાત બાળકોના મોત નીપજ્યા

ગાંધીનગર : બુધવારે ગુજરાત વિધાનસભા ગૃહમાં ઈતિહાસનું સૌથી મોટું બજેટ રજૂ થયા બાદ સરકારની કબૂલાતમાં બાળ મૃત્યું અંગેના ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. રાજ્યમાં બાળ મૃત્યુ અંગેના ચોંકાવનારા આંકડાએ ચર્ચાનું જોર પકડ્યું છે. સરકારે ગૃહમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૨૦માં ૧૫૪૩૨ બાળ મૃત્યુના બનાવ બન્યા છે, તેવી રીતે વર્ષ ૨૦૧૯માં ૧૭૪૫૩ બાળ મૃત્યુ થયા છે. વર્ષ ૨૦૧૯માં સરેરાશ દૈનિક ૪૮ ટકાનો દર નોંધાયો હતો. પરંતુ તે ટકાવારી આ વર્ષે ઘટી ગઈ છે. વર્ષ ૨૦૨૦માં સરેરાશ દૈનિક ૪૨ ટકાનો દર નોંધાયો છે. પરંતુ બાળ મૃત્યુના આંકડા વિશે સરકાર જણાવી રહી છે કે રાજ્યમાં બહારના બાળ મૃત્યુ વધ્યા છે, જેના કારણે ગુજરાતમાં બાળ મૃત્યુદર વધ્યો હોવાનો દાવો કરી રહી છે. પરંતુ બે વર્ષમાં બહારના રાજ્યોના બાળકોના ૨૩૧ જ મૃત્યુ થયો છે. આરોગ્ય મંત્રીને રાજ્યમાં થયેલ બાળમૃત્યુ અંગે પૂછેલા પ્રશ્નોની સંકલિત માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્યમાં વર્ષ ૨૦૧૯માં ૧૭,૪૫૩ અને વર્ષ ૨૦૨૦માં ૧૫૪૩૨ બાળ મૃત્યુના બનાવો નોંધાયા છે. એટલે વર્ષ ૨૦૧૯ માં સરેરાશ દૈનિક ૪૮ જેટલા અને વર્ષ ૨૦૨૦માં ૪૨ જેટલા કુમળા બાળકોના મૃત્યુ થાય છે.

## ગુજરાત રાજ્યમાં બે વર્ષમાં ૧૪૪૧૦ લોકોના આપઘાત, દરરોજ ચાર બળાત્કાર

ગુજરાતનું બજેટ સત્ર શરૂ થઈ ગયું છે. અને વિધાનસભામાં ધારાસભ્યો દ્વારા પુછવામાં આવેલાં સવાલોનાં સરકાર જવાબો આપી રહી છે. તેવામાં વિધાનસભામાં ગુજરાત સરકારે બળાત્કાર, આપઘાત સહિતની ગુનાખોરીની ઘટનાઓ અંગે આંકડાઓ જાહેર કર્યા છે. આ તમામ આંકડાઓ ચોંકાવનારા છે. ગુજરાતમાં દૈનિક બળાત્કારની ચારથી વધુ ઘટનાઓ બને છે. વિધાનસભામાં ગુજરાત સરકારે આંકડા જાહેર કરતાં જણાવ્યું હતું, કે ગુજરાતમાં બળાત્કારની દૈનિક ૪ કરતાં વધુ ઘટનાઓ નોંધાઈ છે. આ ઉપરાંત ગુજરાતમાં દરરોજ બે લૂંટ, ૩ હત્યા અને ૩૦ ચોરીની ઘટનાઓ બને છે. તેમજ રાજ્યમાં દૈનિક અપહરણની ૭ ઘટનાઓ અને આપઘાતનાં ૨૦ કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. અને ગુજરાતમાં બે વર્ષમાં બળાત્કારની ૩૦૯૫ ઘટનાઓ બની છે.

## ગુજરાતની વેટ-જીએસટીની આવકમાં રૂપિયા ૯,૦૦૦ કરોડનું ગાબડું પડશે

- કોરોનાના કારણે ત્રણ મહિના ધંધા સદંતર ઠપ થઈ જતા પહેલાં ત્રિમાસિક ગાળામાં ૪૦ ટકા આવક ઘટી

ગાંધીનગર : કોરોનાને કારણએ ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષની વેલ્યુ એડેડ ટેક્સ-વેટ અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ-જીએસટીની ગુજરાત સરકારની આવકમાં અંદાજે રૂા. ૯૦૦૦ કરોડનું ગાબડું પડે તેવી ધારણા છે. ફેબ્રુઆરીના અંત સુધીમાં ગુજરાત સરકારની જીએસટી રૂા. ૨૭,૨૦૦ કરોડની અને વેટની રૂા. ૧૭૪૩૦ કરોડની આવક થયેલી છે. આમ અત્યાર સુધીમાં સીધી રૂા. ૪૪,૬૩૦ કરોડની જીએસટીની આવક થઈ છે.

ઉપરાંત સેસ પેટે રૂા. ૬૦૦૦ કરોડની તથા વેટની આવકની ઘટને સરભર કરવા કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી લોનના રૂા. ૯૨૦૦ કરોડ મળીને ફેબ્રુઆરી ૨૦૨૧ના અંત સુધીમાં ગુજરાતની જીએસટીની આવક રૂા. ૫૯૮૩૦ કરોડની થઈ છે. ૨૦૧૯-૨૦ના વર્ષમાં ગુજરાતની જીએસટી અને વેટની આવક અંદાજે રૂા. ૬૯૦૦ કરોડની આસપાસની થઈ હતી. તેની સામે રૂા. ૭૭૦૦૦ કરોડથી વધુ આવક ૨૦૨૦-૨૧ના વર્ષમાં નક્કી કરવામાં આવ્યું છે. તેની સામે અત્યાર સુધીમાં ૫૯,૮૩૦ કરોડની થયેલી આવકને જોવામાં આવે તો પણ આવકમાં ૧૮,૨૦૦ કરોડની આસપાસની ઘટ ફેબ્રુઆરી ૨૦૨૧ના અંતે જોવા મળી રહી છે. હવે માર્ચ મહિનામાં બીજી સાતથી આઠ હજાર કરોડની આવક થાય તો પણ અંદાજે રૂા. ૯૦૦૦થી ૧૦,૦૦૦ કરોડની ઘટ પડવાની સંભાવના છે.

## અમદાવાદમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ આંક ૧૦ હજાર કરોડને આંબે તેવી ભીતિ

સોના- ચાંદી અને ડાયમંડના વેપારી દ્વારા ખરીદી અને વેચાણના રૂ. ૨,૮૬૧.૬૧કરોડના બોગસ બિલો જનરેટ કરીને ખોટી રીતે રૂ. ૭૯.૭૧ કરોડની ઈન પુટ ટેક્સ ક્રેડિટ મેળવનાર ભરત ભગવાનદાસ સોની સામે સેન્ટ્રલ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગે આજે મેટ્રોપોલીટન કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. આ મસમોટા કૌભાંડનો આંક વધીને અધધધધ રૂ. ૧૦,૦૦૦ કરોડ અને રૂ. ૩૦૦ કરોડથી વધુની આઈટીસીને આંબી જવાની શક્યતા છે. સેન્ટ્રલ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સના આસી. કમિશનર પી.સી.જૈનએ મુખ્ય સૂત્રધાર ભરત સોની સામે મેટ્રો.કોર્ટમાં કરેલ ફરિયાદમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, સોના- ચાંદી અને ડાયમંડની ખરીદી અને વેચાણના બનાવટી જીએસટી બિલો ઈસ્યુ કરીને ફક્ત કાગળ પર જ વ્યવહારો દર્શાવીને કોઈપણ પ્રકારે માલસામાન- જ્વેલરીની ડીલીવરી કર્યા વિના જંગી રકમનું કૌભાંડ આચરીને ખરીદનાર કંપનીઓને ખોટી રીતે રૂ. ૭૯.૭૧ કરોડની ઈન પુટ ટેક્સ ક્રેડિટ પાસ કરી હતી. સોના, ચાંદી અને હીરાની ખરીદી અને વેચાણના કરોડોના વ્યવહારો કરવા માટે ભરત સોનીએ પોતાના નામે, પુત્ર, દીકરીઓ અને જમાઈઓના નામે ૬ જુદી જુદી પેઢીઓ રચીને જંગી રકમનું કૌભાંડ આચર્યુ હતું. સીજીએસની ઈન્વેસ્ટિગેટિવ વિંગે બાતમીના આધારે ૩જી જાન્યુઆરી ૨૦૨૧માં સીજીએસ્ની ઈન્વેસ્ટિગેટિવ વિંગ, અમદાવાદ -નોર્થ દ્વારા ન્યુ રાણિપમાં મ/૧૦૩, સુકન સ્માઈલ સિટી એપાટમેન્ટમાં રહેતા ભરત ભગવાનદાસ સોનીના રહેઠાણ પર દરોડા પાડયા હતા.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## કોરોનાને કારણે દુનિયાની મોટાભાગની ગતિવિધિઓ ઠપ થઈ જતા પર્યાવરણને આંશિક રાહત

# કાર્બન ઉત્સર્જનમાં ૨.૪ અબજ મેટ્રિક ટનનો ઘટાડો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગ્લોબલ વોર્મીંગને કારણે પૃથ્વીના વાતાવરણમાં છેલ્લાં ચાર પાંચ વર્ષથી થઈ રહેલા ફેરફારોએ માનવ સમુદાયની ચુંચા વધારી છે. આવા સમયે કાર્બન પ્રોજેક્ટના રિપોર્ટમાં ધરતી પર કાર્બનનું પ્રદૂષણ ૭ ટકા ઓછું થયું હોવાનો અહેવાલ આવતાં થોડી રાહત થવાની આશા છે. જો કે, કદાચિત કાર્બનનું ઉત્સર્જન ફરી વધે એવું પણ બની શકે છે. છેલ્લાં દોઢસો વર્ષથી પૃથ્વીના વાતાવરણમાં કાર્બન ઠલવાતો આવે છે. ૨૦૨૦ના વર્ષમાં દર સેકન્ડે હવામાં ૧૦૭૫ ટન કાર્બનનો ફાળો તો ધરતીવાસીઓએ આપ્યો જ છે.

કોરોના વાઈરસના કહેરને કારણે દુનિયાની મોટાભાગની ગતિવિધિઓ ઠપ પડી હતી. આ સમયે ચારેક અબજ લોકો ઘરમાં કેદ હતા. કામ-ધંધા બંધ થયા, ફેક્ટરીમાં મશીનોનો ધમધમાટ શમ્યો, રસ્તા પરથી વાહનો અદૃશ્ય થયા, ધૂળ-ધૂમાડા ઉડતા બંધ થયા, તેને કારણે કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય પ્રદૂષક વાયુઓ ઉત્પાદન થાય એવી પ્રવૃત્તિઓ સ્થિર થઈ હતી. પરિણામે હવામાં ભળતો કાર્બન પણ ઓછો થયો હતો. કાર્બન ઉત્સર્જન ઘટાડા અંગેનો વચગાળાનો અહેવાલ સંશોધકોએ ઓક્ટોબરમાં રજૂ કર્યો હતો. જે બાદ હવે આખા વર્ષનો રિપોર્ટ રજૂ થયો છે. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટે આપેલા અહેવાલ પ્રમાણે આ વર્ષે હવામાં ૨.૪ અબજ મેટ્રિક ટન ઓછો કાર્બન ભળ્યો છે. ૨૦૧૯માં હવામાં ૩૬.૪ અબજ ટન કાર્બન ઠલવાયો હતો. જ્યારે ૨૦૨૦ના વર્ષમાં ૩૪ અબજ ટન કાર્બન ઠલવાયો છે.

ચીન, અમેરિકા, યુરોપિયન સંઘ અને ભારત એ કાર્બનના ચાર મોટા ઉત્સર્જકો છે. ચીને ૨૦૧૯માં ૧૦.૨ અબજ ટન કાર્બન પેદા કર્યો હતો, ૨૦૨૦માં તેનો આંકડો ૧૦ અબજ ટન છે. અમેરિકાનો આંકડો પણ ૫.૩ અબજ ટનથી ઘટીને ૪.૭ અબજ ટને આવ્યો છે. યુરોપના દેશોનું કાર્બન ઉત્પાદન ૨૦૧૯માં ૨.૯ અબજ ટન હતું, એ ૨.૬ અબજ ટન થયું છે. ભારતનો આંકડો ૨.૬ અબજ ટનથી ઘટીને ૨.૪ અબજ ટને આવ્યો છે. ચીન અમેરિકા કરતા બમણો અને ભારત જેવા દેશો કરતા ચારગણો કાર્બન ઠાલવે છે. કાર્બનનો આ ઘટાડો ટકાવારી દ્રષ્ટિએ સાત ટકા જેવો થાય છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો આ સૌથી મોટો ઘટાડો છે. જો કે, ૮૮ પાનાંના રિપોર્ટમાં સ્પષ્ટતા કરાઈ છે કે એક વર્ષે કાર્બનનું ઉત્પાદન ઘટે એનાથી હરખાવાની જરૂર નથી. કેમ કે દોઢસો-પોણા બસ્સો વર્ષથી કાર્બન ઠલવાવાનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. એમાં એકાદ વર્ષે ઘટે તો લાંબો ફરક પડવાનો નથી. એટલે જ કાર્બનના પ્રમાણમાં માંડ સાત ટકા ઘટાડો આવ્યો છે. કાર્બનનું ઉત્સર્જન ઘટયું છતાં હવામાં દર સેકન્ડે સરેરાશ ૧૦૭૫ ટન કાર્બન હવામાં ઠલવાયો છે. આખા વર્ષમાં ઘટાડો થયો એમાં પણ સૌથી વધારે ઘટાડો એપ્રિલના પ્રથમ પખવાડિયામાં થયો હતો. એ વખતે તો આગલા વર્ષ કરતા ૧૭ ટકા ઘટાડો નોંધાયો હતો. ભૂતકાળમાં એવા પ્રસંગો આવ્યા છે, જ્યારે પ્રદૂષણ ઘટયું હોય. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ પછી ઘણા દેશોના અર્થતંત્ર ભાંગી ગયા હતા, કારખાના ખંડેર બન્યા હતા. એમને બેઠા થતા કેટલાક વર્ષ લાગ્યા. એટલા પૂરતું પ્રદૂષણ જરા ઓછુ નોંધાયુ હતુ. ઘટાડાનો બીજો પ્રસંગ ૧૯૭૯માં આવ્યો હતો, જ્યારે પેટ્રોલિયમ કટોકટી સર્જાઈ હતી. એ વખતે પેટ્રોલિયમ ઉત્પાદન ઘટયું હતુ કેમ કે ઈરાનમાં ક્રાંતિ થતા આરબ દેશોએ તેલ અને તેલની ધાર જોવા માટે ઉત્પાદન પર બ્રેક મારી હતી.

વૈશ્વિક પેટ્રોલિયમ પુરવઠો ખોરવાયો હતો અને તેના પરિણામે કાર્બન ઉત્સર્જન પણ ઘટયું હતું. ત્યારપછી એવો પ્રસંગ ૨૦૦૮માં શરૂ થયેલી મંદી વખતે આવ્યો હતો. આ સમયે અનેક મોટા કારખાનાને તાળાં લાગ્યા હતા. ઘણા દેશોના અર્થતંત્ર પર વિપરિત અસર થઈ હતી. એટલે કાર્બન ઉત્સર્જનમાં મામુલી ઘટાડો આવ્યો હતો.

કોરોના દરમિયાન આખા જગતમાં ૩.૯ અબજ લોકો ઘરમાં રહ્યા હતા. ઔદ્યોગિક સહિતની કાર્બન પેદા કરનારી પ્રવૃત્તિઓ બંધ હતી. પરિણામે કાર્બનના ઉત્પાદનમાં ઘટાડો થવો સહજ હતો. સંશોધકોએ ચેતવણી પણ આપી છે, કે આ ઘટાડો કામચલાઉ છે. અનેક દેશોના અર્થતંત્ર ફરીથી ધમધમતા થયા હોવાથી ઉત્પાદન ટૂંક સમયમાં વધવા લાગશે. લૉકડાઉન વખતે ભારતમાં પણ ૨૦૦ કિલોમીટર દૂરથી હિમાલયના શીખરો દેખાવવા લાગ્યા હતા. વાતાવરણ ખાસ્સું સાફ થયું હતું અને હવામાં શુદ્ધતાનું પ્રમાણ વધ્યું હતું. ટ્રમ્પ વારંવાર કાર્બન અને અન્ય પ્રદૂષણ માટે ભારત-ચીનને દોષ આપતા દેખાતા હતા. ચીન જગતનું સૌથી મોટું પ્રદૂષક છે. થોડા વર્ષો પહેલા એ 'સિદ્ધિ' અમેરિકાના નામે હતી. હકીકત એ છે કે ૧૯૬૦માં ભારતનું કાર્બન ઉત્સર્જન અડધો અબજ ટન કરતાંય ઓછું હતું. એ વધતું વધતું આજે છ દાયકે અઢી અબજ ટન આસપાસ પહોંચ્યુ છે. એટલે કે ભારતે બેફામ કાર્બન નથી ઠાલવ્યો, જે અમેરિકા-ચીને કર્યુ છે. એનો અર્થ એવો નથી કે ભારતે હવે કાર્બન ઠાલવવો.. બને ત્યાં સુધી તો કાર્બન ન ઠલવાય એવા જ પ્રયાસો કરવા જોઈએ. સદ્‌નસિબે રિન્યુએબલ એનર્જીની દિશામાં ભારતનું કામ નોંધપાત્ર છે.

કાર્બન ઉત્પાદનનું મોટું કારણ વાહનો છે. એટલે સરકારે ઈલેક્ટ્રિક વાહનોની દિશામાં દાનતપૂર્વક આગેકૂચ કરવાની પણ જરૂર છે. ભારતમાં સૌથી વધુ પ્રદૂષણ ફેલાવનાર તત્ત્વ કોલસો છે. ઊર્જા મથકો કે કારખાના કોલસા વગર ચાલવાના નથી. ખાસ કરીને ઊર્જા ઉત્પાદનમાં કોલસાની અનિવાર્યતા ઘટે તો પ્રદૂષણમાં મોટો કાપ આવી શકે. ભારતના ૨.૪ અબજ ટન કાર્બન ઉત્સર્જનમાં એકલા કોલસાનો જ ફાળો ૧.૬ અબજ ટન છે. એ પછી ઓઈલનું પ્રમાણ ૦.૬ અબજ ટન, ગેસથી સર્જાતુ ઉત્સર્જન ૦.૧ અબજ ટન અને સિમેન્ટથી પણ લગભગ ૦.૧ અબજ ટન ઉત્સર્જન થાય છે. ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ એ વિશ્વભરની પર્યાવરણ સંસ્થા અને વિજ્ઞાનીઓનું બનેલુ સંગઠન છે. તેનું કામ જગતભરના કાર્બનનું ટ્રેકિંગ કરવાનું છે. આ રિપોર્ટમાં સંશોધકોએ સલાહ આપી છે કે, કોરોનાએ લોકો સાથે સરકારને પણ વિચારવાની તક આપી છે કે કઈ રીતે ઔદ્યોગિક પ્રવૃત્તિ પર અંકુશ મુકીને કાર્બન ઉત્પાદન ઘટાડી શકાય.

પાંચ વર્ષ પહેલા ડિસેમ્બર ૨૦૧૫માં જગતના દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડી ગ્લોબલ વૉર્મિંગને કાબુમાં લેવાના મુદ્દે જ પેરીસમાં મળ્યા હતા. પેરિસ સંધિને પાંચ વર્ષ થયા છે. અમેરિકાએ તેમાંથી નામ ખેંચી લીધું છે તો ચીન જેવા ઘણા દેશોએ અમલની દાનત દેખાડી નથી. ભારત જેવા ઓછા દેશો છે, જે ગ્લોબલ વૉર્મિંગને કાબુમાં લેવા ગંભીરતાથી પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ આખુ જગત પ્રયાસ નહીં કરે તો તેનો કોઈ અર્થ નહીં રહે. હવે કોરોનાથી પીછો છોડાવીને ઝડપથી આર્થિક રીતે ધમધમતા થવા માટે લોકો અને સરકાર સૌ કોઈ ઉત્સુક છે. એટલે કાર્બન ઉત્સર્જન ફરીથી વધશે એમા શંકા નથી. લોકડાઉન વખતે દર મહિને એક વાર લોકડાઉન હોવું જોઈએ? દર અઠવાડિયે હોવું જોઈએ.. એવી વિચારણા પણ લોકો કરતા થયા હતા. એ વાત સૌ કોઈએ ગંભીરતાથી વિચારવી રહી.

હવે કાર્બનનું ઉત્સર્જન વિશે વાત કરીએ તો કોલસો બળવાથી હવામાં સૌથી વધુ કાર્બન ફેલાય છે. કોલસોથી ૩૯ ટકા, ઓઈલથી ૩૩ ટકા, ગેસથી ૨૧, સિમેન્ટથી ૪ ટકા કાર્બન વાતાવરણમાં ભળે છે. જગતના કાર્બન ઉત્સર્જન-પ્રદૂષણમાં ૧૯૫૦ના દાયકા પછી અચાનક ઉછાળો આવ્યો છે. કેમ કે, એ પહેલા પેટ્રોલિયમ અને ગેસની વ્યાપક હાજરી જ ન હતી. જગતમાં કાર્બન ઉત્સર્જક દેશમાં ચીન ૨૮ ટકા, અમેરિકા ૧૫ ટકા, યુરોપિયન સંઘ ૮ ટકા, ભારત ૭ ટકા, રશિયા ૫ ટકા, જાપાન ૩ ટકા કાર્બન વાતાવરણમાં ઠાલવે છે. આ જોતા ભારતનું પ્રમાણ ખાસ્સું નીચું છે. કેમ કે વૈશ્વિક વ્યક્તિ દીઠ કાર્બન ઉત્સર્જનનું સરેરાશ પ્રમાણ ૪.૭ ટન છે. ભારત તેનાથી ત્રણગણું ઓછુ કાર્બન ઉત્સર્જન કરે છે.



**કાર્બન ઉત્સર્જનમાં થયેલો ઘટાડો કામચલાઉ હોવાનો દુનિયાના વૈજ્ઞાનિકોનો મત, પેરીસ સંધિ પછી અમેરિકા અને ચીન જેવા દેશોએ જવાબદારી ન નિભાવતા પ્રદૂષણ વધવાની પ્રબળ સંભાવના**

સ્વદેશ



## હેમા માલિની ઈન્ડિયન આઈડલના મહેમાન બનશે

સિંગિંગ રિયાલિટી શો ઈન્ડિયન આઈડલ ૧૨ ટીઆરપી ચાર્ટમાં ટોપ ૧૦માં સ્થાન ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. શોના કન્ટેસ્ટન્ટ્સના પર્ફોર્મન્સ પણ દર્શકોને પસંદ આવી રહ્યા છે. આ વીકએન્ડના એપિસોડને વધારે એન્ટરટેઈનિંગ બનાવવા માટે બોલિવુડના 'ડ્રીમ ગર્લ' હેમા માલિની મહેમાન બનીને આવવવાના છે. શોની કન્ટેસ્ટન્ટ અંજલીના એ દિલ એ નાદાન અને જૂઠે નૈના બોલે પર ગજબના પર્ફોર્મન્સ બાદ વિશાલ દદલાની, નેહા કક્કડ અને હિમેશ રેશમિયા ખુશ થઈ ગયા હતા.

## શ્રદ્ધા અને રોહનને લગ્ન માટે બન્ને બાજુથી મળી ગઈ લીલીઝંડી!



શ્રદ્ધા કપૂર હાલમાં માલદીવ્સમાં છે ત્યારે તેનો જન્મદિવસ પણ હાલમાં જ ગયો. તેની તસવીરો અને વીડિયો પણ ખૂબ વાયરલ થયા છે. ત્યારે હાલમાં શ્રદ્ધા સાથે તેનો કથિત બોયફ્રેન્ડ રોહન શ્રેષ્ઠા પણ સાથે હતો. ત્યારે હવે શ્રદ્ધાના લગ્નની વાત સામે આવી રહી છે. આ પ્રસંગે રોહન શ્રેષ્ઠાના પિતા અને જાણીતા ફિલ્મ ફોટોગ્રાફર રાકેશ શ્રેષ્ઠાએ પણ આ લગ્ન વિશે વાત કરી છે.

રાકેશ શ્રેષ્ઠાએ કહ્યું કે રોહન તેની પ્રોફેશનલ લાઈફમાં ખુબ સારું કામ કરી રહ્યો છે. તમને ખબર છે કે તેણે પહેલા પોતાનો અભ્યાસ યોગ્ય રીતે પૂરો કરી લીધો હતો અને પછી કેમેરાને પ્રોફેશનલી હાથમાં પકડ્યો હતો. એવું નહોતું કે તે સ્ટુડિયો અને મારા કામના સ્થળે જ આંટાફેરા કરતો હતો. જ કારણે તેની તસવીરો ક્લિક કરવાની સ્ટાઈલ મારાથી અલગ છે.

# બોલીવુડમાં ૬૫૦ કરોડની ટેક્સ ચોરી ઝડપાઈ

### તાપસી પન્નુ, અનુરાગ કશ્યપ સહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા અનેક લોકોની પૂછપરછ





મુંબઈ: બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નૂ અને ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ સહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા કેટલાક લોકો અને કંપનીઓ ઉપર ઈનકમ ટેક્સ વિભાગ દ્વારા રેડ કરવામાં આવી હતી. ઈનકમ ટેક્સ વિભાગે કહ્યું કે, અત્યાર સુધીમાં ૬૫૦ કરોડ રૂપિયાની ટેક્સ ગડબડીની માહિતી મળી છે. કંપાનીના અધિકારીઓ ૩૫૦ કરોડ રૂપિયાને લઈને કોઈ જ જવાબ આપી શકતા નથી. તો બીજી તરફ તાપસી પન્નૂના નામે પણ ૫ કરોડ રૂપિયાની કેશના સૂબત મળ્યા છે. જેની તપાસ ચાલી રહી છે. ઈનકમ ટેક્સ વિભાગે કહ્યું કે, ૩ માર્ચથી ૨ મોટા ફિલ્મ પ્રોડક્શ હાઉસ, એક અભિનેત્રી અને મુંબઈની ૨ ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ ઉપર રેડ કરવામાં આવી છે. આ રેડ મુંબઈ, દિલ્હી, પુણે અને હૈદરાબાદમાં ચાલી રહી છે. ઓફિસ અને ઘર સહિત મળીને કુલ ૨૮ જગ્યાઓ ઉપર આ રેડ કરવામાં આવી રહી છે. રેડમાં આ વાતના સબૂત મળ્યા છે કે, ફિલ્મ પ્રોડક્શન હાઉસની વાસ્તવિક્ત કમાણી કરતા વધારે આવક છે. કંપનીના અધિકારી આ પ્રકારે ૩૦૦ કરોડ રૂપિયાનો હિસાબ નથી આપી શકતા. ફિલ્મ નિર્માતા અને શેર ધારકોની વચ્ચે પ્રોડક્શન હાઉસના શેર લેવડ દેવડમાં હેરાફેરી અને ઓછું મુલ્યાંકન સાથે સંબંધિત અંદાજીત રૂ.૬૫૦ કરોડ રૂપિયાના સબૂત મળ્યા છે અને હજુ પણ તપાસ ચાલી રહી છે. બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુ દ્વારા ૫ કરોડ રૂપિયા રોકડા લીધા હોવાના સબૂત પણ મળી આવ્યા છે. આ સિવાય પ્રમુખ પ્રોડ્યુસર, ડાયરેક્ટર્સ દ્વારા ખર્ચાને લઈને છેતરપિંડી કરી હોવાનું જાણવા મળ્યું છે. જેના દ્વારા અંદાજીત રૂ.૨૦ કરોડની અંદાજીત હેરાફેરી કરવામાં આવી છે. અભિનેત્રીના મામલામાં પણ એવું જ જાણવા મળ્યું છે.



## સારા અલી ખાન એક્શન દ્રશ્યો ભજવતી જોવા મળશે

આદિત્ય ધર દિગ્દર્શિત ફિલ્મ ધ ઇમોર્ટલ અશ્વત્થામાં સારા અલી ખાન ભરપુર એક્શન દશ્યો ભજવતી જોવા મળશે. આ માટે તે ખાસ તાલીમ પણ લેવાની છે. એક મીડિયા રિપોર્ટસના અનુસાર વિક્કી કૌશલ પણ પોતાના પાત્રને ન્યાય આપવા માટે વર્ક આઉટ કરી રહ્યો છે. તે આ ફિલ્મમાં તીરંદાજી,તલવાર ચલાવવી, ભાલા યુદ્ધ અને માર્શલ આર્ટ કરતો જોવા મળશે. જેના માટે તે ખાસ તાલીમ  લેશે. સારા પણ ફિલ્મમાં ઘણા એક્શન દ્રશ્યો ભજવવાની છે. તે પોતાના પાત્રની તૈયારી રૂપે એપ્રિલ મહિનાથી ટ્રેનિંગ શરૂ કરશે. સૂત્રના અનુસાર, સારા ફિલ્મમાં ધમાકેદાર એક્શન દ્રશ્યો ભજવશે.આ માટે તે માર્શલ આર્થના થોડા ફોર્મર્સ શીખશે. વિકી પણ આ સેશનનો હિસ્સો હશે. તેની તાલીમ ત્રણ-ચાર મહિના ચાલશે. જો બધુ સમૂસુથરુ ંપાર પડશે તો વિકી અને સારા જુનમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. મેકર્સ આ ફિલ્મનું શૂટિંગ વિદેશી લોકેશન પર કરવા ઇચ્છે છે પરંતુ કોરોના મહામારીના કારણે નિર્ણય લઇ શકતા નથી.

## જ્હોન અબ્રાહમે ઓશીકા સાથે ન્યૂડ ફોટો શેર કર્યો



મુંબઈ: બોલિવૂડનાં એક્શન હીરો જ્હોન અબ્રાહમએ મંગળવારનાં દિવસની શરૂઆત અનોખા અંદાજમાં કરી છે. ફિલ્મોની સાથે સાથે સોશિયલ મીડિયા પર જ્હોન તેની બોડી ફ્લોન્ટ કરતો રહે છે. બોલિવૂડનાં એક્શન હીરો જ્હોન અબ્રાહમે કોઇ પણ ખચકાટ વગર તેની બોલ્ડ તસવીર શેર કરી છે ફેન્સ પણ તેની આ તસવીર એન્જોય કરી રહ્યાં છે. જ્હોન અબ્રાહમે ઇન્સ્ટાગ્રામ પર તેની એક તસવીર શેર કરી છે. આ ફોટોમાં જ્હોનનાં શરીર પર એક પણ કપડું નથી. તેણે ફક્ત એક ઓશીકાથી તેનું શરીર ઢાંક્યું છે. સવાર સવારમાં જ્હોનની આ તસવીર પર ફેન્સ કમેન્ટ્સ કરી રહ્યાં છે. જ્હોન આ તસવીરમાં કાઉચ પર બેઠેલો નજર આવે છે. તેની બાજુમાં હીટર દેખાય છે. આ ફોટો પોસ્ટની સાથે જ્હોનની કેપ્શન લખી છે , વેઇટિંગ ફોર વોર્ડરોબ. આ ફોટો પર ફેન્સ સતત રિએક્શન આપી રહ્યાં છે.

## 'આદિપુરુષ' ફિલ્મના સેટ પર આગથી કરોડોનું નુકસાન




મુંબઈ: સાઉથના સુપર સ્ટાર પ્રભાસ અને બોલીવૂડ સ્ટાર સૈફ અલી ખાનની ફિલ્મ આદિપુરુષના સેટ પર લાગેલી આગના કારણે કરોડો રુપિયાનુ નુકસાન થયુ છે. ચોંકાવનારી વાત એ છે કે, આ આગની ઘટના પાછળ કોઈ ષડયંત્ર હોવાનુ મનાઈ રહ્યુ છે. મુંબઈના ગોરેગાંવ સ્થિતિ ફિલ્મ સિટીમાં ફિલ્મનુ શૂટિંગ થઈ રહ્યુ છે. જોકે આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. એક અખબારી અહેવાલ પ્રમાણે શૂટિંગ શરુ થવાના પહેલા જ દિવસે આગ લાગવાની વાત ગળે ઉતરતી નથી. કારણકે શૂટિંગ દરમિયાન પણ તમામ તકેદારી લાખવામાં આવી રહી છે. રિપોર્ટમાં યુનિટના એક સભ્યને ટાંકીને કહેવાયુ છે કે, આ ષડયંત્ર હોઈ શકે છે.દરમિયાન આગની ઘટનાને સૈફ અલી ખાને અગાઉ આપેલા નિવેદન સાથે જોડીને પણ જોવાઈ રહી છે. જેમાં સૈફ અલી ખાને ભગવાન રામ અને સીતા અંગે વિવાદિત બયાન આપ્યુ હતુ. જેના પર થયેલા ઉહાપોહ બાદ સૈફ અલી ખાને માફી પણ માંગી હતી. દરમિયાન ફિલ્મના પ્રવક્તાએ કહ્યુ હતુ કે, સેટ પર કોઈ જાનહાનિ થઈ નથી. કોઈને ઈજા પણ થઈ નથી.અમને મદદ કરવા બદલ મુંબઈ પોલીસ અને ફાયર બ્રિગેડનો આભાર.



SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

Entrepreneur/Investor Business/
Self Employed/Farm Owner

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS
- DETENTION REVIEWS
- CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTED CASES WELCOME

ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM

SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE

94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855

2/A WAGHESHWARI SOC, VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817

Email.: info@siis.ca
Website.: www.siis.ca

# એક્સરસાઈઝથી ઉતારો ચરબી અને બનો ફિટ એન્ડ ફાઈન

અત્યારના જમાનામાં મહિલા, પુરુષ કે બાળક બધા ફિટ અને ફાઈન રહેવા માંગે છે. સતત બેસીને જોબ કરવી અને સમયનો અભાવ અને માનસિક તણાવના કારણે લોકોને જાડાપણાંની ભેટ મળે છે. અનેક સ્ત્રીઓ પ્રેગ્નન્સી પછી જાડી થઈ જાય છે અને ઘરનાં કામમાં ગૂંચવાયેલી રહી જાય છે. તેમને મૉર્નિંગ વોક કે જિમ જવાનો સમય નથી મળતો. જોબ કરનારા લોકો પણ બિઝી શેડયૂલને કારણે જિમ નથી જઈ શકતા. જિમ અને ટ્રેનર વગર જ તમે સહેલાઈથી ઘરે કસરત કરી શકો છો. મહિલાઓ માટે આ એક્સરસાઈઝ બેસ્ટ છે. અંડરઆર્મ્સ, પેટ અને કમર પર પડનારા બલ્જ ખૂબ જ ગંદા દેખાય છે. જેને કારણે મહિલાઓ પોતાની પસંદગીનાં કપડાં પહેરી શકતી નથી, તેમને ધ્યાન રાખવું પડે છે કે ક્યાંક તેઓ જાડા અને ભદ્દા ન દેખાય. શોલ્ડર, હાથ અને અંડરઆર્મ્સના બગલમાં જામેલી ચરબી હટાવવા માટે આ એક્સરસાઈઝ કરો.



## પુશઅપ કરો

જો તમે જિમ પણ જોઈન કરશો તો ટ્રેનર તમને અંડરઆર્મ્સની આસપાસની ચરબી ઓછી કરવા માટે અને પરફેક્ટ આર્મશેપ માટે પુશઅપ કરવાનું રહેશે.આ માટે સૌ પહેલાં જમીન પર મોઢું કરીને સીધા સૂઈ જાવ. ત્યારબાદ તમારા હાથને પહોળા કરો અને અંગૂઠાના બળે પગને પરસ્પર જોડો. પછી ધીરે ધીરે કોણીને વાળો અને બોડીને ઉપર-નીચે કરો.



## ખુરશીની મદદથી કરો કસરત

જિમને બદલે તમે ઘરના ફિંનચરની મદદથી કસરત કરી શકો છો. ખુરશીની મદદથી વ્યાયામ કરવા બેસ્ટ રીત છે. તેનાથી હાથની ચરબી ઓછી થાય છે અને એ પરફેક્ટ શેપમાં આવે છે. એવી ખુરશી પસંદ કરો છે જે જમીનથી ૨-૩ ફિટ ઊંચી હોય. હાથને પાછળ વાળીને ખુરશીના આગળના ભાગ પર મૂકો અને પગને જમીન પર સીધા મૂકીને હાથના જોર પર નીચે થાય.

## વેઈટ લિફ્ટ

વેઈટ લિફ્ટિંગની મદદથી અંડરઆર્મની બગલની ચરબી ગાયબ તો થશે જ સાથે જ તમારા શોલ્ડર પણ સ્ટ્રેટ થશે. આ માટે સૌ પહેલાં જમીન પર મેટ પાથરીને પીઠના બળે સૂઈ જાવ. ત્યારબાદ ડમ્બલ ઉઠાવો અને હાથને ઉપરની તરફ ઉઠાવો એ તમારા પર નિર્ભર કરો છે કે તમે કેટલા કિલોના ડમ્બલ ઉઠાવી શકો છો. ૫ સેકન્ડ પછી તમે હાથને નીચેથી તરફ વાળો. પછી આ રીતે બીજી વાર હાથને ઉપર લઈ જાવ પછી હાથને નીચેની તરફ વાળો. આ રીતે ત્રીજી વાર હાથને ઉપર ને નીચે કરતાં જાવ. ધ્યાન રાખો કે જ્યારે બાજુને ઉપરની તરફ લઈ જવાના છો તો બાજુ સ્ટ્રેટ હોવા જોઈએ.

## એક્સરસાઈઝ બોલ

એક્સરસાઈઝ બોલથી તમારી ભુજાઓ, પેટ અને બેકના મસલ્સ સારા થાય છે. ૨૦ મિનિટની એક્સરસાઈઝ તમને ફિટ એન્ડ ફાઈન રાખે છે. બસ, આ માટે જમીન પર મેટ પાથરો અને ઘૂંટણના બળે બેસી જાવ અને હાથની મુઠ્ઠી બનાવી અને એક્સરસાઈઝ બોલ પર ટકાવો.



બોલ પર શરીરનું સંતુલન બનાવવા માટે મુઠ્ઠીનો ઉપયોગ કરો અને સંતુલન બનાવવા માટે મુઠ્ઠીનો ઉપયોગ કરો અને ધીરેધીરે શરીરને આગળ ધકેલો. તેના ૩ સેટ લગાવો. દરેક સેટ પછી એક મિનિટનો બ્રેક લો.

# ઓનલાઇન ખરીદારી સાથે તકેદારી




આજકાલ ઓનલાઈન શોપિંગનો ટ્રેન્ડ વધ્યો છે. જેમાં એક સોયથી માંડીને એ.સી., ફ્રીઝ, વોશીંગ મશીન તથા ટીવી મળે છે. હવે દવા પણ ઓનલાઈન મળતી થઈ ગઈ છે. આ બધું આપણને ઘર બેઠાં મળી રહે છે. જેમાં આપણે ઓનલાઇન અથવા તો ઓફલાઈન (COD - કેશ ઓન ડિલિવરી) એમ બંને રીતે રૂપિયા ચૂકવી શકીએ છીએ. ઓનલાઇન પેમેન્ટ ફ્રોડના ડર થી મોટે ભાગે લોકો ઓફલાઈન પેમેન્ટ કરવાનો જ આગ્રહ રાખે છે. એટલે કે તમને જ્યારે તમારું પાર્સલ મળે ત્યારે તમારે રૂપિયા ચૂકવવાના હોય છે. હાલમાં CODના કારણે પણ ફ્રોડ થવાની શક્યતા વધી ગઈ છે.

તમારા ઘરે કોઈ પાર્સલ આવે છે તો તેની પર લાગેલું તમારા નામ વાળું સ્ટીકર અથવા તો રિસિપ્ટનું તમે શું કરો છો? હાલના એક કિસ્સા મુજબ, જ્યારે આપણા ઘરે પાર્સલ આવે છે તો લોકો તેની ઉપર લાગેલું સ્ટીકર સાથે જ પ્લાસ્ટિક બેગ કે બોક્સ ને ફેકી દેતાં હોય છે. આવું કરવાથી કોઈના હાથમાં તમારું નામ, સરનામું તથા મોબાઈલ નંબર આવી જાય છે. જેથી તે તમારા નામની ફેક રિસિપ્ટ બનાવીને કોઈ પણ બોક્સ પર લગાવી તમને આપે છે અને તેના બદલામાં તમારી પાસે રૂપિયા લેવામાં આવે છે. આવું ત્યારે થાય છે જ્યારે તમે ઘરે ના હોવ અને તમારા ઘરની અન્ય વ્યક્તિને ખબરના હોય કે તમે કોઈ પાર્સલ મંગાવ્યું છે. જેમાં ૧૦૦થી ૧૦૦૦ રૂપિયા એટલે કે ૫-૧૦ ડોલર જેટલી રકમ લેવામાં આવે છે જેથી કોઈને જલ્દી શક ના જાય. ઘણી વખત આપણે વ્યસ્ત હોઈએ ત્યારે આવું બનતું હોય છે. જેથી આપણે જેના નામનું પાર્સલ આવ્યું હોય તેની સાથે પુષ્ટિકરણ નથી કરતાં. જેથી આવું થાય છે.

જેથી કરીને તમે કોઈ પણ પાર્સલ મંગાવ્યું હોય તો તેની ઉપર લાગેલું સ્ટીકર કે રિસિપ્ટ જરૂર ન હોય તો તેને ફેંકતા પહેલાં કાપી નાખવું અથવા તો ફાડી નાખી ને જ ફેંકવું. જેથી કરીને કોઈપણ તમારી માહીતી વાંચી અથવા તો જાણી ન શકે અને તેનો દુર ઉપયોગ ન કરી શકે. જેથી ઓનલાઈન ખરીદારી સાથે તકેદારી રહે.

@beinghumanmj

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# વડોદરામાં સોની પરિવારે ઝેર ગટગટાવ્યું : ત્રણનાં કરૂણ મોત

- પિતા, પુત્રી અને માસૂમ પૌત્રનાં મોત : માતા, પુત્ર અને પુત્રવધૂને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયા



વડોદરા : વડોદરાના ન્યુ સમારોડ પર આવેલી સ્વાતિ સોસાયટીમાં આજે સાંજે સોની પરિવારના છ સભ્યો ઝેરી દવા પીધેલી હાલમાં મળતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. સોની પરિવારના છ સભ્યો પૈકી પિતા, પુત્રી અને માસૂમ પૌત્રનું મોત નિપજ્યું હતું જ્યારે માતા, પુત્ર અને પુત્રવધુને સારવાર હેઠળ છાણી વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્સ પાસે આવેલી સ્વાતિ સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા નરેન્દ્રભાઈ સોની (ઉ.વ.૫૮), પત્ની દિપ્તિબેન(ઉ.વ.૫૫), પુત્ર ભાવિન (ઉ.વ.૩૦), પુત્રવધૂ ઉર્વશી(ઉ.વ.૨૮), પુત્રી રિયા (ઉ.વ.૧૮) અને પૌત્ર(ઉ.વ.૪) પાર્થ આજે સાંજે પોતાના ઘરમાં ઝેરી દવા પીધેલી હાલતમાં મળ્યા હતાં. ભાવિને ઝેર પીધા બાદ પોલીસ કંટ્રોલરૂમને જાણ કરી હતી કે અમે ઝેર પી લીધું છે આ સાથે જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને પોલીસે ઘરમાં તપાસ કરતા તમામ નરેન્દ્રભાઈ અને ઘરના અન્ય સભ્યો બેભાન હાલતમાં મળ્યા હતાં.

ઝેર પીનાર છ પૈકી નરેન્દ્રભાઈ સોની, રિયા અને પાર્થના મોત નિપજ્યા હતા જ્યારે દિપ્તિબેન, ઉર્વેશી અને ભાવિનને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ઘરમાંથી કોલ્ડ્રિંક્સની બે બોટલ અને ઝેરની બોટલ મળી હતી જેથી પ્રાથમિક દ્રષ્ટિએ ઘરના સભ્યોએ કોલ્ડ્રિંક્સની સાથે ઝેર ભેળવી પી લીધું હોવાનું પોલીસ માની રહી છે. પોલીસે જણાવ્યું હતું કે ઘરના સભ્યોએ આર્થિક સંકળામણના કારણે અંતિમ પગલું ભર્યુ હોઈ શકે.

પોલીસે જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ સોની અગાઉ ઈમીટેશન જવેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને બાદમાં તેમણે મંગળબજારમાં પ્લાસ્ટિકની દુકાન ખોલી હતી જો કે ત્રણ વર્ષ પહેલા આ દુકાન પણ બંધ કરી દીધી હતી અને પોતે ઘેર જ હતાં. તેમનો પુત્ર ભાવિન કોમ્પ્યુટર રિપેરિંગના વ્યવસાય સાથે જોડાયેલો હતો. છેલ્લા ૨૫ વર્ષથી એક જ સોસાયટીમાં રહેતા સોની પરિવારના સભ્યોને કોઈ સાથે અણબનાવ પણ ન હતો અને સોસાયટીમાં શાંતિથી રહેતા હતા.

## જ્યોતિષીઓએ વિધિના નામે ૩૨ લાખ પડાવ્યા

વડોદરા : બચી ગયેલા ભાવિન સોનીનું પોલીસે મોડી રાતે નિવેદન લીધું હતું. જેમાં ભાવિન સોનીએ જણાવ્યું હતું કે, ‘સ્વાતિ સોસાયટીના માલિકીનું મકાન રૂપિયા ૪૦ લાખમાં વેચવાના ચક્કરમાં રૂપિયા ૪૫ લાખનું દેવું થઈ ગયું હતું. તે દેવામાંથી બહાર નીકળવા માટે અને મકાન વિધિ દ્વારા રૂપિયા ૪૦ લાખમાં વેચાય જાય તે માટે ૯ જેટલા જ્યોતિષીઓએ વિધિના નામે રૂપિયા ૩૨ લાખની રકમ પડાવી લીધી હતી. છતાં દેવુ ઉતરવાને બદલે વધી જતા પરિવારને આપઘાત કરવાનો વખત આવ્યો હતો.’

## વાઘોડિયાના તરસવા ગામે ટોળાને વિખેરવા પોલીસે ફાયરિંગ કરતા નાસભાગ

વડોદરા : વાઘોડિયા તાલુકામાં પંચાયતોની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર સરસ્વતીબેન પરમાર અને તેનો પતિ મહેશ તરસવા ગામે બૂથ પરના પ્રિસાઈડિંગ ઓફિસર સાથે ઈવીએમ મશીનના વાયરો બદલી નાંખેલ છે, અમોને આપેલ મતો જિલ્લામાં પડયા છે અને જિલ્લાના તાલુકામાં પડયા છે તેમ જણાવી આનો નિકાલ નહી આવે ત્યાં સુધી ઈવીએમ લઈ જવા દઈશું નહી તેમ કહી હોબાળો મચાવ્યો હતો. સરસ્વતીબેનના પતિ મહેશે જોરજોરથી બૂમો પાડી માણસો ભેગા કરવાનું ચાલુ કર્યુ હતું. આ વખતે મામલતદારે સમજાવવાનો પ્રયત્ન કર્યો છતાં ટોળાના માણસો માન્યા ન હતા અને પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. આ દરમિયાન એલસીબીના કોન્સ્ટેબલ હરીશ રહેવરે અશ્રુવાયુના સેલ છોડયા હતા તેમજ અન્ય કોન્સ્ટેબલ જયદીપસિંહે બાર બોરની રાઈફલમાંથી હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું.

## ધારાસભ્ય રાઠવાના યુવાન ભત્રીજાની ફાંસો ખાઈ આત્મહત્યા, કારણ અકબંધ

ગાંધીનગર : છોટાઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવાના ૪૩ વર્ષીય ભત્રીજાએ સેક્ટર ૨૯ ખાતે પોતાના ઘરે પંખે દોરી વડે લટકીને ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું છે.

ગાંધીનગરના સેક્ટર ૨૯ ખાતે બ્લોક નંબર ૧૪૮/૫ મકાનમાં રહેતાં ૪૩ વર્ષીય પ્રતાપસિંહ પોપટસિંહ રાઠવા પરિવાર સાથે રહે છે. જેમના પરિવારમાં પત્ની અને પુત્રી છે. ગાંધીનગરના અરણ્ય ભવનમાં પ્રતાપસિંહ રાઠવા પટાવાળા તરીકે નોકરી કરતા હતા. મંગળવારે રાત્રિના જમીને પ્રતાપસિંહ ઊંઘી ગયા હતા. બુધવારની સવારે પ્રતાપસિંહની તેમના રૂમમાંથી ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઘરના પંખે પ્રતાપસિંહને લટકેલી હાલતમાં જોઈ પરિવારજનોએ બૂમાબૂમ કરી મૂકતા આસપાસના પડોશીઓ દોડી આવ્યા હતા. અને પ્રતાપસિંહની લાશને નીચે ઉતારી પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે જાણ થતા છોટાઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવા પણ દોડી આવ્યા હતા.

મૃતકનું ગાંધીનગર સિવિલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. મરનાર પ્રતાપસિંહને કોઈ વ્યસન પણ ન હતું. પ્રાથમિક પૂછપરછમાં તેઓને કોઈ દેવું પણ ન હોવાનું જાણવા મળેલ છે. પરિવારજનો મૃતકની લૌકિક ક્રિયાઓ કરવાં છોટાઉદેપુર ગયા છે. જે પૂર્ણ થઈ ગયા બાદ તેમના ભાઈઓ સહિત પરિવારના સભ્યોની પૂછપરછ કરી મોતનું ચોક્કસ કારણ શોધવાની દિશામાં તપાસ કરવામાં આવશે.

## ચોકસી પર હુમલો કરી દાગીના લૂંટનાર લૂટારો યુપીથી પકડાઈ ગયો

વડોદરાઃ જૂના પાદરારોડ વિસ્તારના જ્વેલર્સ શો રૂમમાં ધોળે દિવસે ચોકસી પર હુમલો કરી દાગીનાની લૂંટ કરી ભાગી છૂટેલો લૂંટારાને યુપી ખાતેની સાસરીમાંથી પોલીસે દબોચી લીધો છે. રાજવી ટાવરમાં માં કૃપા જ્વેલર્સ નામની દુકાન ધરાવતા રાજેશભાઈ સોની ગઈ તા.૨૪મીએ બપોરે દુકાનમાં હતા ત્યારે ગ્રાહકના સ્વાંગમાં આવેલા એક યુવકે વાતચીત કરી હતી અને ત્યારબાદ દુકાનની એન્ટિ ચેમ્બરમાં ગયેલા રાજેશભાઈના ગળામાં ચાકુના ત્રણ થી ચાર ઘા મારી દીધા હતા.લૂંટારો રૂમ બંધકરીને દાગીના લૂંટી ફરાર થઈ ગયો હતો. સ્કૂટર લઈને કલોકો સુધી ફર્યા બાદ લૂંટારો રાતે ઘેર ગયો હતો અને ત્યાંથી પત્નીને લઈ ટ્રેનમાં યુપીના પ્રતાપગંજ જિલ્લાના દેલહુપુરમાં આવેલી સાસરીમાં છુપાયો હતો.સીસીટીવી અને મોબાઈલના સર્વેલન્સના આધારે ડીસીપી જયદિપસિંહ જાડેજાએ બે ટીમો પ્રતાપગંજ મોકલી હતી.

## યાત્રાધામ ડાકોર મંદિરના ૨૫૦માં પાટોત્સવની રંગેચંગે ઉજવણી કરાઈ

- સંધ્યા સામે હજારો દીપોની દીપમાળા પ્રગટાવાઈ હજારોની સંખ્યામાં ભક્તોએ રણછોડરાયજીના દર્શન કર્યા



નડિયાદ : ખેડા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં આજે મંદિરના ૨૫૦મા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. હજારો ભક્તોએ સુંદર રીતે શણગારાયેલા ઠાકોરજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. મંદિરમાં બિરાજમાન રાજા રણછોડરાય ભગવાનને મંગળાઆરતી બાદ પંચામૃત સ્નાન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. મંદિરમાં સંધ્યા સમયે હજારો દીપોની દીપમાળા પ્રગટાવવામાં આવી હતી.

૨૫૦માં પાટોત્સવ નિમિત્તે મંદિરમાં સવારે ૬.૪૫ એ મંગળાઆરતી થયા બાદ ભગવાનને સુવર્ણથી મઢેલા શંખ વડે પંચામૃતથી સ્નાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીઠાકોરજીને વિશેષ શણગારથી સજાવવામાં આવ્યા હતા. બપોરે ૧ વાગ્યે મહાભોગ આરતી કરવામાં આવી હતી. સંધ્યા સમયે મંદિરમાં દીપમાળાઓ પ્રગટાવવામાં આવી હતી. મંદિર આશરે ૩૦૦૦ દિવડાંથી ઝગમગી ઊઠયું હતું. સંવત ૧૨૧૨માં ડાકોરના ભક્તરાજ બોડાણા સાથે ભગવાન દ્વારકાધીશ દ્વારકાથી ડાકોર આવ્યા હતા.

## દહેગામમાં ટ્રક સાથે અથડાતા કાર સળગી : તબીબ દંપતિ બળી ભડથું

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ-બાયડ રોડ ઉપર મોસમપુર પાસે આજે બપોરના સમયે પસાર થઈ રહેલી કાર ટ્રક સાથે અથડાયા બાદ રોડ સાઈડમાં ભળભળ સળગી ઉઠી હતી. જેથી તેમાં સવાર બાયડનું તબીબ દંપતિ આગમાં ભડથું થઈ ગયા હતું. ઘટનાની જાણ થતાં દહેગામ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના હાઈવે માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે આજે બપોરના સમયે દહેગામ-બાયડ રોડ ઉપર સર્જાયેલા અકસ્માતમાં કારમાં જ બાયડનું તબીબ દંપતિ ભડથું થઈ ગયું હોવાની વિગતો બહાર આવી રહી છે. આ ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે દહેગામ બાયડ રોડ ઉપર રોયલ સ્કુલથી લિહોડાની વચ્ચે મોસમપુર પાસે કાર નં.જીજે-૩૧-ડી-૧૭૪૬ નંબરની કાર બાયડ તરફ જઈ રહી હતી તે સમયે સામેથી આવતી ટ્રક નં.જીજે-૦૨-ઝેડ-૫૭૧૧ સાથે અકસ્માત થયો હતો અને આ કાર રોડસાઈડમાં ઘુસી ગઈ હતી અને તેમાં આગ લાગી હતી. જોતજોતામાં આખેઆખી કાર આગમાં લપેટાઈ હતી. જેના પગલે આસપાસના વિસ્તારના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ દહેગામ ફાયર બ્રિગેડ અને પોલીસને કરવામાં આવતાં પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી.

## વડોદરાની અનોખી ઘટનાઃ મોટી બહેન ભાગી જતા નાની બહેને ફાંસો ખાધો

- ટેન્શનમાં આવીને પોતાના રૂમમાં જઈને પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી

વડોદરા : તાંદલજામા મામાના ઘરે રહેતી બે સગી બહેનોમાની મોટી બહેન આજે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી. જેના ટેન્શનમાં આવીને નાની બહેને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનુ જે.પી.રોડ પોલીસ મથકે નોંધાયુ હતુ. તાંદલજામાં કાળી તલાવડી પાસે મામાના ઘરે ૧૭ વર્ષીય કિશોરી રહેતી હતી. વર્ષો પહેલા તેની માતાનુ દેહાંત થઈ જતા બે બહેનો મામાના ઘરે જ રહેતી હતી. બે બહેનોમાંની મોટી બહેન સાહિસ્તાના લગ્ન થઈ ગયા હતા. જેને લેવા માટે તેના સાસરીવાળા ૧૨ દિવસ બાદ આવવાના હતા. જેને લઈને આજે સાહિસ્તા તેના મામા ફરજ પર ગયા બાદ પહેરેલ કપડે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી. જેની જાણ તેની મામી તથા મામાને થતા તેઓએ સાહિસ્તાની શોધખોળ હાથ ધરી હતી. જો કે મોટી બહેન ઘરેથી ભાગી ગઈ હોવાનુ નાની બહેનને જાણ થતા તેણે ટેન્શનમાં આવીને પોતાના રૂમમાં જઈને પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેની જાણ તેની મામીને થતા તેઓએ ઘટનાની જાણ તેના પતીને કરી હતી. અંતે ઘટનાની જાણ જે.પી.રોડ પોલીસ મથકે કરાતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમા ખસેડયો હતો. જ્યારે બીજી તરફ પોલીસે સાહિસ્તાને શોધવા માટેની પણ કવાયત હાથ ધરી હતી.



# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ભાજપનો ડંકો

## •૩૧ જિલ્લા પંચાયત, ૨૦૪ તાલુકા પંચાયત, ૭૫ નગરપાલિકામાં ભગવો લહેરાયો

અમદાવાદ : ગુજરાતની ૩૩ પૈકી ૩૧ જિલ્લા પંચાયતોની, ૨૪૯ પૈકી ૨૩૧ તાલુકા પંચાયતોની તથા ૧૫૬ પૈકી ૮૧ નગરપાલિકાઓની ૨૮મી ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીના મંગળવારે જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસની અત્યંત શરમજનક હાર થતાં તેના નેતાઓને જાહેરમાં મોં દેખાડવું ભારે થઈ પડયું છે, જ્યારે ભાજપે ભવ્યાતિભવ્ય વિજય હાંસલ કરવા સાથે સૌથી વધુ બેઠકો જીતવાનો નવો ઔઈતિહાસ રચ્યો છે. તમામ ૩૧ જિલ્લા પંચાયતો ઉપર ભાજપે કબજો કર્યો છે, જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં ગયેલી ૯૫૫ બેઠકો પૈકી ૮૧ ટકા યાને ૭૭૫ બેઠકો ઉપર ભાજપે જવલંત જીત હાંસલ કરી છે, જ્યારે કોંગ્રેસ પક્ષ માત્ર ૧૬૯ બેઠકો જ મેળવી શક્યો છે. તાલુકા પંચાયતો ૨૩૧માંથી ૨૦૪ ઉપર ભાજપે ઝળહળતી જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસને ફાળે માત્ર ૨૪ આવી છે. તાલુકા પંચાયતોની કુલ ૪,૭૭૪ બેઠકો પૈકી ચૂંટણીમાં ગયેલી ૪,૬૫૪



બેઠકોમાંથી ૬૯.૬૧ ટકા અર્થાત ૩,૨૪૦ બેઠકો ઉપર ભાજપે ગૌરવશાળી વિજય પ્રાપ્ત કર્યો છે, જ્યારે કોંગ્રેસ પાસે ૧,૨૪૭ બેઠકો આવી છે, તો નગરપાલિકાઓમાં પણ સૂપડાં સાફ કરતાં ભાજપે ૮૧ પૈકી ૭૫ નગરપાલિકાઓ જ ઉપર પોતાનો ભગવો ધ્વજ ફરકાવ્યો છે અને કોંગ્રેસને સમ ખાવા પૂરતી માંડ ૪ નગરપાલિકાઓ ફાળે આવી છે. નગરપાલિકાઓની ચૂંટણીમાં ગયેલી ૨,૬૨૫ બેઠકોમાંથી ૭૫.૯૨ ટકા એટલે કે ૧,૯૯૩ બેઠકો ઉપર ભાજપે જબરજસ્ત જીત હાંસલ કરી છે, જ્યારે કોંગ્રેસને માત્ર ૩૮૬ બેઠકોથી સંતોષ માનવો પડયો છે.

વર્ષ ૨૦૧૫માં આ ત્રણેય સંસ્થાઓમાં થયેલી ચૂંટણીઓમાં કોંગ્રેસે જોરદાર દેખાવ કર્યો હતો, જેને કારણે ૨૦૧૭ની વિધાનસભામાં એણે ૭૯ બેઠકો મેળવી સુંદર પ્રદર્શન કર્યુ હતું. ૨૦૧૫માં ૩૧ જિલ્લા પંચાયતોમાંથી કોંગ્રેસને ૨૪ અને ભાજપને માત્ર ૭ જિલ્લા પંચાયતો હાથ લાગી હતી, ૨૩૦ તાલુકા પંચાયતોમાંથી કોંગ્રેસને ફાળે ૧૪૬ અને ભાજપે ૭૪ આવી હતી, જ્યારે ૮૧ નગરપાલિકાઓની બે તબક્કામાં થયેલી ચૂંટણીમાં ૬૨માં ભાજપની અને ૧૬માં કોંગ્રેસની બોડી બની હતી, પરંતુ એ પછી પાંચ વર્ષમાં ભાજપે કરેલી તોડફોડને અને પક્ષાન્તરને કારણે કોંગ્રેસનું ધોવાણ થયું છે રાજ્યમાં ત્રીજા પક્ષનો વિકલ્પ આપવાનો દાવો કરીને લડનારી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીને જિલ્લા પંચાયતોમાં બે બેઠકો, તાલુકા પંચાયતોમાં ૩૧ બેઠકો તથા નગરપાલિકાઓમાં ૯ બેઠકો પ્રાપ્ત થઈ છે.

### ઓવૈસીની પાર્ટીનો ગામડાંમાં પગપેસારો, 3 નગરપાલિકામાં ૧૭ ઉમેદવારો જીત્યા

ભરૂચ : ઓવૈસીની પાર્ટી એઆઈ–એમઆઈએમ ઉર્ફે મીમે મોડાસા નગર પાલિકા, ગોધરા નગરપાલિકા અને ભરૂચ નગરપાલિકામાં કુલ ૨૬ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા, આ ૨૬ ઉમેદવારો પૈકી ૧૭ ઉમેદવારો નગર પાલિકાની ચૂંટણીમાં જીત હાંસલ કરી છે. મીમે મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૧૨ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા, જે પૈકી ૯ ઉમેદવારોએ જીત હાંસલ કરી છે. આમ મોડાસામાં ઓવૈસીનો પતંગ ચગ્યો છે, ગોધરા નગરપાલિકાની ચૂંટણીમાં મીમે ૮ ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા, એ પૈકી ૭ ઉમેદવારો જીતી ગયા છે, આ સ્થિતિમાં કોંગ્રેસની ભૂંડી દશા થઈ છે. ભરૂચ નગર પાલિકાની ચૂંટણીમાં મીમે ૬ ઉમેદવારો ઉતાર્યા હતા, જે પૈકી એક ઉમેદવારની જીત થઈ છે, બાકી પાંચ ઉમેદવારોને હારનો સામનો કરવો પડયો છે.

## મહેસાણામાં કોંગ્રેસે સામેથી ભાજપને આખી નગરપાલિકા હાથોહાથ ધરી દીધી

### •પ્રદેશ પ્રમુખના જૂથના નવા નિશાળીયાઓએ જૂના જોગીઓને બંડ પોકારવા મજબૂર કર્યા

મહેસાણા : મહેસાણા નગરપાલિકામાં સત્તા જાળવી રાખવામાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહ્યું છે. માત્ર વોર્ડ નં.૨ અને ત્રણ સિવાય અન્ય વોર્ડમાં કોંગ્રેસને કારમી હાર મળી છે. મહેસાણા પાલિકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પૈકી ૩૭ બેઠકો ભાજપના ફાળે આવી છે. જ્યારે કોંગ્રેસને માત્ર ૭ બેઠકો સાથે સંતોષ માનવો પડયો છે. કડી નગરપાલિકાની ચુંટણી પર દ્રષ્ટિપાત કરીએ તો ૯ વોર્ડની ૩૬ બેઠકો પૈકી મતદાન પહેલાં જ ૨૬ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ થતાં સત્તા મેળવી લીધી હતી. માત્ર ૧૦ બેઠકોની યોજાયેલી ચુંટણીમાં ૯ બેઠકો ભાજપને અને એક જ બેઠક કોંગ્રેસને ફાળે આવી છે. વિસનગર નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકોમાંથી ૩૧ બેઠકો મેળવી ભાજપે સત્તાના સુત્રો હસ્તગત કર્યા છે. જ્યારે કોંગ્રેસને મુસ્લીમ બહુલ્યવાળા વોર્ડ નં.બેની ચાર અને વોર્ડ નં.૯ની એક મળીને પાંચ બેઠકો મળી છે. ગત વખતે વિસનગર નગરપાલિકામાં કોંગ્રેસ અને વિકાસમંચે સાથે મળીને ચુંટણી લડી હતી અને પાંચ વર્ષ સુધી સત્તા ભોગવી હતી. જ્યારે ભાજપને હંફાવી ઊંઝા નગરપાલિકામાં અપક્ષોએ સત્તા અગાઉ મેળવી હતી. આ વખતની ચુંટણીમાં પણ કોંગ્રેસની પીછેહટથી ભાજપ અને અપક્ષ વચ્ચે ચુંટણી થઈ હતી. જેના જાહેર થયેલા પરિણામોમાં ૧૯ બેઠકો મેળવી ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. જ્યારે ૧૭ અપક્ષ ઉમેદવારો વિજેતા નિવડયા છે.

### ઘોઘામાં વિજય સરઘસ બાદ ટોળાંએ ઘરમાં ઘૂસી આધેડની હત્યા કરી

ભાવનગર : ઘોઘાના સાણોદર ગામે રહેતા નિર્મળાબેન અમરાભાઇ બોરીચાએ જણાવ્યું કે, આજે સાંજના સુમારે તેણી તેમના પિતા અમરાભાઇ બોરીચા સાથે તેમના ઘરે હતા. તેવામાં તેમના ઘર નજીક તાલુકા પંચાયતમાં વિજયી થયેલાં ઉમેદવારનું વિજય સરઘસ નિકળ્યું હતું. જે વિજયી સરઘસ નિકળી ગયા બાદ ૧૦થી ૧૨ શખસોનું ટોળું તેમના તિક્ષ્ણ હથિયારો સાથે ઘરે ઘસી આવ્યા હતા. અને તમામે ઘરમાં તોડફોડ કરી પિતા–પુત્રી પર લોહીયાળ હૂમલો કર્યો હતો. જુની અદાવતની દાઝમાં ગામના જ શખસોએ હૂમલો કર્યો હતો. પિતા–પુત્રી બન્નેને સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે અમરાભાઇ બોરીચાને મૃત જાહેર કરતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

## કોંગ્રેસના આઠ ધારાસભ્યો ચૂંટણીમાં તેમના સગાંઓને જ જીતાડી ન શક્યા

ગાંધીનગર : કોંગ્રેસના આઠ ધારાસભ્યોના સગા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હાર્યા છે, જ્યારે પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાના ભાઈ રામદેવ મોઢવાડિયા તાલુકા પંચાયતની ચૂંટણીમાં હારી ગયા છે. કોંગ્રેસના આઠ ધારાસભ્યો પૈકી ડો. અનિલ જોષિયારાના પુત્ર કેવલ જોષિયારાએ ભિલોડા પંચાયતની ચૂંટણીમાં હારનો સ્વાદ ચાખ્યો છે, ધારાસભ્ય પૂંજા વંશના પુત્ર પરેશ વંશ જિલ્લા પંચાયતની રાજપરા બેઠક પરથી હાર્યા છે, ધારાસભ્ય વિક્રમ માડના પુત્ર કરણ માડમ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં હાર્યો છે, ધારાસભ્ય નિરંજન પટેલ પોતે બે બે બેઠકો પરથી ચૂંટણી લડયા હતા, બંને બેઠક પરથી તેમની હાર થઈ છે, સાથે જ તેમના પુત્રને પણ હારનો સામનો કરવો પડયો છે, કોંગ્રેસના ધારાસભ્ય અને વિધાનસભા દંડક અશ્વિન કોટવાલના પુત્ર પણ નગરપાલિકાની ચૂંટણીમાં હારી ગયા છે, ધારાસભ્ય પૂનમ પરમારના પુત્ર, ભત્રીજો અને ભત્રીજા વહુ પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભૂંડી રીતે હારી ગયા છે. કોંગ્રેસના ધારાસભ્ય ભીખાભાઈ જોષીના પુત્રવધૂ પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હારી ગયા છે. આ ઉપરાંત ધારાસભ્ય પીડી વસાવાના દીકરી પણ સ્થાનિક સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હાર્યા છે. સંખ્યાબંધ ધારાસભ્યો-નેતાઓના સગા હાર્યા છે, કેટલાક નેતાઓએ દાદાગીરી કરીને, કોંગ્રેસ પાર્ટી માથે દબાણ ઊભું કરીને ટિકિટ મેળવી લીધી હતી, જોકે આ કારણસર જે તે વોર્ડમાં સંખ્યાબંધ કાર્યકરો ભારે નારાજ થયા હતા.

## કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીનું રાજીનામુ

રાજકોટ : વિધાનસભાની પેટાચૂંટણીથી માંડીને મહાનગરપાલિકા,તાલુકા-જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસનો હારનો સિલસિલો યથાવત રહ્યો છે. કોંગ્રેસે હારમાં ય હેટ્રિક નોંધાવી છે. ટિકિટોની વહેંચણીમાં સગાવાદ,ઢંગધડા વિનાનુ ચૂંટણી મેનેજમેન્ટ,નિષ્ફળ પ્રદેશ નેતાગીરી ઉપરાંત પ્રદેશ નેતાઓમાં જૂથવાદને કારણે કોંગ્રેસને હારનો સામનો કરવો પડયો છે.

આ ઉપરાંત અમિત ચાવડા અને પરેશ ધાનાણીની નેતાગીરીમાં જ ૨૦થી વધુ કોંગ્રેસી ધારાસભ્યોએ પક્ષપલટો કરીને કેસરિયો ખેસ ધારણ કર્યો છે.આ યુવા નેતાઓ જ નહીં, પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ પણ ગુજરાત કોંગ્રેસના સંગઠનને મજબૂત અને ભાજપ સામે સક્ષમ બનાવવા સદંતર નિષ્ફળ રહ્યાં છે. પાલિકા-પંચાયતોની ચૂંટણીમાં કારમા પરાજય બાદ અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ રાજીનામા ધર્યા છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે પદભાર સંભાળ્યા બાદ કોંગ્રેસની સતત હાર થતી રહી છે. વિધાનસભા, લોકસભા, પાલિકા અને પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થતો રહ્યો છે. પ્રદેશ કોંગ્રેસના નેતાઓ અંદરોઅંદરની ખેંચતાણને લીધે કોંગ્રેસની ગુજરાતમાં એવી દશા છેકે, પક્ષના અસ્તિત્વનો સવાલ સર્જાયો છે. ખાસ કરીને પ્રભારી રાજીવ સાતવ જ પ્રદેશ કોંગ્રેસના માળખાને જીવંત-મજબૂત રાખવામાં ઉણાં ઉતર્યા છે. સાતવના પ્રભારીપદે કોંગ્રેસ મજબૂત થવાને બદલે વધુ ને વધુ નબળી રહી છે.

### વડોદરામાં કોંગ્રેસના મહિલા ઉમેદવારને માત્ર ૧૦૦ મત મળતાં ગ્રામજનોનો હોબાળો

વડોદરા જિલ્લા પંચાયતની અનગઢ બેઠક પર ભાજપના મહિલા ઉમેદવાર હંસાબેન ગોહિલનો વિજય થતાં કોંગ્રેસના ઉમેદવાર પારુલ મકવાણાના સમર્થનમાં રહીશોએ હોબાળો મચાવ્યો હતો અને ઇવીએમમાં ગોટાળા થયા હોવાનો આક્ષેપ સાથે ઉગ્ર રજૂઆતો કરી હતી. વડોદરા જિ. પંચાયતની અનગઢ બેઠક ઉપર ભાજપ કોંગ્રેસના મહિલા ઉમેદવાર સામે ચૂંટણી લડયા હતા જેમાં ધનોરા ગામના રહેવાસી અને કોંગ્રેસના ઉમેદવાર પારૂલબેન મકવાણાએ ઉમેદવારી કરી હતી મતદાનના દિવસે ધનોરા ગામ માં સો ટકા મતદાન કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં કરવામાં આવ્યું હતું તેમ છતાં આજે મતગણતરી દરમિયાન કોંગ્રેસના ઉમેદવારને માત્ર ધનોરા ગામ માંથી સો મત મળતાં વિવાદ સર્જાયો હતો.

## વિધાનસભાના ૧૬૦થી વધારે મતક્ષેત્રોમાં ભાજપને જંગી લીડ, કોંગ્રેસનો સાવ સફાયો

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ૬ મહાનગરો બાદ હવે ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ કોંગ્રેસનો સાવ સફાયો થયો છે. ફેબ્રુઆરી-૨૦૨૧માં બે તબક્કે થયેલી ચૂંટણીમાં મતદારોએ વિધાનસભા- ૨૦૨૨ની ચૂંટણીનો રોડમેપ તૈયાર કરી લીધો છે. ચૂંટણી આયોગ તરફથી ઉપલબ્ધ મતદાનની ટકાવારીના પ્રારંભિક અહેવાલો મુજબ



વિધાનસભાના ૧૮૨માંથી ૧૬૦થી વધારે મતત્રક્ષેત્રોમાં ભાજપને જંગી લીડ મળી છે. ૩૧ જિલ્લા પંચાયતમાંથી જામનગર અને મોરબી જિલ્લા પંચાયતને બાદ કરતા વિપક્ષના નેતાનું પદ મળે એટલી સંખ્યામાં પણ કોંગ્રેસના ઉમેદવારો ચૂંટાયા નથી. પાંચ વર્ષ અગાઉ અર્ધશહેરી ક્ષેત્રોના બળે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં ૪૪થી ૭૯ ધારાસભ્યો સુધી પહોંચેલી કોંગ્રેસને આ વખતે સિક્કા અને માળિયા મિયાણા જેવી નગરપાલિકામાં જ બહુમતી મળી છે. વિધાનસભા-૨૦૨૨ની ચૂંટણીમાં AAP અને AIMIM પણ ઝંપલાવશે તો કોંગ્રેસના હાથમાં એક પણ બેઠક નહી આવે તે સાંપ્રત પરિણામોથી સ્પષ્ટ થઈ ચૂક્યુ છે.

### મોદીના હોમટાઉન વડનગર અને પાટીલના ગઢમાં આપે ગાબડું પાડયું

મહેસાણા : સુરત મહાનગરપાલિકા સારો દેખાવ કર્યા બાદ આપે પંચાયતોમાં કાઢુ કાઢ્યુ છે. પાલિકા–પંચાયતોમાં આપના કુલ મળીને ૪૨ ઉમેદવારો જિત્યા છે. આપના સારા દેખાવે રાજકીય પંડિતોને ચોંકાવ્યા છે. એટલું જ નહીં, આપે મોદીના હોમટાઉન વડનગર અને સી.આર.પાટીલના ગઢમાં ગાબડું પાડયુ છે. પાલિકા–પંચાયતોની ચૂંટણીમાં આપને સારો આવકાર મળ્યો છે.પાલિકા અને પંચાયતોમાં ય આપે પ્રવેશ કર્યો છે. ગુજરાતમાં ત્રીજા મોરચાની શક્યતા નહીવત છે તે વાત આપે ખોટી ઠેરવી છે. આમ આદમી પાર્ટીએ સૌરાષ્ટ્રમાં જ નહી, ખુદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના ગઢમાં આપે ગાબડાં પડયાં છે.

# સ્થાનિક સ્વરાજની સંસ્થામાં આપની એન્ટ્રી : કોંગ્રેસનું ધોવાણ

**• નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકામાં ભાજપને ૫૦%થી વધુ- કોંગ્રેસને ૪૦%થી પણ ઓછા મત**

અમદવાદ : મહાનગર પાલિકા બાદ નગર પાલિકા- જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ ભાજપનો દબદબો રહ્યો છે. ભાજપે ૮૧માંથી ૭૫ નગર પાલિકા, તમામ ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧માંથી ૧૯૬ તાલુકા પંચાયતમાં વિજય મેળવ્યો હતો. નગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત એમ ત્રણેયમાં ભાજપે ૫૦% કરતાં વધુ મત મેળવ્યા હતા. બીજી તરફ ગુજરાતના રાજકીય તખ્તામાં હજુ પા પા પગલી માંડી રહ્યા હોવા છતાં આમ આદમી પાર્ટી,એઆઈએમઆઈએમ સામે કોંગ્રેસનું ગણિત ખોરવાયું હતું અને તેના મતના પ્રમાણમાં ગાબડું પડયું હતું.

ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા પરિણામની અંતિમ સ્થિતિ પ્રમાણે ૮૧ નગરપાલિકાના ચૂંટણી હેઠળના ૬૮૦ વોર્ડની કુલ ૨૭૨૦ બેઠકો પૈકી ૨૭૨૦ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી હતી. જેમાં ૯૨ બેઠકો પર ભાજપ, ૨ બેઠક પર કોંગ્રેસ, ૧ બેઠક પર અપક્ષ ઉમેદવાર બિનહરીફ જાહેર કરાયા હતા. આમ, ૨૬૨૫ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. આ પૈકી ૧૯૯૩ બેઠકો પર ભાજપ, ૩૮૬ બેઠકો પર કોંગ્રેસ, ૧૭ બેઠકો પર એઆઈએમઆઈએમ, ૧૪ બેઠકો પર સમાજવાદી પાર્ટી, ૯ બેઠકો પર આમ આદમી પાર્ટી જ્યારે ૧૭૧ બેઠકો પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો. નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને કુલ સરેરાશ ૫૨.૭૦% મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસ માત્ર ૨૯.૦૯% મત મેળવી શક્યું હતું. બીજી તરફ આમ આદમી પાર્ટીએ ૩.૯૨ લાખ મત એટલે કે ૪.૧૬%, એઆઈએમઆઈએમે ૬૬,૦૭૦ એટલે કે ૦.૭૦% મત હાંસલ કર્યા હતા. ૩૧ જિલ્લા પંચાયતની ચૂંટણી હેઠળની ૯૮૦ બેઠકો પૈકી ૨૫ બેઠક બિનહરીફ થઈ હતી. જે તમામ બેઠકોમાં ભાજપના ઉમેદવારોએ વિજય મેળવ્યો હતો. ૯૫૫ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાંથીમ ભાજપે ૭૭૫, કોંગ્રેસે ૧૬૯, આપે ૨, ૪માં અન્ય પક્ષના ઉમેદવારોએ વિજય મેળવ્યો હતો. આણંદ જિલ્લાની શિહોલ બેઠક પર ટેક્નિકલ કારણોસર પરિણામ જાહેર કરવામાં આવ્યું નહોતું. ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી હેઠળના ૪,૭૭૪ બેઠકો પૈકી ૧૧૭ બેઠકો બિનહરીફ થઈ હતી.



## કોંગ્રેસ ડૂબતી નાવ, હવે વિપક્ષ માટે પણ લાયક નથી : મુખ્યમંત્રી રૂપાણીનો હુંકાર

પાલિકા-પંચાયતોની ચૂંટણીમાં ભાજપને ઐતિહાસિક વિજય મળતા મુખ્યપ્રધાન રૂપાણીએ કમલમમાં આપેલા સંબોધનમાં કહ્યું હતું કે ગુજરાત રાજ્ય ભાજપનો ગઢ છે. ગત દાયકાઓમાં કોઇપણ રાજકીય પક્ષને આટલી માતબર સફળતા મળી નથી. સૃથાનિક સ્વરાજની સંસૃથાઓની ચૂંટણીમાં મળેલી જીત માટે એ કાર્યકર્તાઓના પ્રયત્નના કારણે થઇ છે. ૨૦૨૨માં પણ રાજ્યમાં ભાજપની સરકાર આવશે તેવો આશાવાદ મુખ્યપ્રધાન રૂપાણી દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. રૂપાણીએ કહ્યું હતું કે આ વિજયને વિનમ્રતાથી ઉજવવા માટે કાર્યકર્તાઓને અપીલ કરૂં છે. પ્રજાને વિશ્વાસ થાય તે રીતે હવે કામ કરવાનું રહેશે. કોંગ્રેસ હવે ડૂબતી નાવ છે અને કોંગ્રેસ હવે વિપક્ષ માટે પણ લાયક નથી. પ્રજાએ કોંગ્રેસના નેતાઓને શોધી-શોધીને ગરાવ્યા છે. અમે કોઇ પાર્ટીને વિપક્ષ તરીકે ગણતા નથી.

## અમદાવાદ જિ.પંચાયતમાં ભગવો, પણ અધ્યક્ષપદ કોંગ્રેસના મહિલા શોભાવશે

અમદાવાદ જિલ્લા પંચાયતની યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ૩૪ બેઠકો પૈકી ૩૧ બેઠકો પર ભવ્ય જ નહીં રેકોર્ડ બ્રેક વિજય સાથે ભાજપે ભગવો લહેરાયો છે અને માત્ર ચાર બેઠકો માંડ માંડ જીતતા કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા છે. જો કે, આ ચૂંટણીનું એક ચોંકાવનારું પણ રસપ્રદ પરિણામ એ આવ્યું છે કે, જિલ્લા પંચાયતના અધ્યક્ષપદનું સ્થાન સરકારે જાહેર કરેલા રોસ્ટર મુજબ આદિવાસી સમાજ (એસ.ટી.)ને ફાળવાયું હતું એ જિલ્લાના શાહપુર મતક્ષેત્રની એસ.સી., અનામત બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર પારુલબહેન અંબારામભાઈ પઢારનો વિજય થયો છે. જ્યારે ભાજપના ઉમેદવાર લલિતાબહેન કરસનભાઈ પઢારનો પરાજય થયો છે. પરિણામે કોંગ્રેસના વિજયી ઉમેદવાર પારુબહેન અંબારામ પઢારને ફાળે અધ્યક્ષપદ જશે અને ભાજપે કાયદેસર તેનો સ્વીકાર કરવો પડશે.

## ખેડૂતોએ ભાજપ સરકારની નીતિઓ ઉપર મહોર લગાવી : ગૃહમંત્રી અમિત શાહ

મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલ સહિત કાર્યકરોને અભિનંદન આપતા ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટ કરીને જણાવ્યુ કે, ગુજરાતમાં સ્તાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂત સહિતની મતદારોએ ભાજપને વિજયી બનાવીને સરકારની કલ્યાણકારી નીતિઓ ઉપર વિશ્વાસની મહોર લાગાવી છે. હું જનતાને નમન કરૂ છુ.આ વિજય ગરીબ, ખેડૂત અને ગામડાના વિકાસ અને કલ્યાણ માટે સર્મિપત વડાપ્રધાનના નેતૃત્વમાં કાર્યરત ભાજપ સરકારોમાં જનતાના અતૂટ વિશ્વાસની જીત છે. પ્રજાએ કોંગ્રેસના નેતાઓને શોધી-શોધીને ગરાવ્યા છે. અમે કોઇ પાર્ટીને વિપક્ષ તરીકે ગણતા નથી. આમ આદમી પાર્ટી ૧૬ બેઠકો જીતી છે, એ કંઇ જીત ન કહેવાય. સી.આર. પાટીલની પેઇજ પ્રમુખની નીતિએ સંગઠનમાં સારૂં એવું કામ કર્યુ છે.

## ભાવનગરમાં વિજેતા મહિલા ઉમેદવારના પતિ સહીત ૫ ઉપર શખસે કાર માથે ચડાવી દીધી

ભાવનગર : રાણપુર તાલુકાના નાગનેશ ગામે રહેતા બાવલભાઈ રાજુભાઈ સુરેલાએ રાણપુર પોલીસ મથકમાં આજ ગામના વિજય ઉર્ફે લાલો પ્રવિણસિંહ ડાભી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, સ્થાનિક સ્વરાજ્ય ૨૦૨૧ની ચૂંટણીમાં ઉક્ત શખસે ઉમેદવારી નોંધાવી હતી અને વિજયે તેઓના કુટુંબી જગદિશભાઈ, ભત્રીજા બુધાભાઈને ધમકી આપી હતી કે જો હું હારી જઈશ તો તમને કોઈને છોડવાના નથી. દરમિયાન ગઈકાલે ચૂંટણીના પરિણામો આવતા નાગનેશ તાલુકા પંચાયત બેઠક પરથી તેઓના પત્ની કંચનબેનનો કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજય થયો હતો. જે બાદ નંદક્વોરી પાસે પહોંચતા વિજયે પોતાની ઈકો કાર લઈ આવી કરણસિંહને ટક્કર મારી પછાડી દઈ ઈકો કાર રિવર્સ લઈ માથે ચડાવવાનો પ્રયાસ કર્યો હતો.

## ચૂંટણીનું કમઠાણ : મહુવાના નૈપ ગામે ૨ ભાઇ ઉપર હુમલો

મહુવા : મહુવા તાલુકાના નૈપ ગામે મેઈન બજારમાં રહેતા જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ બટુકભાઈ ભીલએ મહુવા પોલીસ મથકમાં નિલેશ મથુરભાઈ મકવાણા, કિશોર ઘેલાભાઈ મકવાણા, શિવરાજ નરશીભાઈ બારૈયા, દિપક ખીમજીભાઈ બારૈયા, ઝવેર નાનજીભાઈ મકવાણા, કેતન મથુરભાઈ મકવાણા અને બે અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ પક્ષના ઉમેદવારનો પ્રચાર તેઓએ કર્યો હોય તેની દાઝ રાખી ભાજપના ઉમેદવાર વિજેતા થતા તેનું વિજય સરઘસ તેઓની દુકાન પાસેથી નીકળતા જવેર નાનજીભાઈ મકવાણા સહિતનાએ ગુલાલ ઉડાડી તકરાર કરી હતી જે બાદ પાંચેક કલાકના અરસા દરમિયાન ઉક્ત તમામે કારમાં આવી પાઈપ, હોકી જેવા હથિયારો સાથે ધસી આવી તેઓને આડેધડ માર મારતા તેને બચાવવા તેના ભાઈ ધરમશીભાઈ અને તેઓના પત્ની વચ્ચે પડતા તેને પણ લાકડાના ધોકા વડે અને પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડી હતી.

## મોડાસા પાલિકાની ચૂંટણીમાં વિરોધમાં પ્રચારનો વહેમ રાખી ટેકેદારના ઘરને આગ ચાંપી

મોડાસા- જિલ્લાના સંવેદનશીલ મોડાસા નગરની પાલિકા ચૂંટણીમાં અણધાર્યા પરીણામોની આડ અસરને લઈ કેટલાક વિસ્તારોમાં તંગદીલીભર્યો માહોલ સર્જાયો હતો. જયારે નગરના પરા વિસ્તાર એવા ચાંદ ટેકરીમાં વિરોધ પ્રચારનો વહેમ રાખી ગામના જ એક શખ્સના બંધ મકાનમાં ઉશ્કેરાયેલા ટોળાએ તોડફોડ મચાવી આગ ચાંપી દેતાં જ નગરમાં મોડી રાત્રે ચકચાર મચી હતી. બનાવની ગંભીરતાને પગલે ટાઉન પોલીસનો કાફલો ચાંદટેકરી માં ખડકી દઈ સ્થિતિ ઉપર નિયંત્રણ લદાયું હતું. આ ચકચારી બનાવમાં રૂ.૨૫ હજારની લૂંટ, રૂ.૨ લાખની ઘર વખરી ને આગ ચાંપી નાશ કરી ધારીયા,પાઈપો અને લાકડી વડે હિંચકારો હુમલો કરનાર ૨૨ શખ્શો સહિત ના ટોળા વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો.

## અરવલ્લી : કોંગ્રેસના ઉમેદવારને પોતાના ગામમાંથી ૧૧ મત મળતા તપાસની માંગ

અરવલ્લી જિલ્લામાં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મત ગણતરી, પરીણામો અને ઈવીએમ સામે કેટલાક સ્થળે અસંતોષ જોવા મળ્યો હતો. મોડાસા તાલુકા પંચાયતની દધાલીયા સીટ ઉપર કોંગ્રેસ પક્ષના મહિલા ઉમેદવારને તેમના જ ગામ કોકાપુર ખાતે માત્ર ૧૧ મતો મળતાં ટેકેદારોમાં ચકચાર મચી હતી અને આ પરીણામ જ અટકાવવા, ઈવીએમની એફએસએલ દ્વારા તપાસ કરાવવા કોંગ્રેસ દ્વારા દેખાવો યોજી કલેકટરને આવેદનપત્ર અપાયું હતું. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મત ગણતરીને લઈ હારેલા ઉમેદવારો દ્વારા જાત જાતના આક્ષેપો કરાયા હતા. કેટલીક બેઠકો ઉપર તો રીકાઉન્ટીંગ ની માંગને લઈ પુન: મત ગણતરી હાથ ધરાઈ હતી. પંરતુ મોડાસા તાલુકા પંચાયતની દધાલીયા બેઠક ઉપર ના કોંગ્રેસ ના ઉમેદવાર અને તાલુકા પંચાયતની ગત ટર્મના પ્રમુખ ભાવનાબેન ને તેમના ગામના બુથમાંથી માત્ર ૧૧ મતો જ નીકળતા ભારે અચરજ ફેલાયું હતું. મત ગણતરી એજન્ટ અને ઉમેદવારના પતિ જયદીપભાઈ એ તંત્ર સામે જ આક્ષેપો કરતાં ઈવીએમમાં ગોટાળા હોવાનો ઓક્ષપ કર્યો હતો.

## મોડાસા : AIMIMની એન્ટ્રી : કોંગ્રેસનો વિરોધ પક્ષનો દરજ્જો છીનવાયો

ભીલોડા: અરવલ્લી જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે સત્તા ગુમાવી છે. મોડાસા નગરપાલિકામાં એઆઇએમઆઇએમને ૯ બેઠકો મળી કોંગ્રેસ પાસેથી વિરોધપક્ષનું પદ પણ છીનવી લીધું છે. કોંગ્રેસે ૮ બેઠકો મેળવી રહીસહી આબરૂ બચાવી લીધી હતી. મોડાસા નગર પાલિકામાં ભાજપને કુલ ૧૯ બેઠકો મળી છે, બહુમતી માટેનો જાદુઈ આંકડો ભાજપે હાંસલ કરી છે. ભારતીય જનતા પાર્ટી છેલ્લા ૨૫ વર્ષથી નગરપાલિકા પર સત્તા પર છે ત્યારે આ વર્ષે પણ ફરીથી સત્તામાં બેસશે. ભાજપને કુલ ૧૯ બેઠકો મળી છે. કોંગ્રેસની નબળી નેતાગીરી અને ટીકીટ વહેંચણીમાં ઉમેદવારોની પસંદગીમાં વ્હલા-દવાલાની નીતિના લીધે વિપક્ષ પદ પણ ગુમાવવું પડ્યું હતું. મોડાસા પાલિકાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટીનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

## સાણંદ : મૃત્યુ પામેલા અપક્ષ ઉમેદવારનો વિજય થયો

અમદાવાદ: તાલુકા પંચાયતની ચૂંટણીમાં સાણંદમાં ૨૪ બેઠકોમાંથી ૧૪ ભાજપના ફાળામાં ગઈ હતી અને નવ બેઠકો કોંગ્રેસે કબ્જે કરી હતી. આ તમામ પરિણામમાં એક માત્ર બેઠક એવી હતી જેમાં અપક્ષના ઉમેદવારનો વિજય થયો હતો. લોકોએ તેમના પર ભરોસો દાખવીને મત તો આપ્યો પરંતુ જીવનની ચૂંટણીમાં તેઓ પરાસ્ત થઈ ગયા હતા. સોમવારે ચૂંટણીના પરિણામના એક દિવસ પહેલા જ તેમનું અવસાન થયું હતું. જિલ્લા અને તાલુકા પંચાયત સહિત નગર પાલિકાઓની ચૂંટણીના પરિણામોમાં ભાજપ વિજયકૂચ તરફ અગ્રેસર હતું ત્યારે પરિણામોમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની પણ હાર થઈ છે. આજે વહેલી સવારથી મતગણતરીનો માહોલ છવાઈ ગયો હતો. જેમાં સાણંદ તાલુકા પંચાયતની પીપળ સીટ પર લીલાબેન ઠાકોરનો વિજય થયો હતો.

## તાપી : આદિવાસી જિલ્લામાં પણ કોંગ્રેસના વળતા પાણી : ડાંગમાં પણ પછડાટ મળી

તાપી જિલ્લામાં પંચાયતની ચૂંટણીના પરિણામો ચોંકાવનારા આવ્યા હતા.તાપી જિલ્લો બન્યા બાદ બે વાર જિલ્લા પંચાયતમાં સત્તા મેળવનાર કોંગ્રેસને ફાળે ૨૬ બેઠકો માંથી માત્ર ૯ બેઠક જયારે ૧૭ બેઠક પર વિજય મેળવી ભાજપે જિલ્લા પંચાયત કબજે કરી છે. એજ રીતે ૭ પૈકી ૫ તાલુકા પંચાયતો પણ ભાજપે કબજે કરી કોંગ્રેસનો સફાઈ કર્યો છે. તાપી જિલ્લા પંચાયતની ૨૬ બેઠકો પરઆજે કોંગ્રેસ માટે આઘાત જનક પરિણામો આવ્યા હતા. ૨૦૧૫માં ૨૧ બેઠકો પર વિજય મેળવનાર કોંગ્રેસને ફાળે માત્ર ૯ બેઠક આવી છે. ભાજપે ૧૭ બેઠક કબ્જે કરી ભવ્ય વિજય મેળવ્યો છે. સુરત જિલ્લા પંચાયતમાંથી છુટા પડયા બાદ સતત બે વાર કોંગ્રેસનો વિજય થયો હતો.અને ત્રીજી વારની ચૂંટણીમાં ભાજપે કાંગેસ પાસેથી સત્તા છીનવી લીધી છે. જોકે આ માટે કોંગ્રેસના શીર્ષ નેતૃત્વ પર પણ સવાલો ઉભા થઇ રહ્યા છે. ટિકીટ ફાળવણીમાં કરેલી ભૂલ તેઓને ભારે પડી રહી છે. એ જ રી તે ડાંગ જિલ્લામાં પણ પંચાયતોમાં કોંગ્રેસને ભારે પછડાટ મળી હતી.

**માર્ચ મહિનાથી રસીકરણના બીજા તબક્કાનો આરંભ થયો**

# મહામારી સામે જંગ : દેશમાં ૧.૭૭ કરોડથી વધુ નાગરિકોને કોરોનાની વેક્સિન મૂકાઈ

નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગુરૂવારે જણાવ્યું કે દેશમાં કોવિડ -૧૯ ની ૧.૭૭ કરોડથી વધુની રસી લગાવવામાં આવી ચુકી છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીએ આરોગ્ય કર્મચારીઓની રસી સાથે રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાનની શરૂઆત થઈ હતી. કોરોના વાયરસ સામેના યુદ્ધમાં, ૨ ફેબ્રુઆરીથી ફ્રન્ટ લાઈન વર્કર્સને રસી આપવામાં આવી હતી. કોવિડ-૧૯ રસીકરણનો આગલો તબક્કો, કે જે માર્ચથી શરૂ થયો હતો, તેમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમરનાં વિવિધ રોગોથી પીડિત લોકોને રસી લગાવવાનું શરૂ કર્યું. મંત્રાલયના જણાવ્યા અનુસાર ગુરુવારે સાંજે ૭ વાગ્યા સુધી જાહેર કરવામાં આવેલા પ્રોવિઝનલ રિપોર્ટ મુજબ ૧,૭૭,૧૧,૨૮૭ રસી લાગુ કરવામાં આવી ચુકી છે.

મંત્રાલયે જણાવ્યું કે આમાથી, ૬૮,૩૮,૦૭૭. રસીઓ આરોગ્ય કાર્યકરોને પ્રથમ ડોઝ તરીકે આપવામાં આવી હતી જ્યારે ૩૦,૮૨,૯૪૨ રસીઓ બીજા ડોઝ તરીકે આપવામાં આવી. એડવાન્સ ફ્રન્ટ પર તૈનાત કર્મચારીઓને પ્રથમ ડોઝ તરીકે ૬૦,૨૨,૧૩૬ જ્યારે બીજા ડોઝ તરીકે ૫૪,૧૭૭ રસી આપવામાં આવી. ૬૦ વર્ષથી અધીક વયનાં લોકોને ૧૪,૯૫,૦૧૬ અને વિવિધ રોગોથી પિડિત ૪૫ કે તેનાથી વધુ વયનાં વ્યક્તિઓને ૨,૧૮,૯૩૯ રસી લગાવવામાં આવી. દેશવ્યાપી કોવિડ -૧૯ રસીકરણ અભિયાનનાં ૪૮ માં દિવસે એટલે કે ગુરુવાર સાંજે સાત વાગ્યા સુધી કુલ ૧૦,૯૩,૯૫૪ રસી આપવામાં આવી ચુકી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્રોવિઝનલ રિપોર્ટ મુજબ, આમાથી ૮,૩૪,૧૪૧ લાભાર્થીઓને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો અને ૨,૫૯,૮૧૩ આરોગ્ય કર્મચારીઓ અને ફ્રન્ટ લાઈન વર્કર્સને બીજો ડોઝ આપવામાં આવ્યો. ૮,૩૪,૧૪૧ લાભાર્થીઓમાં ૬૦ વર્ષથી વધુ ૪,૯૩,૯૯૯ અને વિવિધ રોગોથી ગ્રસ્ત ૪૫ થી ૬૦ વર્ષની વયનાં ૭૫,૧૪૭ લોકોનો સમાવેશ થાય છે.




## ભારત બાયોટેકે કોવેક્સીનનના ત્રીજા તબક્કાની ટ્રાયલનું રિઝલ્ટ જાહેર કર્યું, ૮૧% અસરકારક

ભારત બાયોટેકે બુધવારે સ્વદેશી કોરોના વેક્સિન કોવેક્સિનના ત્રીજા તબક્કાના ક્લિનિકલ ટ્રાયલના ડેટા જાહેર કર્યા છે. કંપનીના જણાવ્યા પ્રમાણે ત્રીજા તબક્કાની ટ્રાયલમાં કોવેક્સિન ૮૧ ટકા અસરદાર સાબિત થઇ છે. ઉલ્લેખનીય છે કે કોવેક્સિન વેક્સિનને સરકારે ઇમરજન્સી ઉપયોગ માટે મંજૂરી પતાની સાથે જ તેના પર સાવલો ઉભા થયા હતા. તેનું કારણ હતું કે કોવેક્સિનને જ્યારે મંજૂરી મળી ત્યારે હજું તેના ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલું હતી અને તેનો ડેટા પણ જાહેર નહોતો કરાયો. ત્યારે હવે ભારત બાયોટેકે ત્રીજા તબક્કાની ટ્રાયલનો ડેટા જાહેર કરીને તમામ સવાલો પર પુર્ણવિરામ મુકી દીધું છે. ઉલ્લેખનીય છે કે કોવેક્સિનનો ઉપયોગ અત્યારે દેશમાં થઇ રહેલા કોરોના રસીકરણ માટે પણ થઇ રહ્યો છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કોવેક્સિન રસીનો પહેલો ડોઝ લીધો છે. ભારત બાયેટેકે કહ્યું કે ૨૫૮૦૦ લોકો પર ટ્રાયલ કર્યા બાદ આ ડેટા ઉપલબ્ધ થયો છે. જેની અંદર રસીના પ્રભાવી હોવાના પ્રમાણ છે.

# કેન્દ્ર કોરોનાની રસીને પોતાના નાગરિકોને આપે : હાઈકોર્ટ

નવી દિલ્હી : દિલ્હી હાઇકોર્ટે તેના દ્વારા જ દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી કરતાં કેન્દ્ર સરકારને સવાલ કર્યો હતો કે, હાલની સિસ્ટમ પ્રમાણે કોરોના રસી મેળવી શકે તેવા લોકોમાં વર્ગવાર નિયંત્રણ શા માટે રાખવામાં આવી રહ્યું છે? કેન્દ્ર સરકાર એફિડેવિટ દાખલ કરીને કારણો રજૂ કરે. હાઇકોર્ટે જણાવ્યું હતું કે, સરકાર પાસે કોરોનાની રસીનો જે જથ્થો છે તેનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. સરકાર ભારતના નાગરિકોને રસી આપવાને સ્થાને ક્યાં તો તેને વિદેશોમાં દાનમાં આપી રહી છે અથવા તો વિદેશોને વેચી રહી છે. સરકારમાં તાકીદની પરિસ્થિતિ અને જવાબદારીનું ભાન હોવું જોઇએ. બાર કાઉન્સિલ ઓફ દિલ્હી દ્વારા માગ કરવામાં આવી હતી કે ન્યાયાધીશો, કોર્ટના કર્મચારીઓ અને વકીલો સહિત ન્યાયતંત્ર સાથે સંકળાયેલા લોકોને ફ્રન્ટલાઇન વર્કર્સ જાહેર કરવામાં આવે જેથી તેમને કોઇપણ પ્રકારની વયમર્યાદા અથવા તો શારીરિક સ્થિતિની મર્યાદાઓ વિના પ્રાથમિકતાના ધોરણે કોરોનાની રસી આપવામાં આવે. જસ્ટિસ વિપિન સાંઘી અને જસ્ટિસ રેખા પલ્લીની દિલ્હી હાઇકોર્ટની બેન્ચે કેન્દ્ર સરકારને સવાલ કર્યો હતો કે ૬૦ વર્ષથી વધુ વયના લોકો અને ગંભીર બીમારી ધરાવતા ૪૫ વર્ષથી વધુ વયના લોકોને રસી અપાઇ રહી છે તે સિસ્ટમ અંતર્ગત જે લોકો કોરોનાની રસી લઇ શકે તેમ છે તેમના પર વર્ગ પ્રમાણે શા માટે આકરાં નિયંત્રણ રાખવામાં આવી રહ્યાં છે? સરકાર એફિડેવિટમાં કારણો રજૂ કરે. દિલ્હી હાઇકોર્ટે ભારતમાં કોરોના રસીનું ઉત્પાદન કરી રહેલી પૂણે સ્થિત સીરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા અને હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક કંપનીઓને પણ આડે હાથ લેતાં બંને કંપનીને કોરોના વેક્સિનની ઉત્પાદન ક્ષમતાનો રિપોર્ટ આપવા જણાવ્યું છે. પલ્લીની બેન્ચે જણાવ્યું હતું કે, સીરમ ઇન્સ્ટિટયૂટ અને ભારત બાયોટેક કોરોના વેક્સિનના ઉત્પાદનની ક્ષમતાઓ ધરાવે છે પરંતુ તેનો સંપૂર્ણ ઉપયોગ કરી રહી નથી.

# કોરોનાની મહામારી વચ્ચે ૨૦૨૦માં ભારતમાં ૪૦ અબજોપતિઓ વધ્યા!

મુંબઈ : કોરોનાની મહામારી વચ્ચે વર્ષ ૨૦૨૦માં ભારતના અબજો પતિઓની યાદીમાં વધુ ૪૦ ધનિકોનો ઉમેરો થયો હતો જેને પરિણામે કુલ અબજોપતિઓની સંખ્યા વધીને ૧૭૭ થઈ હતી. ૮૩ અબજ ડોલરની કુલ સંપત્તિ સાથે આરઆઈએલના ચેરમેન મુકેશ અંબાણી સૌથી વધુ ધનિક ભારતીય તરીકે પહેલા ક્રમ પર રહ્યા હતા. તેમની સંપત્તિમાં ૨૪ ટકાનો વધારો થયો હતો. વિશ્વના અબજોપતિઓની યાદીમાં તેઓ ૮મા ક્રમે હોવાનું હુરૂન ગ્લોબલ રિચ લિસ્ટમાં જણાવાયું હતું.



ગુજરાતના ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની સંપત્તિમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦માં તેમની સંપત્તિ લગભગ બમણી થઈને ૩૧ અબજ ડોલર થઈ હતી. ૨૦ ક્રમની છલાંગ લગાવીને તેઓ વિશ્વના અબજોપતિઓની યાદીમાં ૪૮મા ક્રમે અને ભારતીય અબજોપતિઓની યાદીમાં મુકેશ અંબાણી પછી બીજા ક્રમે રહ્યા હતા. ગૌતમ અદાણીના ભાઈ વિનોદ અદાણીની સંપત્તિ ૧૨૮ ટકા વધીને ૯.૮ અબજ ડોલર થઈ હતી.

હુરૂન ગ્લોબલ રિચ લિસ્ટમાં ૧૫ જાન્યુઆરી સુધીની સંપત્તિને ધ્યાનમાં લઈને વ્યક્તિઓ કે ફેમિલીની સંપત્તિની યાદી બનાવવામાં આવી હતી. કોરોનાને કારણે લોકડાઉનને પગલે ભારતીય ઈકોનોમીના ગ્રોથ રેટમાં ૭ ટકાનો ઘટાડો થયો હતો પણ ૪૦ ધનિકોની સંપત્તિમાં વધારો નોંધાયો હતો.

# ઝેરી દારૂ વેચનારને સીધી ફાંસીની સજા અને ૨૦ લાખનો દંડ : પંજાબ સરકાર

અમૃતસર : ગયા વર્ષે પંજાબના અમૃતસર, તરૉનતારન અને ગુરદાસપુર જિલ્લામાં ઝેરી દારૂના કારણે ૧૦૦થી વધુ લોકોના મોત બાદ સરકારે સખત કાર્યવાહી કરી છે. એક નિર્ણય મુજબ જો કોઈ વ્યકિત નશીલી દવાઓ નાંખીને દારૂ વેચશે અને દારૂ પીવાથી કોઈનું મોત થયું તો આવા દોષીઓને ફાંસીની સજા, આજીવન કેદ અને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે.

સરકારે અમૃતસર રેલવે દુર્ઘટનાના મૃતક પરિવારના સભ્યો અને વારસોને યોગ્યતા પ્રમાણે અલગ અલગ સંસ્થાઓમાં નોકરી આપવાની મંજૂરી પણ આપી દીધી છે. આ કેસને વિશેષ કેસ ગણાવી નિયમોમાં છૂટછાટ આપી હતી. ઉલ્લેખનીય છે કે આ ટ્રેન અકસ્માત ૧૯ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ અમૃતસરના જોઢા ફાટક પર દશેરાના દિવસે બન્યો હતો, જેમાં ૫૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૭૧ લોકો ઘાયલ થયાં હતાં. આ ઘટનાને લગતા કાયદા અને નિયમો ૨૧ નવેમ્બર ૨૦૨૦ના દાયરામાં નહોતા આવતા. આ પછી અમૃતસરના ડેપ્યુટી કમિશનરની દરખાસ્ત પર વિચાર કર્યા પછી મુખ્ય પ્રધાન કચેરીએ નિર્ણય લીધો કે રાજ્યના વિવિધ વિભાગો અને સંસ્થાઓને તેમની યોગ્યતા અનુસાર ૫૮ મૃતકોના ૩૪ પરિવારોમાંના એક એક સભ્યને નોકરી આપવી.

# તામિલનાડૂ ચૂંટણી પહેલાં જ શશિકલાએ રાજનીતિમાંથી સંન્યાસની જાહેરાત કરી

ચેન્નાઈ : તામિલનાડૂ વિધાનસભા ચૂંટણી પહેલા શશિકલાએ મોટી ઘોષણા કરી છે. શશિકલાએ રાજનીતિમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. રાજનીતિમાંથી સંન્યાસ લેવાની જાહેરાત બાદ શશિકલાએ કહ્યું કે તેણે ક્યારેય સત્તાનો મોહ નથી રાખ્યા. તે હંમેશા લોકોની ભલાઇ માટે કામ કરશે અને અમ્મા (જયલલિતા)એ સુચવેલા માર્ગનું અનુસરણ કરશે. શશિકલાએ આગામી વિધાનસભા ચૂંટણીમાં ડીએમકેને હરાવવા માટે એઆઈએડીએમકેના કાર્યકર્તાઓને એકજૂથ રહેવાનું કહ્યું છે. સાથે જ કહ્યું છે કે આપણે બધાએ એ નક્કી કરવું પડશે કે તામિલનાડૂ રાજ્યમાં એમજીઆરનું શાસન શરુ રહેવું જોઈએ. શશિકલાએ કહ્યું કે અમ્માએ કહ્યું હતું કે તેઓ (ડીએમકે) દુષ્ટ શક્તિઓએ છે. અમ્માના કેડરોએ ડીએમકેને હરાવવા માટે કામ કરવું જોઈએ અને પ્રયત્નો કરવા જોઈએ કે અમ્માની ઈચ્છી પ્રમાણેનું શાસન ફરી વખત આવે.

# પાટે ચડતું ભારતીય અર્થતંત્ર : સરકારને લીલાલહેર : GST ૧ લાખ કરોડને પાર

- **કોરોનાની મંદી પછી સતત છેલ્લા પાંચ માસથી આવકમાં નોંધપાત્ર વધારો**

નવી દિલ્હી : સળંગ પાંચમા મહિને જીએસટી કલેક્શન એક લાખ કરોડ રૂપિયાને પાર થઈ થયું છે. ફેબ્રુઆરી, ૨૦૨૦માં જીએસટી કલેક્શન સાત ટકા વધીને ૧.૧૩ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જીએસટી કલેક્શનના આંકડા આૃર્થતંત્ર સુધરી રહ્યાં હોવાના સંકેત આપે છે તેમ નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી, ૨૦૨૦માં જીએસટી કલેક્શન ૧.૦૫ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. જાન્યુઆરી, ૨૦૨૧માં જીએસટી કલેક્શન ૧,૧૯,૮૭૫ કરોડ રૂપિયા રહ્યું હતું. જ્યારે ડિસેમ્બર, ૨૦૨૦માં જીએસટી કલેક્શન ૧.૧૫ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. નાણા મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર ફેબ્રુઆરી, ૨૦૨૧માં જીએસટી ક્લેકશન ૧,૧૩,૧૪૩ કરોડ રૂપિયા રહ્યું છે. જે પૈકી સેન્ટ્રલ જીએસટી ૨૧,૦૯૨ કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી ૨૭,૨૭૩ કરોડ રૂપિયા, ઈન્ટેગ્રેટેડ જીએસટી ૫૫,૨૫૩ કરોડ રૂપિયા અને સેસ ૯૫૨૫ કરોડ રૂપિયા રહ્યું છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે પાંચ મહિનાથી જીએસટી કલેક્શનમાં ગયા વર્ષની સરખામણીમાં વધારો થયો છે.

# યોગી સરકારનો સપાટો, મુખ્તાર અંસારી ગેંગના બે શાર્પ શૂટરોનું એન્કાઉન્ટર

લખનઉ : ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ગુંડાઓ વચ્ચે સશસ્ત્ર અથડામણ થઈ હતી. અરૈલ વિસ્તારના કછારમાં થયેલી આ અથડામણમાં ને બદમાશો વકિલ પાંડે ઉર્ફે રાજૂ પાંડેય અને અમજદ ઉર્ફે પિંટૂ ઠાર મરાયા હતાં. આ બંને મુન્ના બજરંગી, મુખ્તાર અંસારીની ગેંગના શાર્પ શૂટર હોવાનું કહેવાય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી તેઓ બંને દિલીપ મિશ્રા માટે કામ કરતા હતાં.

પોલીસના જણાવ્યા પ્રમાણે વકીલ પાંડે પર ૫૦ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. બંને મુન્ના બજરંગી, મુખ્તાર અંસારી ગેંગના શૂટર હતાં. બંનેએ રાંચીના હોટવાર જેલના જેલ અધિકારીની હત્યાની સોપારી લીધી હતી. પ્રયાગરાજમાં પણ એક પ્રભાવશાળી વ્યક્તિનું હત્યાનું ષડયંત્ર લીધું હતું.

# ૨૦૦ આતંકવાદીઓ ભારતમાં ઘુસવાની ફિરાકમાં, સરહદ બહાર મિટીંગ યોજાઈ

શ્રીનગર : થોડા થોડા સમયે પાકિસ્તાન તરફથી ભારત વિરુદ્ધ કોઈને કોઈ કાવતરું ખુલ્લું પાડવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન સેના દ્વારા નિયંત્રણ રેખા ક્રોસ કરીને આતંકવાદીઓને ભારતમાં ઘુસણખોરી કરવામાં મદદ કરવામાં આવે છે. હવે નવી માહિતી સામે આવી છે કે પાકિસ્તાનના ૨૦૦ જેટલા આતંકવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરવાની તૈયારી કરી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ આતંકવાદીઓ પૂંછ અને રાજૌરી સેક્ટરથી ભારતના જમ્મુ-કાશ્મીરમાં ઘુસણખોરી કરી શકે છે.

મળતી માહિતી મુજબ આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી કમાન્ડરોએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ના ફોર્ટ ઘૌટામાં ભારત વિરુદ્ધ કાવતરું ઘડવા એક બેઠક પણ યોજી છે. આ બેઠકમાં આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનનો મુખ્ય આતંકવાદી તારિક શાહ અને લશ્કરનો મોટો આતંકવાદી તાલા મહેતાબ પણ આ હાજર રહ્યા હતા. ઉપરાંત જયેશ-એ-મોહમ્મદ કમાન્ડર નઝિમ ઉર રેહમાન પણ આમાં સામેલ હતો.

જે માહિતી સામે આવી છે એમાં કહેવામાં આવ્યું છે કે મીટિંગમાં આતંકવાદીઓની સંખ્યાને વધારવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ સાથે બેઠક બાદ ૫-૬ લશ્કર આતંકવાદીઓ રાજૌરીમાં પુખેરી અને લહેરાણની સામે પાકિસ્તાની વિસ્તારોમાં ગાઈડ સાથે રેકી કરતા જોવા મળ્યા હતા. અત્યારે ભારતીય સેનાના સૈનિકો આતંકીઓનો સામનો કરવા અને એલઓસી પર ઘૂસણખોરી રોકવા માટે તૈયાર છે.

## કર્ણાટકમાં સેક્સ ફોર જોબના આક્ષેપ થતાં ભાજપ પ્રધાનનું રાજીનામું

બેંગ્લુરૂ : કર્ણાટકના જળસંસાધન પ્રધાન રમેશ જરકીહોલીએ સેકસકાંડમાં નામ સામે આવતાં પદ પરથી રાજીનામું આપી દીધું છે. યેદિયુરપ્પા સરકારમાં પ્રધાનપદ સંભાળી રહેલા જરકીહોલીની સીડી મીડિયામાં જાહેર થઈ હતી. સીડીમાં જરકીહોલી એક મહિલા સાથે જોવા મળ્યા હતા.

રાજ્યના સામાજિક કાર્યકર્તા દિનેશ કલ્લાહલ્લીએ તે સીડી જાહેર કરી હતી. કલ્લાહલ્લીએ આક્ષેપ કર્યા હતા કે કર્ણાટક પાવર ટ્રાન્સમિશન કોર્પોરેશનમાં નોકરી અપાવવાની લાલચ આપીને મહિલાનું જાતીય શોષણ થયું હતું. જરકીહોલીના ભાઈ બાલાચંદ્રે મુખ્યપ્રધાન યેદિયુરપ્પાને આ કેસની તપાસ સીઆઈડી કે સીબીઆઈ પાસે કરાવવા માગણી કરી હતી.

## કલાસીફાઈડ / Classified

**MOTEL MANAGER REQUIRED**
કિંગ્સ્ટન (ઓન્ટેરિયો)માં આવેલી મોટેલ માટે મેનેજર જોઈએ છે.ઈંગ્લિશ અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. રહેવાની સગવડ આપીશું.
Email Resume :- rpatel0630@gmail.com
Contact : 647-525-6763

## વિશ્વવિખ્યાત મકબરા તાજમહેલમાં બોમ્બની અફવાથી અફરાતફરી



નવી દિલ્હી : વિશ્વની ૭ અજાયબી પૈકીના એક તાજમહેલમાં બોમ્બ હોવાના સમાચાર મળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, બાદમાં તે ખોટી માહિતી હોવાનું સામે આવ્યું હતું. તાજમહેલમાં બોમ્બ હોવાની સૂચના મળતા જ તેમાં હાજર પ્રવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા અને બંને દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. કોઈ અજ્ઞાત વ્યક્તિએ પોલીસને ફોન કરીને બોમ્બ હોવાની માહિતી આપી હતી. બાદમાં પોલીસે તે યુવકને કસ્ટડીમાં લીધો હતો અને તેણે નોકરી ન મળવાથી પરેશાન થઈને આ રીતે હેરાન કર્યા હોવાનું કબુલ્યુ હતું. બોમ્બની સૂચના મળતા જ તાજમહેલના પરિસરમાં સીઆઈએસએફની ભારે તૈનાતી કરી દેવામાં આવી હતી અને બધી જગ્યાએ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આગ્રાના લોહામંડી થાણામાં યુપી પોલીસને કોઈએ બોમ્બ હોવાની સૂચના આપી હતી.

## હરિયાણામાં હવે ખાનગી ક્ષેત્રમાં ૭૫ ટકા ભરતી સ્થાનિક લોકોની કરાશે

નવી દિલ્હી : હરિયાણામાં હવે ખાનગી ક્ષેત્રમાં ૭૫ ટકા ભરતી સ્થાનિક લોકોની કરવી પડશે. હરિયાણાના રાજ્યપાલ સત્યદેવ નારાયણ આર્યએ બિલને લીલી ઝંડી આપતાં કાયદો અમલી બનશે અને રાજ્યમાં ખાનગી ક્ષેત્રમાં ભરતી દરમિયાન સ્થાનિક લોકો માટે ૭૫ ટકા અનામત રાખવી પડશે. હરિયાણા વિધાનસભાએ પાછલા વર્ષે આ બિલને પાસ કર્યુ હતું. હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું હતું કે, સરકાર ટૂંક સમયમાં આ અંગે જાહેરનામું બહાર પાડશે. નોંધનીય છે કે હરિયાણા સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડિડેટ બિલ, ૨૦૨૦ હેઠળ રૂ. ૫૦,૦૦૦થી નીચો માસિક પગાર ધરાવતી તમામ જોબ તેના દાયરામાં આવી જશે.

## કોંગ્રેસમાં જી-૨૩ નેતાઓ અને ગાંધી પરિવાર વફાદારો વચ્ચે ઉગ્ર ઘમસાણ

નવી દિલ્હી : કોંગ્રેસમાં જી-૨૩ તરીકે ઓળખાતા કોંગ્રેસના ૨૩ અસંતુષ્ટ નેતાઓએ હાઈકમાન્ડના નિર્ણયો સામે સવાલો ઉઠાવવાનું જારી રાખ્યું છે. જી-૨૩ નેતાઓએ પશ્ચિમ બંગાળમાં મુસ્લિમ ધર્મગુરુ અબ્બાસ સિદિકીની પાર્ટી આઈએફએસ સાથે કોંગ્રેસના ગઠબંધન પર સવાલ ઉઠાવ્યા હતા. રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ આનંદ શર્માએ જણાવ્યું હતું કે, આઈએફએસ સાથેનું કોંગ્રેસનું ગઠબંધન નહેરુ અને ગાંધીની બિનસાંપ્રદાયિકતા અને પાર્ટીની મૂળ વિચારધારાની વિરુદ્ધ છે. ગાંધી પરિવારના અત્યંત વફાદાર મનાતા અધીર રંજન ચૌધરીએ આકરો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, અસંતુષ્ટ કોંગ્રેસી નેતાઓએ તેમના અંગત લાભની બાબતોથી ઉપર ઊઠવું જોઈએ અનેઔવડા પ્રધાનની પ્રશંસામાં સમય વેડફવો જોઈએ નહીં. પાર્ટીને મજબૂત બનાવવાની જવાબદારી તેમની છે અને જે પાર્ટીએ તેમને આટલા મોટા નેતા બનાવ્યા તેને બદનામ કરવી જોઈએ નહીં. પીએમ મોદીની પ્રશંસા કરનારા ગુલામનબી આઝાદના કોંગ્રેસના કાર્યકરોએ જમ્મુમાં પૂતળાં ફૂંક્યાં હતાં અને આઝાદ વિરોધી નારાબાજી કરી હતી. કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે ગુલામનબી આઝાદને ઉચ્ચ હોદ્દાઓ આપ્યા પરંતુ હવે જ્યારે કોંગ્રેસને તેમની જરૂર છે ત્યારે ભાજપ સાથે દોસ્તી વધારી રહ્યાં છે.

# મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં મેઅરાજ (સ્વર્ગારોહણ)નું વર્ણન આધુનિક વિજ્ઞાનની દ્રષ્ટિએ



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

મુસલમાનોના ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં આવેલ વર્ણન મુજબ આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા સાતમા ઈસ્લામી મહીના રજબની ૨૬ તારીખની રાત્રે પાલનહાર અલ્લાહે ઈસ્લામના અંતિમ પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ને દેવદૂતો (ફરીશતાઓ)ના સરદાર હઝરત જીબ્રાઈલ (અ.સ.) મારફત પોતાની પાસે તેડાવેલ હતા. આ બનાવને અરબી ભાષામાં મેઅરાજ કહેવામાં આવે છે, જેનો ગુજરાતીમાં અર્થ પર્વ અથવા તો વિચારી ન શકાય તેવી અત્યંત ઉંચાઈની પરાકાષ્ઠાએ પહોંચવું એવો થાય છે. કુરાન મજીદમાં આ બનાવનું વર્ણન આ મુજબ છે:

'પવિત્ર છે તે જાત (અલ્લાહ) જે રાતોરાત પોતાના બંદા (પયગંબર સાહેબ)ને પવિત્ર મસ્જીદ (મસ્જીદે હરામ)થી દૂરની એ મસ્જીદ (મસ્જીદે અકસા) સુધી લઈ ગયો જેની આસપાસની ભુમિ તેણે પવિત્ર બનાવેલ છે, જેથી અમે તે (પયગંબર સાહેબ)ને પોતાની કેટલીક નિશાનીઓ દેખાડીએ. નિશંસક તે (અલ્લાહ) સર્વે સાંભળનાર અને જોનાર છે.' (પ્રકરણ ૧૭, શ્લોક ૧)

'અને તે (પયગંબર સાહેબ) આકાશના ઉંચા કિનારા પર હતો, પછી તે નજીક આવ્યો, પછી વધુ નજીક આવ્યો, ત્યાં સુધી કે બે કમાનો જેટલું અથવા તેનાથી ઓછું અંતર રહી ગયું. તેણે (અલ્લાહે) પોતાના બંદા(પયગંબર સાહેબ)ને દૈવી પ્રેરણા (વહી) પહોંચાડી, જે પહોંચાડવાની હતી. તેણે (પયગંબર સાહેબે) જે કંઈ જોયું, હૃદયે તેમાં કોઈ ભુલથાપ નથી ખાધી.' (પ્રકરણ ૫૩, શ્લોક ૭,૮,૯,૧૦ અને ૧૧)

આ જગતમાં વસી રહેલા દોઢ અબજ મુસલમાનોની એ દ્રઢ માન્યતા છે કે પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.) રાત્રે ભૌતિક રીતે પોતે જાતે પોતાના શરીર સાથે અને જાગૃત અવસ્થામાં પૃથ્વીથી અસંખ્ય પ્રકાશવર્ષ (લાઈટ યર્સ) ઉંચે, ઉંચાઈની ન સમજી શકાય અને ન વિચારી શકાય તેવી પરાકાષ્ઠાએ પોતાના પાલનહાર અલ્લાહ પાસે ગયા હતા, અને રાતોરાત પરોઢ થવાના પહેલા તેમનું પુનરાર્ગમન થયું હતું.

આ અશકય જેવી દેખાતી ઘટનાનું સત્ય એ છે કે પાલનહાર અલ્લાહ સર્વ શકિતમાન છે, અને તે સર્વ કંઈ કરી શકે છે, અને જે વાત મનુષ્યને અશકય લાગતી હોય તે વાત સર્વ શકિતમાન અલ્લાહ માટે શકય છે. તે માટે કુરાન મજીદમાં કહેવામાં આવેલ છે કે:

'તે (પાલનહાર અલ્લાહ)નો નિયમ એ છે કે જયારે તે કોઈ વસ્તુનો ઉદ્દેશ (ઈરાદો) કરે છે, તો તે માત્ર આદેશ (હુકમ) કરે છે કે 'થઈ જા', અનેતે થઈ જાય છે.' (પ્રકરણ ૩૬, શ્લોક ૮૨)

તો સત્ય એ છે કે એક રાતમાં અસંખ્ય પ્રકાશ વર્ષની ઉંચાઈએ પહોંચી ત્યાં અમુક સમય રહી અને રાતોરાત પરોઢ થવાના પહેલા પૃથ્વી પર પાછા ફરવું એ ન માની શકાય એવી વાત ભલે કોઈ વિચારતું હોય, પણ આજનું આધુનિક વિજ્ઞાન તે વાતનું સમર્થન કરે છે. મેઅરાજની ઘટનાને આધુનિક દ્રષ્ટિએ જોતા તે વાત સત્ય હોવાનો પુરાવો મળે છે. આ વાતને સારી રીતે સમજવા માટે વીસમી સદીના મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો મહાન સિદ્ધાંત 'સાક્ષેપવાદ' (થીયરી ઓફ રીલેટીવીટી)ને સરળ ભાષામાં સમજવાની કોશિશ કરીએ.

આ મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનને સાક્ષેપવાદના સિદ્ધાંતોની શોધ બદલ જગતનું સર્વશ્રેષ્ઠ નોબલ પારિતોષક મળ્યું હતું. આ સાક્ષેપવાદનો સિદ્ધાંત અત્યંત બારીક અને ગુઢ તથ્યો પર આધારિત છે. એક સામાન્ય માનવી કદાચ આ સિદ્ધાંતને સમજી ન શકે. આ લેખમાં આધુનિક વિજ્ઞાનની દ્રષ્ટિએ મેઅરાજની ઘટના ભૌતિક અને ખરેખર શકય હોવા વિશે આલ્બર્ટ આઈન્સ્ટાઈનના સિદ્ધાંત સાક્ષેપવાદના પ્રકાશમાં સરળ ભાષામાં સમજાવવાની કોશિશ કરવામાં આવેલ છે.

જયારે અવકાશમાં કોઈ અવકાશ યાન મોકલવામાં આવે છે, તો પૃથ્વી પરનું વાતાવરણ પસાર કર્યા બાદ અવકાશ (સ્પેસ)માં જેવી રીતે માનવી વજનવિહીન અવસ્થાનો અનુભવ કરે છે, તેવી જ રીતે પૃથ્વીના વાતાવરણની બહાર આકાશમાં એક બહુ જ બહુ જ ઝડપી ગતિએ જતાં અવકાશયાનમાં સાક્ષેપવાદના સિદ્ધાંત અનુસાર સમયવિહીન અવસ્થા પણ સર્જી શકાય છે. આ માટે આપણને પ્રકાશની ગતિ સમજવી જરૂરી છે.

પ્રકાશની ગતિ એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલ (૩,૧૦,૦૦૦ કિલોમીટર)ની હોય છે. સાક્ષેપવાદના આ બહુ જ બારીક અને ગુઢ સિદ્ધાંત અનુસાર પૃથ્વીના વાતાવરણની બહાર અવકાશમાં પ્રકાશની ગતિના ૯૯ ટકા ગતિ ધરાવતા અવકાશયાનમાં ૧૦૦ વર્ષનો ગાળો માત્ર ૧૪ વર્ષ જેટલો જ થાય છે, જયારે પૃથ્વી પર આ દરમિયાન ૧૦૦ વર્ષ વીતી ગયા હોય છે. આ સત્યને સરળ રીતે સમજાવવા માટે આલ્બર્ટ આઈન્સ્ટાઈન એક દ્રષ્ટાંત આ મુજબ આપે છે. ધારો કે ૨૫ વર્ષના બે નવયુવાનો છે તેમાંથી એક નવયુવાન પૃથ્વી પર રહે છે, જયારે બીજો યુવાન પ્રકાશની ગતિના ૯૯ ટકા ઝડપે જતાં અવકાશયાનમાં યાત્રા કરે છે. આ સંજોગોમાં બીજો યુવાન ૧૦૦ વર્ષ પછી પૃથ્વી પર પાછો આવશે ત્યારે તેની વય ૩૯ વર્ષ (૨૫+૧૪)ની જ થઈ હશે, જયારે પૃથ્વી પરનો યુવાન ત્યારે ૧૨૫ (૨૫+૧૦૦) વર્ષનો હશે. આ છે સાક્ષેપવાદ વિષે સરળ ભાષામાં સમજુતી.

આ છે સમયના સંદર્ભમાં વિજ્ઞાનનો સાક્ષેપવાદ, જેના થકી મેઅરાજની ઘટનાને સ્પષ્ટપણે વૈજ્ઞાનિક પીઠબળ મળી રહ્યું છે. હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.) મેઅરાજમાં જે સવારી પર ગયેલ હતા તે સવારી 'બુરાક' (વીજળી સમાન)ને સમજવા ખાતર તેને અવકાશયાન માની લો તો આ વાત બરાબર સમજી શકાશે. જો કે બુરાકની ઝડપ તો અવકાશયાન કરતાં પણ વધુ હતી, કારણકે પાલનહાર અલ્લાહ જે સર્વશકિતમાન અને સર્વ કંઈ તથા અશકયને શકય કરી શકે છે, તો મેઅરાજની ઘટના ભૌતિક રીતે અને ખરેખર કેવી રીતે અશકય હોય શકે છે?

# હવે કૃષિ કાયદા અને લેબર કોડના વિરોધમાં ખેડૂતો

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા ઘટાડેલા ૩ કૃષિ કાયદાના વિરોધમાં સંયુક્ત કિસાન મોરચાના નેજા હેઠળ આંદોલન કરી રહેલા ખેડૂત સંગઠનો અને ૧૦ કેન્દ્રીય શ્રમ સંગઠનોએ તેમની માગણીઓ માટે સંયુક્ત આંદોલન ચલાવવાનો નિર્ણય કર્યો છે. સંયુક્ત કિસાન મોરચાએ મંગળવારે જાહેરાત કરી હતી કે, તેઓ ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ પ્રચાર કાર્યમાં જોતરાશે. સ્વરાજ ઈન્ડિયાના નેતા યોગેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, અમે મતદારોને ભાજપને મત નહીં આપવાની અપીલ કરીશું. તે અંતર્ગત ૧૨મી માર્ચે પશ્ચિમ બંગાળમાં ખેડૂત રેલીનું આયોજન કરાશે. ખેડૂત યુનિયનના નેતાઓ આ રાજ્યોની મુલાકાત લઈ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. ખાનગીકરણના વિરોધમાં ૧૫મી માર્ચે સમગ્ર દેશમાં શ્રમિકો અને કર્મચારી પણ સડકો પર ઉતરશે અને રેલવે સ્ટેશનોની બહાર દેખાવો યોજશે.

સોમવારે રાત્રે સંયુક્ત કિસાન મોરચા અને ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનના પ્રતિનિધિઓ વચ્ચે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના અમરજીત કૌરે જણાવ્યું હતું કે, ટ્રેડ યુનિયનોએ સંખ્યાબંધ કાર્યક્રમનો પ્રસ્તાવ મૂક્યો છે.

### ૬ માર્ચે કેએમપી એક્સ્પ્રેસ હાઇવે પર ચક્કાજામ કરાશે

કિસાન મોરચાના નેતા બલબીરસિંહ રાજેવાલે જણાવ્યું કે ૬ માર્ચના રોજ ખેડૂતો કુંડલી-માનેસર-પલવલ એક્સ્પ્રેસ હાઇવે પર ચક્કાજામ કરશે. દિલ્હીની સરહદો પર આંદોલન કરી રહેલા તમામ ખેડૂતોને ૬ માર્ચે ૧૧થી સાંજના ૪ સુધી એક્સ્પ્રેસ હાઇવે પર ચક્કાજામ કરવાનું આહ્વાન કરાયું છે. ૧૩૬ કિમી લાંબા કેએમપી એક્સ્પ્રેસ હાઇવેને વર્ષ ૨૦૧૮માં શરૂ કરાયો હતો.

### રેલવે સ્ટેશનોની બહાર ધરણા પ્રદર્શન

સ્વરાજ ઇન્ડિયાના સંસ્થાપક યોગેન્દ્ર યાદવે કહ્યું કે, ૧૦ ટ્રેડ સંગઠનોની સાથે અમારી મીટિંગ થઈ છે. સરકાર સાર્વજનિક ક્ષેત્રોનું જે ખાનગીકરણ કરી રહી છે તેના વિરોધમાં ૧૫ માર્ચના આખા દેશના મજૂરો અને કર્મચારીઓ રસ્તાઓ પર ઉતરશે અને રેલવે સ્ટેશનોની બહાર ધરણા પ્રદર્શન કરશે. તેમણે કહ્યું કે, સરકાર તરફથી આ આંદોલનને સમાપ્ત કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

### કર્ણાટકમાં 'એમએસપી અપાવો' આંદોલન

માર્ચથી કર્ણાટકમાં 'એમએસપી અપાવો' આંદોલન શરૂ કરવામાં આવશે, જેમાં પીએમથી પાકો માટે એમએસપીની નક્કી કરવા કહેવામાં આવશે. ભારતીય કિસાન યૂનિયનના બલબીર એસ. રાજેવાલે આગળ કહ્યું કે, અમે પશ્ચિમ બંગાળ અને કેરળમાં ચૂંટણી માટે અલગ-અલગ ટીમોને મોકલીશું. અમે કોઈ પણ પાર્ટીનું સમર્થન નહીં કરીએ, પરંતુ લોકોને અપીલ કરીશું કે તેઓ એ ઉમેદવારોને વોટ આપે જે બીજેપીને હરાવી શકે છે.

## અયોધ્યામાં હુમલાનું કાવતરું ખૂલ્યું મદરેસામાં રહેતો નેપાળી પકડાયો

લખનઉ : સ્પેશિયલ ટાસ્ક ફોર્સે અયોધ્યામાં એક મદરેસામાં રહેતા નેપાળી નાગરિક સલીમની ધરપકડ કરી હતી. તે ઓળખ છુપાવીને એક મદરેસામાં રહેતો હતો. સલીમ શ્રીરામજન્મ ભૂમિ મંદિર અંગે સુપ્રીમ કોર્ટના ચૂકાદા પછી અયોધ્યા આવ્યો હતો. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરના આતંકી સંગઠનોએ બિહારના સીમાંચલ ક્ષેત્રના યુવાનોને કથિત રીતે ટેરર ફન્ડિંગ માટે રોક્યા છે. આ યુવાનો નેપાળથી જમ્મુ-કાશ્મીરમાં નકલી નોટો લાવવાનું કામ કરવા 'સારું કમિશન' અપાયું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

એસટીએફના એડીજી અમિતાભ યશે જણાવ્યું હતું કે, નેપાળી નાગરિક સલિમે નકલી દસ્તાવેજો ઊભા કરી આધાર કાર્ડ, નેપાળી પાસપોર્ટ, શૈક્ષણિક પ્રમાણપત્રો અને મોબાઈલનું સીમ કાર્ડ જપ્ત કરાયા હતા. તે દેશ વિરોધી દુશ્મનો સાથે મળીને અયોધ્યામાં કોઈ કાવતરું ઘડી રહ્યો હોવાનું મનાય છે. શ્રી રામજન્મભૂમિ મંદિર અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી સલીમ અયોધ્યા આવ્યો હતો અને અહીં એક મદરેસામાં રહેતો હતો. આ પહેલાં તે શ્રાવસ્તીના ભિનગામાં રહેતો હતો. સલીમ નેપાળના નેપાળગંજ ખાતે લક્ષનપુરનો નિવાસી છે. એસટીએફના અધિકારીઓનું કહેવું છે કે સલીમ લગભગ સાત વર્ષ સુધી ઈજિપ્તમાં રહ્યો છે.

## મુંબઈની વીજળી ચીને હેક કરી હતી, ૮ જીબી ડેટા ચોરી લીધો : મહારાષ્ટ્ર સરકાર

- સરકાર હવે વીજ નેટવર્કમાં કોઈ ચીની ઉકરણો નહીં વાપરે : ચીની હેકર્સ ભારતના બંદરનો ડેટા ચોરવા હજુય સક્રિય



મુંબઈ : અમેરિકી સાયબર સિક્યુરિટી એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે ભારતમાં વીજળી નેટવર્ક ખોરવવા ચીને પ્રયાસ કર્યો હતો. કેન્દ્ર સરકારે એ વાતનો રદિયો આપતા કહ્યું હતું કે ચીનનો કે અન્ય કોઈ પણ હેકર્સનો આવો કોઈ પ્રયાસ સફળ થયો નથી. જોકે કેન્દ્ર સરકારની આ વાત મહારાષ્ટ્ર સરકારના મતે ખોટી છે. મહારાષ્ટ્રના ઊર્જા મંત્રી નીતિન રાઉતે કહ્યું હતું કે ગયા વર્ષે મુંબઈમાં લાઈટ ખોરવાઈ તેની પાછળ ચીનનો જ હાથ હતો. ગયા વર્ષે ઓક્ટોબરની ૧૨મી તારીખે મુંબઈમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો. મુંબઈ જેવા શહેરમાં અચાનક કલાકો સુધી લાઈટ જવાથી ભારે ગરબડો સર્જાઈ હતી. એ લાઈટ જવા પાછળ ચીની હેકર્સ હતા અને બ્રિટનમાંથી પણ કેટલાક હેકર્સ સક્રિય હોવાનું જાણવા મળ્યું છે. માટે મહારાષ્ટ્ર સરકાર વીજળી માટે કોઈ ચીની ઉપકરણો હવે નહીં વાપરે એવી પણ રાઉતે જાહેરાત કરી હતી. એ હુમલા વખતે મુંબઈ ઈલેક્ટ્રિસિટીનો આઠ જીબી ડેટા પણ ચોરાયો હતો. દેશના બંદરોને હજી હેકર્સથી ખતરો છે.

## ગ્લોબલ વોર્મિંગ: ભારતીય કંપની અને બેન્કોને ૧૮૧ અબજ ડોલરનું નુકસાન

- પર્યાવરણની પથારી ફેરવવાનો દંડ સૌ કોઈએ ભોગવવો જ પડશે : ભારતમાં ૫૨ કંપનીએ કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે આયોજન કર્યું



નવી દિલ્હી : ગ્લોબલ વૉર્મિંગની અસર સૌ કોઈને થઈ રહી છે અને હવે અસર આર્થિક નુકસાન પણ કરી રહી છે. બિલ્ડિંગ બેક ગ્રીનર નામના રિપોર્ટ પ્રમાણે પાંચ વર્ષમાં ભારતીય કંપનીઓને ગ્લોબલ વોર્મિંગના કારણે ૯૭ અબજ ડૉલરથી વધારે નુકસાન થવાનું છે. દેશની અગ્રણી કંપનીઓ હવે પોતાના ફ્યુચર ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં ક્લાઈમેટ ચેન્જ-ગ્લોબલ વોર્મિંગ કે પછી આકસ્મીક આવી પડતી પર્યાવરણીય આપત્તી માટે અલગ ફંડ રાખવા લાગી છે. વરસાદ વખતે ફેક્ટરીમાં પાણી ઘૂસી જાય કે આકરા તાપમાનને પહોંચી વળવા વધારે પડતા એર કન્ડિશનર ફીટ કરવા પડે એ બધો ખર્ચો ગ્લોબલ વોર્મિંગને કારણે સર્જાતો ખર્ચ ગણાય. ભારતમાં હાલ ૫૨ (બાવન) કંપનીઓએ કાર્બનનું ઉત્સર્જન ઘટાડવા આયોજન કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## ઈસરો અને ઈટાલીની સ્પેસ એજન્સી સંયુક્ત મિશન હાથ ધરશે : કે. સિવન

બેંગ્લોર : ઈસરોના વડા કે. સિવન અને ઈટાલિયન સ્પેસ એજન્સીના અધ્યક્ષ જ્યોર્જિયો સાકોસિયા વચ્ચે વર્ચ્યુઅલ મીટિંગ થઈ હતી. એ દરમિયાન બંને દેશોની સ્પેસ એજન્સી વચ્ચે સહકાર વધારવા માટે સહમતિ બની હતી. ભારત અને ઈટાલી વચ્ચે અંતરિક્ષના સંશોધન બાબતે સહકાર વધારવા માટે બંને દેશોની સ્પેસ એજન્સીઓના વડાની વર્ચ્યુઅલ મીટિંગ થઈ હતી. અવકાશ, રોબોટિક અને હ્યુમન રીસર્ચના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સહકાર વધારવા માટે આ મીટિંગમાં વાતચીત થઈ હતી. બંને દેશો ભવિષ્યમાં સંયુક્ત મિશન હાથ ધરી શકે તે માટેની શક્યતા તલાશવા માટે એક સમિતિ બનાવવાની પણ વિચારણા થઈ હતી. ભવિષ્યમાં બંને દેશોની સ્પેસ એજન્સી સાથે મળીને અંતરિક્ષ વિજ્ઞાાન ઉપરાંત રોબોટિક ક્ષેત્રે મહત્વની ભાગીદારી કરી શકે તે તક ઉજળી બની છે. અગાઉ ઈસરોના વડા કે સિવને બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયાની સ્પેસ એજન્સી સાથે પણ સંવાદ કર્યો હતો. એ બંને દેશો સાથે ઈસરોએ કરારો કર્યા હતા. બ્રાઝિલના ઉપગ્રહને તો ભારતે લોંચ પણ કરી આપ્યો હતો, એ વખતે બ્રાઝીલના સાયન્સ-ટેક મિનિસ્ટર ખાસ હાજર રહ્યા હતા.

## પશ્ચિમ બંગાળમાં રૂ. ૨૫ કરોડનું પાંચ કિલો હેરોઈન જપ્ત કરાયું, ૧ની ધરપકડ

કોલકાતા : કોલકાતા પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(એસટીએફ)એ પશ્ચિમ બંગાળના પૂર્વ વર્ધમાન જિલ્લામાંથી પાંચ કિલો હેરોઈન જપ્ત કર્યુ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હેરોઈનની કીંમત ૨૫.૦૯ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. કોલકાતા પોલીસે આ સંબધમાં એક વ્યકિતની ધરપકડ કરી છે. ચોક્કસ બાતમીને આધારે એસટીએફએ સોમવાર રાતે મેમારીના રસુલપુર બજારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું અને એક વાહનમાંથી હેરોઈન જપ્ત કર્યુ હતું. પોલીસના અધિકારીના જણાવ્યા અનુસાર અમને માહિતી મળી હતી કે એક વ્યકિત એજન્ટને ડ્રગ્સની ડિલિવરી કરવા આવશે. અમે તેની પાસેથી ૫.૦૮ કિલો હેરોઈન જપ્ત કર્યુ હતું. તે જે વાહનમાં આ જથ્થો લઈને આવ્યો હતો તે વાહન પણ જપ્ત કરી લેવામાં આવ્યું છે.

## ફેબ્રુઆરીમાં નિકાસ ૦.૨૫ ટકા ઘટીને ૨૭.૬૭ અબજ ડોલર, આયાતમાં વધારો

- આયાત ૬.૯૮ ટકા વધીને ૪૦.૫૫ અબજ ડોલર : વેપાર ખાધ વધીને ૧૨.૮૮ અબજ ડોલર

નવી દિલ્હી : સળંગ બે મહિના નિકાસમાં વધારો થયા પછી ફેબ્રુઆરીમાં નિકાસમાં સામાન્ય ઘટાડો થયો છે. ફેબ્રુઆરીમાં ભારતની નિકાસ ૦.૨૫ ટકા ઘટીને ૨૭.૬૭ અબજ ડોલર રહી છે અને વેપાર ખાધ વધીને ૧૨.૮૮ અબજ ડોલર થઈ છે તેમ સરકાર દ્વારા આજે જારી કરાયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે.

સરકારે જારી કરેલા આંકડા મુજબ ફેબ્રુઆરીમાં આયાત ૬.૯૮ ટકા વધીને ૪૦.૫૫ અબજ ડોલર રહી છે. ફેબ્રુઆરી, ૨૦૨૦માં વેપાર ખાધ ૧૦.૧૬ અબજ ડોલર હતી. એપ્રિલ, ૨૦૨૦થી ફેબ્રુઆરી,૨૦૨૧ સુધીના સમયગાળામાં કુલ નિકાસ ૨૫૫.૯૨ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના સમાન ગાળામાં ૨૯૧.૮૭ અબજ ડોલર હતી. જે ૧૨.૩૨ ટકાનો ઘટાડો દર્શાવે છે. બીજી તરફ એપ્રિલ, ૨૦૨૦થી ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધીના સમયગાળામાં કુલ આયાત ૩૪૦.૮૮ અબજ ડોલર રહી છે. જે ગયા વર્શના સમાન ગાળાની સરખામણીમાં ૨૩ ટકાનો ઘટાડો દર્શાવે છે. ફેબ્રુઆરી, ૨૦૨૧માં ઓઈલની આયાત ૧૬.૬૩ ટકા ઘટીને ૮.૯૯ અબજ ડોલર રહી છે.

## દેશમાં બંદરો માટે ૮૨ અબજ ડોલરનું રોકાણ થઈ રહ્યું છે : વડા પ્રધાન મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મેરિટાઈમ ઈન્ડિયા સમિટ ૨૦૨૧નું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે, દેશમાં બંદરો ઉપર ૮૨ અબજ ડોલરનું રોકાણ થઈ રહ્યું છે. મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફત સમિટની બીજી એડિશનનું ઉદ્ઘાટન કર્યું હતું. વડા પ્રધાને મેરિટાઈમ વિઝન ૨૦૩૦ની ઈ-બુકને પણ લોંચ કરી હતી, જેનો ઉદ્દેશ ભારતીય મેરિટાઈમ ઉદ્યોગને આગામી ૧૦ વર્ષમાં ટોચના ગ્લોબલ બેન્ચમાર્કને સમકક્ષ કરવાનો છે. નોંધનીય છે કે ૨-૪ માર્ચ, એમ ત્રણ દિવસ આ સમિટ યોજાઈ રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ. જગનમોહન રેડ્ડી પણ વીડિયો કોન્ફરન્સિંગ મારફત જોડાયા હતાં. આ સમિટ ભારતના મેરિટાઈમ અર્થતંત્રની વધુ વૃદ્ધિ માટે મદદ કરશે.

## દેશ-વિદેશનું જાણવા જેવું

### યુક્રેનના દંપતીએ લીધું અનોખ વ્રત



સાચો પ્રેમ મેળવવા માટે યુક્રેનના એક દંપતીનો અનોખો પ્રયોગ ખૂબ ચર્ચામાં છે. આ દંપતીએ વેલેન્ટાઈન્સ ડેએ પ્રતિજ્ઞા લીધી છે કે અમે આવતા ત્રણ મહિના સુધી એક પણ ક્ષણ એકમેકથી અલગ નહીં રહીએ. આને માટે બંને એકબીજા સાથે હાથકડીમાં કેદ રહેશે. યુક્રેનના કિવ શહેરમાં રહેતા વિક્ટોરિયા અને એલેક્ઝેન્ડર પોતાના અનોખા પ્રયોગ વિશે કહે છે કે, અમે આમ કરીને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવા માંગીએ છીએ। અમે જોવા માંગીએ છીએ કે શું અમે કોઈ પણ મુશ્કેલ સંજોગોમાં સાથે રહી શકીએછીએ કે નહીં. હાથકડીમાં બંધાયેલા હોવાને કારણે બંને દરેક ક્ષણ સાથે રહીને એકબીજાને સંપૂર્ણ સમય આપવા માગે છે. દંપતીનું માનવું છે કે આ સમય દરમિયાન તેઓ બંને એકબીજાની સહાયથી દરેક કામ કરી શકશે, જેનાથી સંબંધ વધુ ગાઢ બનશે. પબ્લિક ટોઈલેટ ઉપયોગ કરતી વખતે આ દંપતીને એકવાર સૌથી મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બંનેએ નક્કી કર્યુ કે તેઓ સાથે મળીને લેડીઝ ટોઈલેટનો ઉપયોગ કરશે. આને કારણે બંનેએ કપડા પસંદ કરવા પડશે, કોઈકે સંપૂર્ણ ઝિપ કપડા પહેરવા પડે છે જેથી બદલવામાં કોઈ તકલીફ ન પડે. દંપતીને વિશ્વાસ છે કે તેઓ આ પડકારને પૂર્ણ કરશે.

### બાળકના અલ્ટ્રા સાઉન્ડ સ્કેન્સ મીણબત્તી પર ચીતરવાનો અનોખો શોખ



બ્રિટનના બર્મિંગહેમની રહેવાસી ૧૮ વર્ષની એમી સિન્ડી ડેવિડસનનો ચિત્રકળાનો શોખ વ્યવસાયમાં પલટાઈ ગયો છે. લોકડાઉનના સમયગાળામાં ઘણા લોકો ઘરના કામો કરતા હતા અને ઘણા ઓફિસનુંક ામ કરતાં હતા ત્યારે બ્રિટનના બર્મિંગહેમની એમી નામની ટીનેજરે તેની ચિત્રકળાની ટેલન્ટને આધારે નવો બિઝનેસ વિકસાવ્યો છે. બાળકના અલ્ટ્રા સાઉન્ડ સ્કેન્સ મીણબત્તી પર ચીતરવાનો અનોખો કસબ તેને ઉપયોગી થયો છે. એમી દર અઠવાડિયે એવી ૫ ચીસ મીણબત્તી બનાવે છે એ દરેક મીણબત્તીની કિંમત ૧૧.૨૦ પાઉન્ટ (અંદાજે ૧૧૪૭ રૂપિયા) છે.

### જાતે જ સાફ થઈ જાય તેવી અન્ડરવેર



અમેરિકાના મિનેસોટા સ્થિત કંપની હરકોલોને મહિનાઓ સુધી ધોયા વિના વાપરવામાં આવે તો પણ ગંદી વાસ ન આવે એવા આંતવસ્ત્ર તૈયાર કર્યા છે. અનેક દિવસ, અઠવાડિયા કે મહિનાઓ સુધી પહેરી શકાતી ક્રીબી અન્ડરવેરને વિશ્વના સ્વચ્છતમ આંતવસ્ત્રો લેખી શકાય. સામાન્ય રીતે આંતવસ્ત્રની આંતવસ્ત્રની જોડ એક કરતા વધુ દિવસ ન પહેરી શકવા પાછળનું મુખ્ય કારણ એમાંથી બદબુ હોય છે જો કે ક્રીબી આંતવસ્ત્રોને તમે સળંગ એક મહિના સુધી પણ પહેરી શકો છો. પરંતુ એ માટે એક પૂર્વશરત છે કે આ વસ્ત્રોને કાઢ્યા બાદ થોડી વાર હવામાંસ સુકાવા દેવા જોઈએ. જેથી એ ફરી પહેરવાલાયક થઈ જાય. કંપનીએ જણાવ્યા મુજબ આ આંતવસ્ત્ર બામ્બુ, નીલગીરી, બીચવુડ અને કોપરમાંથી બનેલા અને ંબો સમય સુધી ફ્રેશ રહી શકતાં હર્કફાઈબર નામના ફેબ્રિકમાંથી તૈયાર કરવામાં આવ્યા છે. હરકોલોને આ અગાઉ પણ મોજાં, ટીશર્ટ અને બેડશીટ્સ જેવી સેલ્ફ ક્લિનિંગ પોડક્ટ બનાવી છે. હરકોલોનના સ્થાપક વેન્સલોસ મુયેની આયલેન્ડના પ્રવાસે ગયા હતા એ વખતે તેમના ધ્યાનમાં આવ્યું હતું કે આંતવસ્ત્રો તેમજ મોજાં જેવા અન્ય વસ્ત્રોને ધાયા વિના બેગમાં મૂકવાની એની બદબૂ અન્ય કપડાંમાં પણ ભરાઈ જાય છે. આ બનાવ પછી સેલ્ફ ક્લીનિંગ વસ્ત્રોની શોધ થઈ હતી.

## સ્વાસ્થ્ય અને બ્યુટી માટે વપરાતુ એવું ઉપયોગી ચંદન



### માથાના અસહ્ય દુખાવામાં રાહત

ચંદનની પ્રકૃતિ ઠંડી છે. તેથી જ તેનો લેપ લગાડવાથી ત્વચાની બળતરા શાંત થાય છે તેમજ તેની સુગંધથી માનસિક શાંતિ પણ મળે છે. તેથી જ ચંદનનો લેપ કે પેસ્ટ કપાળે લગાડવાથી માથાના દુખાવામાં રાહત થાય છે.

### ક્રોધને શાંત કરે છે

જે લોકોને અધિક ગુસ્સો આવતો હોય તેમને ચંદનનો ચાંદલો કે તિલક કરવાની સલાહ આપવામાં આવે છે. શરીરમાંના સાત ચક્રોમાંના એક પાવરફુલ ચક્ર આપણી બન્ને આઈબ્રોઝના વચ્ચે જ્યાં ચાંદલો કરવામાં આવે છે, ત્યાં આવેલું છે. આ સ્થાને ચંદન લગાડવાથી મગજને શાંતિ પ્રદાન થાય છે.

### આંખના થાકને દૂર કરે છે

ચંદન અને મધનો લેપ આંખની ત્વચા અને નમીને ઠંડક પ્રદાન કરે છે. મધ ત્વચાને મોઈશ્ચરાઝ કરે છે જેથી ત્વચા પર કરચલી પડતી નથી અને રૂક્ષ થતી નથી. ઉપરાંત ઢીલી થઈને લબડી પડતી નથી. ચંદન પાવડર આંખને ઠંડક આપવાની સાથેસાથે ડેમેજ સ્કિન સેલ્સને રિપેર કરવાનું કામ કરે છે. તેમજ તેની સુગંધ મગજના સેલ્સને રિલેક્સ કરે છે.

### ફ્રી ઓઈલી સ્કીન રાખે

ચંદનમાં એન્ટિબેકટેરિયલ ગુણ સમાયેલા છે. સ્કિન પર કોઈ પણપ્રકારના બેકટેરિયાને એકટિવ થવા દેતા નથી. ત્વચાના રોમછિદ્રોને સ્વચ્છ અને ત્વચા પરનું વધારાનું ઓઈલ શોષીને સ્કિનને ઓઈલ ફ્રી રાખે છે. જેથી ચહેરા પર ખીલની તકલીફ હોય તો રાહત થાય છે.

## પાલકની ખીચડી



સામગ્રી : ૨ કપ – ચોખા, ૨૦૦ ગ્રામ – પાલ, ૧/૨ ચમચી – હળદર, ૧/૩ કપ – પીળી મગની દાળ, ૪/૫ કળી – લસણ, ૧/૨ ચમચી – જીરું, ૧ નંગ – સમારેલી ડુંગળી, ૧ ચમચી – ઘી, ૧/૨ ચમચી – ગરમ મસાલો, ૧ નંગ – સમારેલી ટામેટું, ૧/૨ ચમચી – પાસેલું આદું , ૨ નંગ – લવિંગ, મીઠુ

બનાવવાની રીત : સૌ પ્રથમ દાળ અને ચોખાને સાફ કરીને બરાબર ધોઇ લો. કુકરમાં ચોખા, પાણી, લવિંગ, મીઠું, હળદર, લસણ અને આદુ ઉમેરીને ૩–૪ સીટી વાગવા દો. ત્યાં સુધી પ ાલકને સમારીને સાફ કરી લો અને મિક્સરમાં તેની પેસ્ટ બનાવી લો. હવે એક પેનમાં ઘી ગરમ કરી લો અને તેમા પીસેલુ પાલક, ગરમ મસાલો, ડુંગળી, લસણ અને ટામેટાને સાંતળી લો. હવે તેમા પીસેલી પાલકને ખીચડીમાં ઉમેરીને થોડીક વાર સીજવા દોત હવે બીજા પેનમાં ઘી ગરણ કરી તેમા જીરૂ, લસણ અને લાલ મરચું ઉમેરીને વઘાર કરો. તેને ઉપરથી ખીચડી પર ફેલાવો અને મિક્સ કરી લો. તૈયાર છે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ખીચડી જેને તમે બટર કે અથાણા સાથે ગરમા–ગરમ સર્વ કરી શકો છો.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ■ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ | | ૨૨ | |
| | ■ | ૨૩ | | | ૨૪ | ■ | ■ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | |
| ■ | | ■ | ૩૧ | | ■ | ૩૨ | ૩૩ | ■ | ■ |
| ૩૪ | ■ | ૩૫ | | ■ | ૩૬ | | | ■ | ૩૭ |
| | ■ | ૩૮ | | ■ | ૩૯ | | | | ■ |

**આડી ચાવી :**
**(૧) મોટાઓ પ્રત્યેનું માન (૫)**
**(૪) આપવીતી, વીતક (૪)**
**(૭) બચ્ચું, બાળક (૩)**
**(૯) ચીસ, બૂમ (૨)**
**(૧૦) કજિયો, કંકાસ (૩)**
**(૧૨) જળ, પાણી (૨)**
**(૧૩) હાડકું (૨)**
**(૧૫) ભીંત (૩)**
**(૧૮) કોલાહલ, ઘોંઘાટ (૨)**
**(૧૯) નસ, વલણ (૨)**
**(૨૧) તાલેવંત, તાલેવાન (૪)**
**(૨૩) ડાંસ, મચ્છર (૪)**
**(૨૫) છાપ, બૂમ, હાંક (૨)**
**(૨૬) પાયમાલી, બરબાદી (૩)**
**(૨૮) કાચું, કઠણ (૩)**
**(૩૦) થોડા વાળની સેર (૨)**
**(૩૧) માથે વાળ વિનાનું (૨)**
**(૩૨) મડદાની રાખ (૨)**
**(૩૫) નાનો તંબૂ (૨)**
**(૩૬) નાહિંમત, બાયલું (૩)**
**(૩૭) નૌ....... ગ્યારહ (૧)**
**(૩૮) સુંદર (૨)**
**(૩૯) પાનખર ઋતુ (૪)**

**ઊભી ચાવી :**
**(૧) લાડુ (૩)**
**(૨) ડુક્કર, ભૂંડ (૩)**
**(૩) ઈશાન દિશાનું, દુર્ગા (૩)**
**(૪) દાવો, લાગો (૨)**
**(૫) ખાડો, મોટું (૩)**
**(૬) પક્ષ, ફાટ (૨)**
**(૮) કહેણ, ખબર, હુકમ (૩)**
**(૧૧) રેખા, લીટી (૩)**
**(૧૩) ટેવ, સ્થિતિ (૩)**
**(૧૪) મત, રૂઢિ (૩)**
**(૧૬) નારી, સરસ્વતી (૨)**
**(૧૭) દુર્બળ, સુકલકડી (૪)**
**(૧૮) રક્ત, લોહી (૩)**
**(૨૦) નવાઈનો બનાવ (૪)**
**(૨૨) કાયમ, મંજૂર (૩)**
**(૨૩) પૃથ્વી (૨)**
**(૨૪) ડોકું, બોડું (૨)**
**(૨૭) બાવડું, હાથ (૨)**
**(૨૯) તાલીમ, પરેડ (૪)**
**(૩૧) લડકણું, વાચાળ (૩)**
**(૩૩) કમળ, જલજ (૩)**
**(૩૪) પાર્વતી, શિયાળ (૨)**
**(૩૫) જુસ્સો, પોરસ (૨)**
**(૩૬) કાપવું તે (૨)**

**ક્રોસવર્ડનો ઉકેલ** **આડી ચાવી :** (૧) મોટવડાઈ (૪) હરિગત (૭) શાવક (૯) રાડ (૧૦) કલહ (૧૨) નીર (૧૩) હાડ (૧૫) દીવાલ (૧૮) શોર (૧૯) રગ (૨૧) માતબર (૨૩) મગતરું (૨૫) હાક (૨૬) તબાહી (૨૮) કડક (૩૦) લટ (૩૧) બોડું (૩૨) વાની (૩૫) પાલ (૩૬) કાયર (૩૭) દો (૩૮) નોકું (૩૯) પતજડ **ઊભી ચાવી :** (૧) મોદક (૨) વરાહ (૩) ઈશાની (૪) હક (૫) ગરાડ (૬) તડ (૮) વરદી (૧૧) લકીર (૧૩) હાલત (૧૪) મારગ (૧૬) વામા (૧૭) મરકટ (૧૮) શોણિત (૨૦) ગતકડું (૨૨) બહાલ (૨૩) મહી (૨૪) રુંડ (૨૭) બાહુ (૨૯) કવાયત (૩૧) બોલકું (૩૩) નીરજ (૩૪) શિવા (૩૫) પાનો (૩૬) કાપ

# ઉર્વિ ખરેખર, તું આજે ખૂબ જ રૂપાળી લાગે છે

બિભૂતિ અને બિમલાએ સાંજે થોડાક અંગત મિત્રોને ઘેર નોંતર્યા હતા.

આમ તો ખાસ કોઈ પ્રસંગ નહોતો, પણ કોઈ કોઈ વાર સહુ અમસ્તા જ એકઠા થતા. અમરા મિત્રવર્તુળમાં વિભિન્ન વિચારસરણીવાળી પ્રતિભાઓ હતી અને પ્રત્યેકના ખ્યાલો વચ્ચે ધ્રુવીય અંતર હતું, છતાં સહુ દોસ્ત તરીકે એકબીજા સાથે નિખાલસ હતા.

ભોજન સમાપ્ત થયું.

બિમલા થાકી ગઈ હતી, છતાં સૌને પેટ ભરીને જમાડ્યાનો એના ચહેરા પર આનંદ હતો.

મુખવાસ ફરી રહ્યો અને અચાનક કોઈને ખ્યાલ આવ્યો : 'અરે, બિમલાભાભી! ઉર્વિ ક્યાં?'

'ઉર્વિ!' બિમલાએ થોડીક ક્ષણો સુધી વિચાર કરીને કહ્યું : 'બિભૂતિને પૂછો ને!'

પોતાના નામનો ઉલ્લેખ થતાં જ બિભૂતિ આ તરફ ફર્યો. એણે પૂછ્યું : 'શું થયું?'

'અમે લોકો પૂછતાં હતાં કે તમારી દીકરી ઉર્વિ ક્યાં ગઈ? કેમ દેખાતી નથી?'

'ઉર્વિ!' સગર્વ છાતી ફુલાવતાં બિભૂતિએ કહ્યું : 'એ એના રૂમમાં હશે.'

'અત્યારે ત્યાં શું કરે છે?'

'વાંચતી હશે.'

'પણ પરીક્ષાઓ તો પૂરી થઈ ગઈ. અત્યારે વૅકેશનમાં શું વાંચે છે?'

'આગળના વર્ષનો કોર્સ.'

'ઓહ! પણ ઘેર મહેમાનો આવ્યાં હોય ત્યારે પણ...'

બિભૂતિએ હસીને જવાબ આપ્યો : 'ખૂબ જ હોશિયાર છોકરી છે. એસ.એસ.સી.માં પ્રથમ દસમાં આવી, પ્રિ.યુનિ.માં બીજા નંબરે આવી. આ વર્ષે એને પ્રથમ નંબર આવે એવી આશા છે.'

આ વાત સાંભળવી ગમતી ના હોય એમ બિમલા ત્યાંથી ચાલી ગઈ.

મેં એ વાતની બરાબર નોંધ લીધી.

બિમલા અને બિભૂતિને હું વર્ષોથી ઓળખું છું. એક સુંદર યુગલ છે.

બિભૂતિ સ્થાનિક રાષ્ટ્રીયકૃત બૅંકના રિજિયોનલ મૅનેજર છે. એમને પરી જેવી રૂપાળી એક દીકરી છે. બિભૂતિની ઉર્વિ પ્રત્યેની લાગણી અપાર છે. મેં ઘણીવાર વહેલી સવારે બિભૂતિ અને ઉર્વિને મૉર્નિંગ વૉક કરતાં નિહાળ્યાં છે. બિભૂતિનાં હાથમાં સ્ટીક હોય અને ઉર્વિનાં પગમાં કૅનવાસના શૂઝ હોય. બાપ-દીકરી ચાલતાં હોય ત્યારે બેઉ એકબીજાની વાતોમાં એટલાં તો પરોવાયેલાં હોય કે ભાગ્યે જ તેઓ અન્ય રાહદારીઓ તરફ જોતાં પણ હશે. વચ્ચે એક વાર મારે સ્વામી ચિન્મયાનંદજીનાં ગીતાપ્રવચનો સાંભળવા જવાનું થયું. મેં જોયું તો ઉર્વિ, બિભૂતિ અને બિમલા ત્રણેય શ્રોતાવર્ગની પ્રથમ હરોળમાં બેઠેલાં હતાં. ઉર્વિ અને બિભૂતિ એકચિત્તે સ્વામીજીના ઉદ્ગારોને ગ્રહી રહ્યાં હતાં. પણ બિમલા અસ્વસ્થ હતાં. એમના ચહેરા પર કોઈ જ પ્રસન્નતા નહોતી.

વાર્તાલાપ પૂરો થયો.

હું એમની નજીક પહોંચી.

ઉર્વિને મેં આમ તો ઘણીવાર જોઈ હતી, પણ કૉલેજમાં ભણતી કન્યાને શ્વેત ફ્રૉકમાં પહેલી જ વાર જોઈ.

ઉર્વિ મને જોતાં જ બોલી : 'આન્ટી! ધર્મગ્રંથોમાં સંહારની વાતનો જે રીતે તાર્કિક બચાવ કરવામાં આવ્યો છે તે દલીલ ગળે ઊતરે...'

એની વાતને કાપતાં મેં કહ્યું ; 'ઉર્વિ, તું આજે ખૂબ જ રૂપાળી લાગે છે.'

બિભૂતિ પર મારી વાતની ઝાઝી અસર થઈ નહીં.

'હલ્લો... ઉર્વિ!' અચાનક દૂરથી કોઈએ બૂમ મારી.

ઉર્વિ અને અમે સહુએ એ તરફ ફરીને જોયું તો એની કોઈ સખી બોલાવી રહી હતી. એની સાથે એક યુવાન પણ હતો.

ઉર્વિ બોલી : 'હલ્લો, બીના!'

બીનાએ પૂછ્યું : 'ઉર્વિ, તું અહીં શું કરે છે?'

ઉર્વિ બોલી : 'સ્વામીજીનું પ્રવચન સાંભળવા આવી હતી. તું અહીં શું કરે છે?'

બીના બોલી : 'કલ્પેશને તો તું ઓળખે છે ને! આપણા જ ક્લાસમાં છે.

ફિલ્મની બે ટિકિટો લઈ આવ્યો છે એટલે અમે લોકો થિયેટરમાં જઈએ છીએ.'

ઉર્વિ બોલી : 'પપ્પા! આ બીના છે અને બીના, આ મારા પપ્પા, મમ્મી અને શાલિની આન્ટી છે.'

મેં જોયું તો બિમલા કલ્પેશ અને બીના તરફ અવારનવાર જોઈ લેતાં હતાં.

બીનાએ પૂછ્યું : 'ઉર્વિ, તારે આવવું છે.'

'ના!' ઉર્વિ બોલી : 'ફિલ્મ મને ગમતી નથી. વાહિયાત કલ્પનાઓ અને સ્ટંટ કોણ જાણે કેમ તમને પસંદ પડે છે?'

'તેં હમણાં કોઈ ફિલ્મ જોઈ?'

'હું તો ફિલ્મ જોતી જ નથી.'

'ફિલ્મ જોયા વગર બોર થઈ જઈશ.' કહેતાં બીનાએ કલ્પેશ સામે જોતાં પૂછ્યું : 'કેમ કલ્પેશ... ખરું ને?'




**પણ એ 'દીકરી' છે. છોકરી છે. સ્ત્રી-જાત છે. મોટી થઈ છે... રૂપાળી છે, છતાં... છતાં... નથી એને કોઈ પુરુષ-મિત્ર કે નથી કોઈ યુવકમાં એને દિલચસ્પી. એની પર ફોન માત્ર કોઈ સહેલીનો જ આવે છે. એને પુરુષ-પ્રોફેસર કરતાં સ્ત્રી-અધ્યાપિકાઓ જ વધુ ગમે છે. એ નથી કોઈની સાથે ફરવા જતી, નથી કોઈની સાથે ડેટિંગ કરતી. છોકરી રખડેલ થાય એ કદાચ કોઈને ના ગમે.**

કલ્પેશે ઉર્વિમાં ઝાઝો રસ લીધો નહીં. એ બોલ્યો : 'ચાલ બીના, મોડું થાય છે.'

'ઓ.કે. બાય!' કહેતાં બીના એક તોફાનની જેમ ચાલી ગઈ.

બિમલા, બિભૂતિ અને ઉર્વિ એમની કારમાં ગોઠવાયાં. બિભૂતિને આવી દીકરી મેળવવા બદલ ગૌરવ હતું.

પણ મેં જોયું તો બિમલા આજે અધિક ઉદાસ હતાં.

દિવસો વીત્યાં.

એ ફ.વા ય.બી.એ .ની પરીક્ષાનું પરિણામ આવ્યું. અખબારોમાં મેં ઉર્વિની તસવીર જોઈ. એ આખીયે યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં આવી હતી.

ઉર્વિને અભિનંદન આપવા સામે ચાલીને હું એમના ઘરે ગઈ.

સાંજ ઢળી ગઈ હતી.

કંપાઉન્ડમાં કાર નહોતી. મને લાગ્યું કે ઘેર કોઈ નથી, છતાં ડોરબેલ વગાડ્યો.

થોડીવાર પછી બારણું ખૂલ્યું.

સામે બિમલા ઊભાં હતાં.

મેં એમની સામે જોયું અને એમણે ત્વરાથી આંખો ફેરવી લીધી. એ આંખો રડેલી હતી અને એ વાત તેઓ છુપાવવા માગતાં હતાં.

મેં પૂછ્યું : 'ક્યાં છે ઉર્વિ?'

જવાબ ટાળતાં તેઓ બોલ્યાં : 'આવો... અંદર.'

'શું વાત છે – ભાભી?'

'એ લોકો બહાર ગયાં છે.'

'ઉર્વિએ તો ફરી કમાલ કરી. મા-બાપનું નામ રોશન કરે એવી દીકરી તમને મળી છે. ઉર્વિને જોયા પછી કોઈપણ માને ઈચ્છા થાય કે આવી દીકરી એને પણ હોય!'

મેં જોયું તો બિમલાની આંખમાં ઝળઝળિયાં ઊભરાયાં હતાં. અલબત્ત, એ આંસુ હર્ષનાં નહોતાં.

મેં પૂછ્યું : 'ભાભી, ઉર્વિના આવા સુંદર પરિણામનો તમને આનંદ નથી?'

'છે.' આંસુ લૂછતાં બિમલા બોલ્યાં : 'પણ એક અજંપો છે.'

'અ...જં...પો?'

'હા... શાલિની!' સહેજ સ્વસ્થ થતાં તેઓ બોલ્યાં : 'ઉર્વિ મારી દીકરી છે. એ ભણેગણે અને હોશિયાર થાય, એ બધામાં આગળ રહે એ દરેક મા-બાપને ગમે. પણ એ 'દીકરી' છે. છોકરી છે. સ્ત્રી-જાત છે. મોટી થઈ છે... રૂપાળી છે, છતાં... છતાં... નથી એને કોઈ પુરુષ-મિત્ર કે નથી કોઈ યુવકમાં એને દિલચસ્પી. એની પર ફોન માત્ર કોઈ સહેલીનો જ આવે છે. એને પુરુષ-પ્રોફેસર કરતાં સ્ત્રી-અધ્યાપિકાઓ જ વધુ ગમે છે. એ નથી કોઈની સાથે ફરવા જતી, નથી કોઈની સાથે ડેટિંગ કરતી. છોકરી રખડેલ થાય એ કદાચ કોઈને ના ગમે, પણ એ પોતાનું સ્ત્રીત્વ ના ઓળખે, ના સમજે અને પુરુષજાતિ પ્રત્યે એને કોઈ સ્પંદન જ ના થાય તો? આખરે સારું-નરસું તો એણે જાતે પારખવાનું છે, પણ એ બધાંથી અલિપ્ત રહેવાથી થોડું પારખી શકાશે? એનામાં સમજ પેદા કરવા માટે પણ આ જરૂરી નથી શું? એ પરણે ત્યારે જ પુરુષને ઓળખવાનો?

અત્યારથી જ એકડો ઘૂંટવો પડે, એના જીવનનાં ઘડતરનાં પાઠ તો અત્યારથી જ શીખવા પડે ને?'

બિમલા એકીશ્વાસે બોલી રહ્યાં હતાં : 'તમે જ કહો.. મારી ઉર્વિને કોઈ છોકરો બોલાવતો કેમ નહીં હોય? શા માટે એના તરફ આકર્ષાતો નહીં હોય?

કે પછી ખામી મારી ઉર્વિમાં છે?'

આ સવાલનો જવાબ આપવા મારી પાસે તાત્કાલિક કોઈ જવાબ હાજર નહોતો.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ઈસ્ત્રીની શોધ અને રસપ્રદ ઇતિહાસ

૮મી અને ૯મી સદીમાં લોકો કપડાને સુંવાળા અને ગડી રહિત કરવા ગોળાકાર લીસ્સા પથ્થરો ઘસતાં. વારંવાર ઘસવાથી પથ્થર ગરમ થતો અને કપડાંની કરચલી દૂર થતી. ઇ.સ. ૧૮૮૩માં હેનરી સીલીએ ઇલેક્ટ્રીક ઈસ્ત્રીની શોધ કરી તે પહેલા લોકો ધાતુના વજનદાર ચોરસાને ગેસ કે ચૂલા પર ગરમ કરી કપડાંને ઈસ્ત્રી કરતા. પોષાકની બાંય, કોલર વિગેરેના આકારને અનુકૂળ થાય તેવું લાકડાનું બોર્ડ સારા બૂન નામની મહિલાએ શોધેલું. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ નજીક આવી પછી પોષાકમાં વિવિધ ફેશનનું ચલણ વધવા લાગ્યું. બાંય, હેટ ઉપરની રીબિન વિગેરેને ખાસ પ્રકારના ભૂંગળા પર રીબન, કોલર વિગેરે ઘસીને વાંકડિયા આકાર આપતાં. આવી ઈસ્ત્રીને ગોકરિંગ કહેતા. આજે ઉપયોગમાં આવે છે તેવી ભારે ઈસ્ત્રી ૧૮મી સદીમાં બની. તે માત્ર લોખંડના ચોરસાને હાથો જડેલી હતી. વજનદાર હોવાથી તેને ગરમ કર્યા બાદ લાંબો સમય ગરમ રહેતી. ત્યારબાદ લોખંડના ખાનાવાળી ઈસ્ત્રી બની જેમા સળગતા કોલસા ભરીને ગરમ રાખવામાં આવતી. આજે પણ વીજળી ન હોય તેવા ગામડામાં આવી ઈસ્ત્રી જોવા મળે છે. ૧૮૮૨માં અમેરિકાના હેનરી સેલીએ કાર્બન આર્ક વડે ગરમ થતી ઈસ્ત્રી શોધી તે અમેરિકન બ્યુટી તરીકે જાણીતી બનેલી.

### અજાયબ ઊભયજીવી : સેલામાન્ડર

દેડકાં ટેડપોલ તરીકે પાણીમાં જન્મે છે અને પુખ્ત થયા પછી જમીન પર વસે છે. અડધું જીવન પાણીમાં અને અડધુ જમીન પર જીવનારા પ્રાણીઓને ઊભયજીવી કહે છે. તે દેડકા તરીકે જાણીતા છે પરંતુ પૃથ્વી પર લગભગ ૨૮૦૦ જેટલા ઊભયજીવી પ્રાણીઓ વસે છે તેમાં મેક્સિકોનું સેલામાન્ડર વિશિષ્ટ છે. કાળા શરીર પર કેસરી ટપકાંવાળા સેલામાન્ડર ગરોળીના આકારનું પ્રાણી છે. ટૂંકા પગ અને પૂંછડી ધરાવતા આ પ્રાણી ઉત્તર ગોળાર્ધના દેશોમાં જોવા મળે છે. તે પુખ્ત થાય ત્યારે પાંચ ફૂટ લાંબા હોઈ શકે છે. કેટલાક સેલામાન્ડરની જીભ તેના શરીર કરતા લાંબી હોય છે. ચીનમાં જોવા મળતા જાયન્ટ સેલામાઇન્ડર જંગી કદના કાચિંડા જેવા હોય છે. ઉત્તર અમેરિકામાં સેલામાન્ડરની સૌથી વધુ જાતો જોવા મળે છે. કેટલાક સેલામાન્ડર ઝેરી ડંખ ધરાવે છે. સેલામાન્ડર રાત્રિ દરમિયાન નાના જીવજંતુઓનો શિકાર કરે છે. દિવસ દરમિયાન જમીનમાં દર કરીને રહે છે. અડપપ્પી નામનું ૨૬ ઇંચ લાંબુ સેલામાઇન્ડર કૂતરા ભસતા હોય તેવો અવાજ કરે છે તેને વોટરડોગ પણ કહે છે.

### પ્રાકૃતિક સૌંદર્યનું રહસ્ય : ભૂમિતિ

વૃક્ષો, ફૂલો, પર્વતો અને આકાશમાં રહેલા વાદળોનું સૌંદર્ય અનોખું છે. આ બધું સુંદર કેવી રીતે બન્યું હશે તે જાણો છો? વૃક્ષોના પાન સરસ રીતે બે ભાગમાં વહેંચાયેલા લાગે. બધું જ સપ્રમાણ અને સુંદર પૃથ્વી પરની સજીવ સૃષ્ટિનો વિકાસ ચોક્કસ પ્રમાણમાં થયો છે. અને તેમાં ભૂમિતિના સિદ્ધાંતનો આધાર જોવા મળે છે. પ્રાચીન ઇજિપ્તમાં નાઇલ નદી કિનારે વસતા લોકોએ જમીનની વહેંચણી કરવા તેને માપવાની રીત શોધી હતી. તેને ભૂમિતિ કે જ્યોમેટ્રી કહેવાય છે. ત્યારબાદ યુક્લિડ, પાયથાગોરાસ જેવા ગણિત શાસ્ત્રીઓએ વર્તુળ, ચોરસ અને ત્રિકોણના આકારો વચ્ચે ગણિતિક સંબંધો શોધ્યા અને ભૂમિતિના અલગ શાસ્ત્રની રચના થઈ. ભૂમિતિ જમીનના માપ પૂરતી મર્યાદિત રહી નહીં. આપણી આસપાસની ચીજવસ્તુઓમાં ભૂમિતિના સિદ્ધાંતો જોવા મળે છે.માત્ર સુંદરતા જ નહીં પણ વસ્તુને મજબૂત કરવામાં ય ભૂમિતિનો ઉપયોગ થાય. ઘણાં જંગલોમાં વૃક્ષોના આકાર ભારે વરસાદ અને પવનનો સામનો કરી શકે છે તે ભૂમિતિને આધારે છે. પૂલો, મકાનો અને ગગનચૂંબી ટાવરો બાંધવામાં ભૂમિતિનો ભરપૂર ઉપયોગ થાય. આપણે કંપાસ અને ફૂટપટ્ટી લઇને બેસવું પડે પરંતુ પ્રકૃતિનો વિકાસ આપમેળે જ થયો છે.

# કિરોન પોલાર્ડે ૧ ઓવરમાં છ છગ્ગા ફટકાર્યા



## શ્રીલંકા સામેની ટી-૨૦ ઈન્ટરનેશનલમાં કીરોન પોલાર્ડનો ઐતિહાસિક રેકોર્ડ

નવી દિલ્હી : વેસ્ટઈન્ડિઝના કેપ્ટન અને ધુઆંધાર બેસ્ટમેન કીરોન પોલાર્ડે એન્ટીગામાં શ્રીલંકા વિરુદ્ધ પ્રથમ ટી૨૦ ઈન્ટરનેશનલમાં એક ઓવરમાં ૬ સિક્સ ફટકારવાનું કારનામું કરી બતાવ્યું છે. પોલાર્ડે એક ઓવરમાં જબરજસ્ત પ્રદર્શન કરતાં છ સિક્સ ફટકારી હતી. આવું કરનાર પોલાર્ડ ટી૨૦ ઈન્ટરનેશનલના ઈતિહાસમાં બીજો બેસ્ટમેન છે. અગાઉ આ કારનામું ભારતના યુવરાજ સિંહે કરી બતાવ્યું હતું. યુવરાજ સિંહે ગત વર્ષ ૨૦૦૭માં ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન ઈંગ્લેન્ડ વિરુદ્ધ એક ઓવરમાં છ સિક્સ છટકારી હતી. યુવરાજે સ્ટુઅર્ટ બ્રોડની એક ઓવરમાં ૩૬ રન કર્યા હતા. જ્યારે વેસ્ટઈન્ડિઝના કેપ્ટન પોલાર્ડે અકિલા ધનંજયની એક ઓવરમાં છ સિક્ક મારી છે. તેણે આ પારીમાં જ હેટ્રિક લીધી હતી. રસપ્રદ વાત એ છે કે, તેણે સતત ત્રણ બોલમાં ઈવિન લુઈસ, ક્રિસ ગેલ અને નિકોલસ પૂરનને આઉટ કર્યો હતો. જે બાદ મેદાને આવેલા પોલાર્ડે પોતાનો દમ બતાવ્યો હતો.

પોલાર્ડે પારીની છઠ્ઠી ઓવરમાં છ સિક્સ મારી હતી. સાથે જ તે કુલ ૧૧ બોલમાં ૩૮ રન બનાવીને આઉટ થયો હતો. સતત છ સિક્સ પડતાં પહેલાં ધનંજયે પોતાની પાછલી ઓવરમાં હેટ્રિક લીધી હતી. જે બાદ પોલાર્ડ ક્રીઝ પર આવ્યો અને આક્રમક બેટિંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, પોલાર્ડ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક ઓવરમાં છ સિક્સ મારનાર ત્રીજો બેસ્ટમેન છે. દક્ષિણ આફ્રિકાના હર્શલ ગિબ્સે ૨૦૦૭માં વનડે વર્લ્ડ કપમાં એક ઓવરમાં ૩૬ રન કર્યા હતા. ગિબ્સે નેધરલેન્ડના બોલર ડેન વેન બંજની ઓવરમાં છ સિક્સ ફટકારી હતી.

## ICC T20 રેંકિંગમાં ટોપ-૫ બોલરમાંથી ટીમ ઇન્ડિયા ગાયબ

દુબઈ: ટીમ ઇન્ડિયાના ક્રિકેટર કેએલ રાહુલએ બુધવારે જાહેર થયેલ તાજા આઇસીસી ટી-૨૦ ઇન્ટરનેશનલ રેંકિંગમાં બેટ્સમેનની યાદીમાં પોતાનો બીજો ક્રમ યથાવત રાખ્યો છે. ત્યાં જ કેપ્ટન વિરાટ કોહલી એક ક્રમનાં ફાયદા સાથે છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. કેએલ રાહુલ ૮૧૬ પોઇન્ટ સાથે ઇંગ્લેન્ડના ડેવિડ મલાન (૯૧૫)થી પાછળ છે જે ટૉપ પર છે. જ્યારે વિરાટ કોહલીના ૬૯૭ અંક છે. ટૉપ ૫ બોલરોમાં કોઇ ભારતીય સામેલ નથી. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ખેલાડીના સ્થાનોમાં બંન્ને દેશો વચ્ચે ચાલી રહેલ સિરીઝની પહેલી ૨ મેચો બાદ અપડેટ થયેલ રેંકિંગમાં ખુબ જ બદલાવ આવ્યો છે. પાકિસ્તાનનાં કેપ્ટન બાબાર આઝમ (૮૦૧) એક ક્રમ ઉપર ત્રીજા સ્થાને પહોંચી ગયો છે જ્યારે ઓસ્ટ્રિલાયાના વન-ડે અને ટી-૨૦ કેપ્ટન આરોન ફિંચ (૭૮૮) ચોથા સ્થાન પર આવી ગયો છે. દક્ષિણ આફ્રિકાનો કે વાન ડર ડુસેન (૭૦૦) પણ લિસ્ટમાં એક ક્રમના ફાયદા સાથએ ૫માં ક્રમે પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડનો ડેવન કોનવે શરૂઆતની મેચમાં ૯૯ રન બનાવ્યા હતા જેથી તે ૪૬ ક્રમના ફાયદા સાથે માત્ર આંઠ મેચો બાદ જ ૧૭માં સ્થાન પર જ્યારે સલામી બેટ્સમેન માર્ટિન ગુપ્ટિલ ૯૭ રનની ઇનિંગના બદોલત ૩ ક્રમના ફાયદા સાથે ૧૧માં નંબરે પહોંચી ગયો છે.

# અક્ષર-અશ્વિન સામે ઈંગ્લિશ બેટસમેન્સ ફરી ઘૂંટણીયે

## ચોથી ટેસ્ટ: ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સ માત્ર ૨૦૫ રનમાં સમેટાઈ, ભારતના એક વિકેટે ૨૪ રન



અમદાવાદ: અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડની ટીમ વધુ એક વખત અક્ષર પટેલની સ્પિન બોલિંગ સામે લાચાર જોવા મળી હતી. ગુરૂવારથી શરૂ થયેલી ચોથી અને અંતિમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ અક્ષર સહિત ભારતીય બોલર્સે કરેલી શાનદાર બોલિંગ સામે પ્રવાસી બેટ્સમેનોને રમવામાં મુશ્કેલી નડી હતી. ઈંગ્લેન્ડ પ્રથમ દિવસે જ ૨૦૫ રનમાં આઉટ થઈ ગયું હતું. જેમાં અક્ષર અને અશ્વિને તરખાટ મચાવ્યો હતો. અક્ષરે ૪ વિકેટ ઝડપી હતી જ્યારે અશ્વિનને ૩ સફળતા મળી હતી. ભારતે પણ તેની પ્રથમ ઈનિંગ્સની શરૂઆથ નબળી કરી હતી અને પહેલા દિવસની રમતના અંતે તેણે શુભમન ગીલ(૦)ની વિકેટ ગુમાવીને ૨૪ રન બનાવી લીધી હતા. યજમાન ટીમ હજું પ્રવાસી ટીમ કરતા ૧૮૧ રનથી પાછળ છે અને તેની નવી વિકેટ હાથમાં છે. દિવસની રમતના અંતે રોહિત શર્મા (૮) અને ચેતેશ્વર પૂજારા (૧૫) રને રમતમાં હતા. ગીલને એન્ડરસને એલબીડબલ્યુ આઉટ કર્યો હતો.

ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો પરંતુ અક્ષર પટેલે કેપ્ટન જો રૂટનો આ નિર્ણય ખોટો ઠેરવ્યો હતો અક્ષરે બંને ઓપનરને સસ્તામાં પેવેલિયન ભેગા કરી દીધા હતા. ડોમિનિક સિબ્લી ૨ તથા ઝેક ક્રાઉલી ૯ રન નોંધાવીને આઉટ થયા હતા. ઈંગ્લેન્ડ આ બે ઝટકામાંથી બહાર આવે તે પહેલા જ મોહમ્મદ સિરાજ ત્રાટક્યો હતો. તેણે જો રૂટને આઉટ કરીને ભારત સૌથી મોટી સફળતા અપાવી હતી. રૂટ ૫ રન નોંધાવીને આઉટ થયો હતો. ત્યારબાદ જોની બેરસ્ટો પણ ૨૮ રન નોંધાવીને પેવેલિયન ભેગો થયો હતો. આ બંનેની વિકેટ સિરાજે ઝડપી હતી.

એક સમયે ઈંગ્લેન્ડે ૭૮ રનમાં પોતાની ટોચની ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારે લાગી રહ્યું હતું કે ત્રીજી ટેસ્ટની જેમ આ ટેસ્ટમાં પણ ઈંગ્લેન્ડનો ધબડકો થશે પરંતુ બેન સ્ટોક્સ, ઓલી પોપ અને ડેનિયલ લોરેન્સે ઈંગ્લેન્ડનો ધબડકો અટકાવ્યો હતો. બેન સ્ટોક્સે અડધી સદી ફટકારી હતી.

## કોહલીએ ધોનીના રેકોર્ડની બરાબરી કરી

ભારત અને ઇંગ્લેંડ વચ્ચે ચાર મેચોની ટેસ્ટ સિરીઝની અંતિમ ટેસ્ટ મેચ રમાઇ રહી છે. વિરાટ કોહલી આ મેચ રમવા માટે મેદાનમાં જેવા ઉતર્યા હતા એ સાથે જ તેણે પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના નામ પર રહેલા એક ખાસ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ભારત તરફથી સૌથી વધુ ટેસ્ટ મેચોની કેપ્ટનશીપનો રેકોર્ડ હવે ધોનીની સાથે સાથે વિરાટ કોહલીના નામે નોંધાઇ ચુક્યો છે. ચોથી ટેસ્ટ મેચમાં કેપ્ટન તરીકે વિરાટ કોહલી ૬૦મી મેચ રમી રહ્યો છે. ધોનીએ પણ ભારત માટે ૬૦ ટેસ્ટ મેચમાં કેપ્ટનશીપ નિભાવી હતી. વિરાટ કોહલીની કેપ્ટનશીપમાં ૫૯ ટેસ્ટ મેચોમાં થી ૩૫ મેચોમાં જીત મેળવી છે. જ્યારે ૧૪ મેચોમાં હારનો સામનો કર્યો છે.



## સિરાજ માટે બેન સ્ટોક્સ સામે લડી પડ્યો કોહલી

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચોથી અને સીરિઝની અંતિમ ટેસ્ટ મેચ ગુરુવારથી શરૂ થઈ છે. ચોથી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતના કેપ્ટન વિરાટ કોહલી અને ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ વચ્ચે મેદાન ઉપર તૂતૂ-મેંમેં થઈ હતી. વિવાદ વધુ વકરે નહીં તે માટે ગ્રાઉન્ડ અમ્પાયર્સે વચ્ચે પડીને બન્ને ખેલાડીઓને છૂટા પાડવાની ફરજ પડી હતી. મોહમ્મદ સીરાજે બાઉન્સર બોલ ફેંક્યો હતો જેની સામે બેન સ્ટોક્સે કંઈક ટિપ્પણી કરી હતી અને બન્ને એકબીજાને તાકીને જોઈ રહ્યા હતા. સ્ટોક્સ અને સીરાજ વચ્ચે ગરમાગરમી જોવા મળી હતી. વિરાટે આ વાતની નોંધ લીધી હતી. ગ્રાઉન્ડ પર તૂતૂ-મેમે થઈ હતી.

## આઇપીએલ ફક્ત નાણા માટે જ રમાય છે: સ્ટેઇન

લાહોર: ભારતમાં આઇપીએલમાં રમીને જંગી નાણા રળ્યા બાદ હવે અહીંથી ગયેલા ડેલ સ્ટેઇનને દ્રાક્ષ ખાટી લાગી રહી છે. પાકિસ્તાનની ક્રિકેટ લીગમાં રમવા ગયેલા ડેલ સ્ટેઇને જણાવ્યું હતું કે આઇપીએલમાં ફક્ત નાણાને મહત્ત્વ અપાય છે ક્રિકેટને નહી. આમ કહીને તેણે વિવાદનો મધપૂડો છેડયો છે. આવું કહેનારા ડેલ સ્ટેઇનનો આઇપીએલમાં છેલ્લા ત્રણ વર્ષનો દેખાવ જોઈએ તો સમજાઈ જાય છે કે તે હાલમાં શા માટે બેંગ્લુરુની ટીમમાં નથી. સ્ટેઇનના આ નિવેદનને ભારતના વાઇસ કેપ્ટન રહાણેએ આકરા શબ્દોમાં વખોડી કાઢ્યું હતું. તેણે કહ્યું હતું કે આઇપીએલ પર્ફોર્મરોની ગેમ છે, તે નામના આધારે ખેલાડીને સમાવે તો છે પરંતુ તેનું મૂલ્યાંકન પર્ફોર્મન્સ મુજબ જ થાય છે. સ્ટેઇન છેલ્લા કેટલાક વર્ષોથી ઇજાના લીધે સારો દેખાવ કરી શક્યો નથી. છેલ્લા ત્રણ વર્ષમાં તેણે ઇજાના લીધે મોટાભાગની મેચો ગુમાવી છે. જોકે બાદમાં વિવાદ વધતાં ડેલે માફી માંગી લીધી હતી.

## ત્રીજી ટી-૨૦માં ઓસી.એ ન્યૂઝી.ને ૬૪ રનથી હરાવ્યું

ગ્લેન મેક્સવેલ અને એરોન ફિન્ચની આક્રમક અડધી સદી બાદ મેન ઓફ ધ મેચ બનેલા એસ્ટોન એગરની છ વિકેટની મદદથી



ઓસ્ટ્રેલિયાએ અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ ઇન્ટરનેશનલ મેચમાં ન્યૂઝીલેન્ડને ૬૪ રનથી હરાવીને પાંચ મેચની શ્રેણીને જીતવાની આશા જીવંત રાખી હતી. શ્રેણીમાં ન્યૂઝીલેન્ડ ૨-૧થી આગળ છે. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટે ૨૦૮ રન બનાવ્યા હતા. જેની સામે ન્યૂઝીલેન્ડ ૧૭.૧ ઓવરમાં ૧૪૪ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગયું હતું. રનચેઝ કરનાર કિવિ ટીમ માટે ઓપનર માર્ટિન ગુપ્ટિલે ૪૩, ડેવોન કોનવેએ ૩૮ રનનું યોગદાન આપ્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી એગરે ૩૦ રનમાં છ વિકેટ હાંસલ કરી હતી જે ઓસ્ટ્રેલિયા તરફથી ટી૨૦ ઇન્ટરનેશનલમાં બેસ્ટ સ્પેલ રહ્યો છે.

## ભારત અને જર્મનીની મેન્સ હોકી ટીમની મેચ ૧-૧થી ડ્રો

પ્રથમ મુકાબલામાં ૬-૧ના માર્જિનથી વિજય હાંસલ કરનાર ભારતીય મેન્સ હોકી ટીમનો જર્મની સામેનો બીજો મુકાબલો ૧-૧થી ડ્રો રહ્યો હતો. કોરોના વાઇરસની મહામારીની વચ્ચે એક વર્ષના લાંબા ગાળા બાદ ભારતીય ટીમે સ્પર્ધાત્મક હોકીમાં પુનરાગમન કરીને પ્રથમ મેચ એકતરફી અંદાજમાં જીતી હતી. યજમાન જર્મન ટીમે વધારે સારો દેખાવ કરીને ભારતીય સ્ટ્રાઇકર્સને મુક્તમને ગોલ કરવા દીધા નહોતા. ભારત તરફથી જરમનસિંહે ૧૪મી મિનિટે ગોલ કર્યો હતો. જર્મની માટે માર્ટિન હાનેરે ૨૯મી મિનિટે ગોલ કરીને સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. ભારતીય મેન્સ હોકી ટીમ હવે યુરોપ તબક્કાના અંતિમ રાઉન્ડમાં બેલ્જિયમ જશે અને ત્યાં તે છઠ્ઠી અને આઠમી માર્ચે બ્રિટન સામે રમશે. બીજી તરફ વિશ્વની ત્રીજી ક્રમાંકિત જર્મન વિમેન્સ હોકી ટીમે ચાર મેચની સિરીઝના ત્રીજા મુકાબલામાં ભારતને ૨-૦થી પરાજય આપ્યો હતો. ભારતનો આ સતત ત્રીજો પરાજય છે.

## ડબલ્સમાં વિજય સાથે સાનિયા મિર્ઝાનું ટેનિસમાં પુનરાગમન

ભારતની સ્ટાર ખેલાડી સાનિયા મિર્ઝાએ સ્લોવાકિયાની આન્દ્રેજા ક્લેપેક સાથે જોડી બનાવીને કતાર ટોટલ ઓપન ડબ્લ્યૂટીએ



ટેનિસ ટૂર્નામેન્ટમાં વિજય પ્રારંભ કર્યો હતો. સાનિયા અને આન્દ્રેજાની જોડીએ કતાર ઓપનમાં યૂક્રેનની નાદિયા કિચનોક અને લ્યુડીમલ્યાની જોડીને ૬-૪, ૬-૭ (૫), ૧૦-૫ના સ્કોરથી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સાનિયાએ લગભગ ૧૨ મહિના બાદ ટેનિસ કોર્ટ ઉપર પુનરાગમન કર્યું છે. તેણે છેલ્લે કોરોના વાઇરસની મહામારીના કારણે ઇન્ટરનેશનલ ઇવેન્ટ્સ રદ કરાઇ તે પહેલાં દોહા ઇન્ટરનેશનલમાં ભાગ લીધો હતો. ચાલુ વર્ષના જાન્યુઆરીમાં સાનિયા પોતે કોરોનાના શિકાર બની હતી. સાનિયાએ ૨૦૨૦ના જાન્યુઆરીમાં નાદિયા કિચનોક સાથે જોડી બનાવીને હોબાર્ટ ઓપન ટેનિસનું ટાઇટલ જીત્યું હતું.

# કોરોનાનો રાફડો : બ્રાઝિલમાં ૧ દિવસમાં ૭0000 કેસ

- ૨૪ કલાકમાં ૧૬૪૧ દર્દીના મૃત્યુ વિશ્વભરમાં કોરોનાના કેસોનો આંક ૧૧,૪૫,૪૫,૭૦૯ થયો : અમેરિકા-બ્રિટનમાં રસીકરણ પૂરજોશમાં

વોશિંગ્ટન : દક્ષિણ અમેરિકન દેશ બ્રાઝિલમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ૨૪ કલાકમાં બ્રાઝિલમાં ૧૬૪૧ કોરોના દર્દીઓના મોત થયા છે તેમજ ૨૪ કકાલમાં કોરોનાના નવાં ૭૦ હજારથી વધુ નવાં કોરોના દર્દીઓ નોંધાયા છે. કોરોનાનાની આ અકળ પરિસ્થિતિના કારણે અત્યારે બ્રિટન અને અમેરિકા રસીકરણ પૂરજોશમાં કરી રહ્યા છે. આજે વિશ્વભરના કેસોનો આંક ૧૧,૪૫,૪૫,૭૦૯ થયો છે. કોરોનાએ હજુ પણ સમગ્ર વિશ્વને અજગર ભરડામાં રાખ્યું છે. એક સમયે બ્રાઝિલ કોરોનામુક્ત થવાના આરે હતો પરંતુ અત્યારે બ્રાઝિલમાં કોરોનાની બીજી લહેરે ભયાનક પરિસ્થિતિ સર્જી છે. તો બીજી તરફ આજે વિશ્વમાં કોરોના કેસોનો આંક ૧,૪૫,૪૫,૭૦૯ પર પહોચ્યો છે. અમેરિકાની ફૂડ એન્ડ ડ્રગ ઓથોરિટીએ જ્હોનસન એન્ડ જ્હોનસનની કોવિડ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી દીધી છે. અમેરિકામાં આ ત્રીજી વેક્સિન છે, જેનો ઉપયોગ કોરોનાને અટકાવવા માટે થઈ રહ્યો છે.

બ્રિટનમાં પણ વધુને વધુ લોકો વેક્સિન લે તે માટે ત્યાંનો શાહી પરિવાર પણ અપીલ રહી રહ્યો છે. કોરોનાના ખતરાને મંદ કરી શકાય તે હેતુથી અત્યારે અમેરિકા અને બ્રિટન રસીકરણ પૂરજોશમાં કરી રહ્યા છે અને વધુને વધુ લોકોને રસી આપી રહ્યા છે.

## અમેરિકામાં જ્હોન્સનની વેક્સિનને મંજૂરી મળી

યુએસમાં રવિવારે કોરોનાના નવા ૫૧,૨૦૪ કેસ નોંધાતા કોરોનાના કુલ કેસોની સંખ્યા ૨૮,૬૦૫,૬૬૯ થઇ હતી અને ૧૦૯૭ જણાના મોત થતાં કોરોના મરણાંક ૫,૧૩,૦૯૧ થયો હતો. બીજી તરફ યુએસમાં જ્હોન્સન એન્ડ જ્હોન્સનની કોરોના રસીને મંજૂરી આપી દેવામાં આવી છે જેના ૩.૯ મિલિયન ડોઝ વિતરીત કરવાની શરૂઆત મંગળવારથી કરવામાં આવશે. અત્યાર સુધી યુએસમાં ૭૫,૨૩૫,૦૦૩ જણાને કોરોના રસી અપાઇ છે. કમ સે કમ ૪૯,૭૭૨,૧૮૦ લોકોને કોરોના રસીનો એક ડોઝ અપાઇ ગયો છે.જ્યારે ૨૪,૭૭૯,૯૨૦ જણાને કોરોના રસીના બે ડોઝ આપવામાં આવ્યા છે. જે અમેરિકાની વસ્તીના સાડા સાત ટકા છે.

## યુરોપમાં વેક્સિનેશનનું પ્રમાણ ઘણું ધીમું

ન્યૂઝીલેન્ડમાં કોરોનાએ ફરી માથું ઊંચકતા પીએમ જેસિન્ડા આર્ડર્ન દ્વારા શનિવારે દેશનાં સૌથી મોટા શહેર ઓકલેન્ડમાં ફરી ૭ દિવસનું લોકડાઉન જાહેરાત કરાયું છે. બીજી તરફ યુરોપમાં અત્યાર સુધીમાં માત્ર ૭.૫% વસતીને જ રસી આપવામાં આવી છે. ઈઝરાયેલ દ્વારા ૫૨% લોકોને રસી આપી દેવાઈ છે. યુરોપમાં વેક્સિનેશનું પ્રમાણ ઘણું ધીમું છે. સાઉથ કોરિયામાં બુધવારે બે દર્દીઓનાં રસી લીધા બાદ મોત થયા હતા. બંને દ્વારા એસ્ટ્રાઝેનેકાની રસી લેવામાં આવી હતી.

# ખાદ્યાન્નની કિંમત ગગડતાં ફ્રાન્સમાં પણ ભડકેલા ખેડૂતોનું ઉગ્ર આંદોલન

પેરિસ : ભારત પછી ફ્રેન્સમાં પણ ખેડૂતો પોતાના પાકની વધારે સારી કિંમતને લઈને રોડ પર ઊતરી આવ્યા છે અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પાછલા એક મહિનાથી ફ્રાન્સના ખેડૂતોના ઘણા સંગઠનો દેશના અલગ અલગ ભાગોમાં સરકારની નીતિ વિરૂદ્ધ આંદોલન કરી રહ્યા છે. દેશના પાટનગર પેરિસમાં ખેડૂતોએ પુતળાને ઝાડ પર લટકાવીને આત્મહત્યા કરવાવાળા ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ ખેડૂતો દેશભરના સુપર માર્કેટ્સ અને ડિસ્ટ્રીબ્યુશન્સ સેન્ટર સામે દેખાવો યોજી રહ્યા છે. ખેડૂતોની માંગ છે કે દેશમાં આર્થિક અસમાનતા, ખેડૂતોની આવકમાં થઈ રહેલાં સતત ઘટાડા અને ખાદ્યાન્નની કિંમતમાં આવેલા ઘટાડા જેવા મુદ્દાઓને સરકાર તરત હલ કરે. ખેડૂતોનો આરોપ છે કે મોટામોટા સુપરમાર્કેટ્સ અને ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર્સના કારણે તેમના પાકની કિંમત પર અસર થઈ રહી છે.

ખેડૂત સંગઠનના પ્રતિનિધિઓ પોતાના ઉત્પાદનોની ખરીદી કરતાં મોટામોટા હોલસેલર્સ સાથે વાતચિત કરી રહ્યા છે. વાસ્તવમાં ફ્રાન્સમાં ૨૦૧૮માં પસાર કરવામાં આવેલા એક કાયદાના કારણે ખેડૂતોની સાથે કિંમતોને લઈને વાતચિત કરવા માટે મજબૂર છે. બન્ને પક્ષ વચ્ચેની વાતચિતમાં ફ્રાન્સ સરકારના પ્રતિનિધિ પણ ભાગ લઈ રહ્યા છે.

# અમેરિકામાં એસયુવી અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં ૧૫નાં મોત, અનેક ઘાયલ

- સાતની ક્ષમતા ધરાવતી એસયુવીમાં બે ડઝનથી વધુ ગેરકાયદે વસાહતીઓને ભરાયાની શંકા



અલ સેન્ટ્રો : અમેરિકાના સાઉથર્ન કેલિફોર્નિયામાં મંગળવારે ૨૭ માણસોને લઈ જતી એક એસયુવી એક ટ્રક સાથે ટકરાતાં ૧૫ લોકોનાં મોત નીપજ્યાં હતા અને અનેક લોકોને ઈજા પહોંચી હતી તેમ હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું. અલ સેન્ટ્રો રિજિઓનલ મેડિકલ સેન્ટરના ઈમર્જન્સી વિભાગના ડિરેક્ટર જુડી કુઝે જણાવ્યું હતું કે, ૧૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા અને અન્ય એકનું હોસ્પિટલમાં પહોંચ્યા પછી સારવાર દરમિયાન મોત થયું હતું. અધિકારીઓનું માનવું છે કે ૨૭ લોકો ભરેલી એક એસયુવી ટ્રેક્ટર ટ્રેલર સાથે અથડાઈ હતી. કેલિફોર્નિયાના અલ સેન્ટ્રોના સ્ટેટ હાઈવે ૧૧૫ ઉપર વહેલી સવારે એસયુવી પસાર થઈ રહી હતી ત્યારે તે ટ્રેક્ટર ટ્રેલર સાથે અથડાઈ હતી. ટ્રેક્ટર ટ્રેલરના ડ્રાઈવરને સામાન્ય ઈજા થઈ હતી. ડ્રાઈવરનું કહેવું હતું કે કાયદેસર સાત વ્યક્તિની ક્ષમતા ધરાવતી એસયુવીમાં બે ડઝનથી વધુ લોકોને બેસાડાયા હતા. આ લોકો સંભવતઃ ગેરકાયદે વસાહતીઓ હતા.

# ચીને દક્ષિણ ચીન સાગરમાં મિસાઈલો છોડી : અમેરિકા સામે શક્તિ પ્રદર્શન

- દક્ષિણ ચીન સમુદ્રમાં પ્રભુત્વ જમાવવા બન્ને દેશ સામસામે
- નવા રાષ્ટ્રપતિ બાઇડનના કાર્યકાળમાં પણ સંબંધો તણાવભર્યા રહેવાની શક્યતા

બેઈજિંગ : દક્ષિણ ચીન સમુદ્રમાં પ્રભુત્વ જમાવવા માટે ચીન અને અમેરિકા વચ્ચે શરૂ થયેલું ઘર્ષણ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે. ચીનની પી.એ.એલ. (પીપલ્સ લિબરેશન આર્મી) એ આજે દક્ષિણ ચીન સાગરમાં લાઈવ ફાયર ડ્રિલ કરી, જેમાં સંખ્યાબંધ મિસાઈલો દરિયામાં છોડવાં આવી હતી.

થોડાં દિવસો પહેલાં અમેરિકાએ આ દરિયામાં બે યુદ્ધજહાજો અને ૧૨૦ ફાઈટર જેટ ખડકી યુદ્ધ અભ્યાસ કર્યો હતો. જેના જવાબમાં ચીને આ ડ્રિલ દ્વારા શક્તિપ્રદર્શન કર્યું છે. ચીનના સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ અનુસાર સેનાની સાઉથ થિયેટર કમાન્ડ દ્વારા આજે સવારે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં લાંબા અંતર સુધીનો મિસાઈલો સતત છોડવામાં આવી હતી. જો કે આ અભ્યાસ દરિયામાં કયા સ્થળે થયો તે અંગે માહિતી આપવામાં આવી નથી. ડ્રિલમાં ચાઈનીઝ આર્મીના ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર યિનહુઆન, ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ હેંગયાંગ, ડૉક લેન્ડિંગ શીપ વુજિશાન અને સપોર્ટ શિપ યગાન હૂનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનના હિતોનું રક્ષણ કરવાની જવાબદારી સાઉથ થિયેટર કમાન્ડને આપવામાં આવી છે. અત્યારે અમેરિકા પણ આ વિસ્તારમાં પ્રભુત્વ જમાવવાના પ્રયત્નો કરી રહ્યું છે. થોડાં દિવસો પહેલાં જ અમેરિકાએ બે મોટા એરક્રાફ્ટ કેરિયર, બે અન્ય યુધ્ધજહાજો.

# મેક્સિકોના જેલિસ્કો રાજ્યમાં ઘર પર ફાયરિંગ : દસ પુરુષના મોત

- એક મહિલા અને બે બાળકો ગંભીર ઘાયલ

મેક્સિકો : પશ્ચિમી મેક્સિકોમાં એક ઘર પર કરાયેલા ગોળીબારમાં દસ પુરૂષો માર્યા ગયા હતા અને એક મહિલા તેમજ બે બાળકો ઘાયલ થયા હતા, એમ પોલીસે કહ્યું હતું. જેલિસ્કો રાજ્યના સરકારી વકીલે ક્હયું હતું કે ઘરની સામેના ભાગના સાઈડવોક પર અનેક ગોળીઓ વાગેલી હાલતમાં દસ પુરૂષોના શબ મળ્યા હતા.વર્ષ ૨૦૨૦માં સત્તાવાળાઓને કુલ ૧૮૯ હાડપિંજર મળ્યા હતા.

ત્યાર પછી ઘરની અંદરથી એક બાળક, એક મહિલા અને એક યુવાન પણ ગંભીર ઘાયલ હાલતમાં મળી આવ્યા હતા. જેલિસ્કો રાજ્ય મેક્સિકોની સૌથી ઘાતક અને શક્તિશાળી ગેંગ ન્યુ જનરેશન કાર્ટેલનું આશ્રય સ્થાન છે.તાજેતરના વર્ષોમાં અન્ય રાજ્યોની સરખામણીમાં જેલિસ્કોમાંથી વધુ મૃત્યદેહ મળ્યા હોવાનું સત્તાવાળાઓએ કહ્યું હતું. આ ગેંગ ગુઆલદાજરાની આસપાસ અને તેમાં મોટી ગેંગથી છુટી પડેલી ગેંગ સાથે હમેંશા હિંસા કરે છે. ચાલુ મહિનાની શરૂઆતમાં જેલિસ્કો પોલીસને ૧૮ પ્લાસ્ટીકની થેલીમાં પેક કરેલા શરીરના જુદા જુદા અવયવો મળ્યા હતા.

# ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ સરકોઝી લાંચ કેસમાં દોષી : ૩ વર્ષની સજા

પેરિસ : ફ્રાન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ નિકોલસ સરકોઝીને પેરિસની કોર્ટે લાંચ-રૂશ્વત અને પેડલિંગપ્ર પ્રભાવ પાડવાના કેસમાં દોષીત ઠેરવ્યા છે. કોર્ટે તેમને એક વર્ષની જેલ અને બે વર્ષની સસ્પેન્ડેડ સજા ફટકારી છે.

તેમની સાથે તેમના ભૂતપૂર્વ વકીલ અને પૂર્વ મેજિસ્ટ્રેટને પણ દોષિત ઠેરવીને તેમના જેટલી જ સજા કરવામાં આવી છે. આ સાથે આધુનિક ફ્રાન્સના ઈતિહાસમાં પહેલી વખત ભૂતપૂર્વ પ્રમુખને જેલની સજા ફટકારવામાં આવી હોય તેવી ઘટના નોંધાઈ હતી. ૬૬ વર્ષના સરકોઝી વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ તરીકે કાર્યરત હતા. પેરિસની કોર્ટે સજા ફટકારવા છતાં તેમની સામે ધરપકડનું વોરંટ જારી કર્યું નથી. તેઓ ૧૦ દિવસના ગાળામાં આ ચૂકાદાની સામે અપીલ કરી શકશે. કોર્ટે તેમને ઈલેક્ટ્રોનિક બ્રેસલેટ સાથે ઘરમાં જ નજરબંધ રહેવાની વિનંતી કરવાની છૂટ આપી છે. સરકોઝીની સાથે સાથે તેમના વકિલ થિયરી હેર્ઝોગ અને ભૂતપૂર્વ મેજિસ્ટ્રેટ જીલ્બર્ટ એઝીબેર્ટને પણ સરકોઝી જેટલી જ સજા ફટકારવામાં આવી છે. ઊંડાણપૂર્વકની તપાસ અને કાયદાકીય આંટીઘુટી બાદ ગત વર્ષે આ ટ્રાયલ શરૂ થઈ હતી.

# નાઈજીરિયાની એક સ્કૂલમાંથી અપહરણ કરાયેલી ૨૭૯ વિદ્યાર્થિનીઓને છોડાવાઈ

- અપહરણ વેળા આતંકીઓએ સૈન્ય પર ગોળીબાર કર્યો હતો

ગુસાઉ : નાઈજેરિયાની એક સ્કૂલમાંથી ૨૭૯ વિદ્યાર્થિનીઓનું ગત સપ્તાહે અપહરણ કરી લેવામાં આવ્યું હતું. જેને પગલે નાઈજેરિયામાં ફરી મહિલાઓ, વિદ્યાર્થિનીઓની સુરક્ષા અંગે સવાલો ઉઠી રહ્યા છે. ભીસમાં આવેલા નાઈજેરિયાના ઝામફરા રાજ્યના રાજ્યપાલ બેલ્લો મટવાલેએ કહ્યું હતું કે આ વિદ્યાર્થિનીઓને છોડાવી લેવામાં આવી છે અને તેઓ હાલ સુરક્ષિત છે.

આ પહેલા ગત શુક્રવારે જાનગેબે ટાઉનમાં આવેલી સુનિયર સેકેન્ડરી સરકારી સ્કૂલમાં ઘુસીને આતંકીએ બંદુક દેખાડીને ૨૭૯ વિદ્યાર્થિનીઓનું અપહરણ કરી ગાયબ કરી દીધી હતી. જેને પગલે તેમના માતા પિતા અને સરકાર ચીંતામાં મુકાયા હતા.

આશ્ચર્યની વાત એ છે કે જ્યારે આ અપહરણની ઘટનાને અંજામ આપવામાં આવી રહ્યો હતો ત્યારે તેની જાણકારી સૈન્ય પાસે પહોંચી ગઈ હતી. પણ આતંકીઓએ સૈન્યના કેમ્પો પર પણ હુમલા કર્યા હતા અને બીજી બાજુ વિદ્યાર્થિનીઓને બંદુક દેખાડીને અપહરણ કરી ગયા હતા. જોકે સૈન્યએ બાદમાં આતંકીઓનો પીછો કર્યો હતો અને અપહરણ કરાયેલી બધી જ વિદ્યાર્થિઓને છોડાવી લીધી હતી. નાઈજેરિયામાં ઘણા આતંકી સંગઠનો સક્રિય થઈ ગયા છે અને છેલ્લા કેટલાક વર્ષથી વિદ્યાર્થિનીઓના અપહરણની ઘટનાઓ પણ વધી રહી છે. નાઈજર સ્ટેટના કાંગરા સરકારી કોલેજમાંથી ૨૪ વિદ્યાર્થીઓ, છ સ્ટાફનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું, જેને બાદમાં ગત શનિવારે જ છોડાવવામાં આવ્યા હતા.

# આત્માને નિર્મળ બનાવવાનું મહા વ્રત : મહાશિવરાત્રી

મહાશિવરાત્રી એટલે ભગવાન શંકરના પૂજનનું આ સૌથી મોટું પર્વ. હિન્દુ સંસ્કૃતિમાં મહાશિવરાત્રીને ભગવાન શંકરની પૂજા અર્ચના માટે સૌથી પવિત્ર દિવસ માનવામાં આવે છે. શિવનો અર્થ છે કલ્યાણ કરવું. આમ તો શિવરાત્રી દરેક મહિનાની ચતુર્દશી તિથિએ હોય છે, પરંતુ મહા વદ તેરસ (આ વર્ષે ૧૧ માર્ચ) ના રોજ મહાશિવરાત્રી છે. એવું મનાય છે કે મહાશિવરાત્રીના દિવસે ભગવાન શંકરનું રુદ્ર રૂપમાં અવતરણ થયું હતું. આ સિવાય પણ કેટલીયે કથાઓ મહાશિવરાત્રી સાથે જોડાયેલી છે. અલબત્ત, કથા કોઈ પણ હોય, પરંતુ શિવજીને પ્રસન્ન કરવાનો શ્રાવણ માસ બાદ આ બીજો શ્રેષ્ઠ અવસર છે.

મહાશિવરાત્રીના ઉત્સવને ભગવાન શંકરના વિવાહ-ઉત્સવ તરીકે પણ મનાવવામાં આવે છે. મહાશિવરાત્રીના દિવસે જ મહાદેવે પાર્વતીજી સાથે એક ધ્યેયપૂર્ણ વિવાહ કર્યા હતા. શિવજીના પાર્વતીજી સાથે વિવાહ દેવોના સેનાપતિ કુમાર કાર્તિકેયના જન્મ માટે થયા હતા કેમ કે તેમના હાથે જ તાડકાસુરનો વધ થવાનો હતો. તાડકાસુરના વધ માટે શિવજીના પુત્રનું સેનાપતિત્વ અનિવાર્ય હતું. આ માટે તપસ્યામાં લીન શિવજીના મનમાં પાર્વતી પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરવો જરૂરી હતો. તેથી કુમારના જન્મને શક્ય બનાવવા માટે દેવતાઓએ કામદેવને શિવજીના મનને હરવા માટે મોકલ્યા. કામદેવે દૂર ઊભા રહીને શિવજી પર પોતાનાં કામબાણ ચલાવ્યાં. તેનાથી શિવજીનું ધ્યાન તો ભંગ થયું સાથે સાથે પાર્વતીજીની સેવાનું પણ જ્ઞાન થયું. પાર્વતી પર કૃપા, સ્નેહ અને અનુરાગ તો ઉત્પન્ન થયો, પરંતુ કામદેવ પર ક્રોધ પણ આવ્યો. ક્રોધવશ તેમણે પોતાનું ત્રીજું નેત્ર ખોલીને કામદેવને બાળીને ભસ્મ કરી નાખ્યા. ત્યારબાદ રતિ અને દેવતાઓની પ્રાર્થના સાંભળી કામદેવને ફરીથી પોતાનું અસલી રૂપ પાછું આપ્યું.

જોકે શિવજીના મનમાં પાર્વતી પ્રત્યે જે અનુરાગ ઉત્પન્ન થયો તે અશરીર જ રહ્યો. આ જ તો આપણો જીવન આદર્શ છે. આ વાતના સ્મરણ માટે મહાશિવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. વિવાહ એ માત્ર બે વ્યક્તિ કે પરિવારોનું જ મિલન નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત આસુરી શક્તિઓનો વિનાશ કરીને શુભ સંસ્કારોનું પોષણ કરવા માટે વિવાહ સંસ્કાર છે. મહાશિવરાત્રીનું વ્રત-પૂજન સૌથી શ્રેષ્ઠ મનાય છે. મહાશિવરાત્રીને પોતાના આત્માને નિર્મળ બનાવવાનું મહાવ્રત માનવામાં આવે છે. આ વ્રત-પૂજન થકી સરળતાપૂર્વક કોઈ પણ મનુષ્ય ભોળાનાથ શંકરની કૃપા પ્રાપ્ત કરી લે છે. મહાશિવરાત્રીનું વ્રત કરવાથી મનુષ્યનાં સમસ્ત પાપોનો નાશ થાય છે. વ્યક્તિમાં દયા, કરુણા જેવા ભાવો પેદા થાય છે. ઈશાન સંહિતામાં મહાશિવરાત્રીનો ઉલ્લેખ આ પ્રમાણે છે - શિવરાત્રી વ્રતમ્ નામ સર્વપાપ પ્રણાશનમ્ । આચાણ્ડાલ મનુષ્યાણમ્ ભુક્તિ મુક્તિ પ્રદાયકં ॥ અર્થાત શિવરાત્રી નામનું વ્રત સમસ્ત પાપોનું શમન કરનારું છે. આ દિવસે વ્રત કરવાથી દુષ્ટ મનુષ્યને પણ ભક્તિ અને મુક્તિ મળે છે.



**આ વ્રત કરવાથી મનુષ્યનાં પાપોનો નાશ થઈ દયા, કરુણા જેવા ભાવો પેદા થાય છે.**

## મહાશિવરાત્રી પર કેવી રીતે કરશો વ્રત અને પૂજન વિધિ

1 ગરૂડ પુરાણ મુજબ શિવરાત્રીથી એક દિવસ પહેલા ત્રયોદશી તિથિમાં શિવજીની પૂજા કરવી જોઈએ અને વ્રતનો સંકલ્પ લેવું જોઈએ તે સિવાય ચતુર્દશી તિથિને નિરાહાર રહેવું જોઈએ. મહાશિવરાત્રીના દિવસે ભગવાન શિવને ગંગા જળ ચઢાવવાથી ખાસ પુણ્ય મળે છે

2 મહાશિવરાત્રીના દિવસે ભગવાન શિવની મૂર્તિ કે શિવલિંગને પંચામૃતથી સ્નાન કરાવીને ૐ નમઃ શિવાય મંત્રથી પૂજા કરવી જોઈએ. ત્યાર બાદ રાત્રિના ચાર પ્રહરમાં શિવજીની પૂજા કરવી જોઈએ અને આવતા દિવસે સવારે બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપી વ્રતનો પારણું કરવું જોઈએ

3 ગરૂડ પુરાણ મુજબ આ દિવસે ભગવાન શિવને બિલ્વપત્રની સાથે સફેદ આંકડાના ફૂલ અર્પિત કરવું જોઈએ. ભગવાન શિવને બિલ્વપત્ર અને સફેદ આંકડાના ફૂલ ખૂબ પ્રિય છે શિવપુરાણ મુજબ ભગવાન શિવને રૂદ્રાક્ષ બિલ્વપત્ર, ભાંગ, શિવલિંગ અને કાશી ખૂબ પ્રિય છે

4 આ દિવસે મહાનિશિથકાળમાં મહામૃત્યુંજયનો જાપ કરવાથી રોગ-શોકથી રાહત મળે છેકોઈ પણ વ્રત પૂર્વક શ્રદ્ધા રાખી કરાય ત્યારે સફળ હોય છે.

5 શિવની ઉપાસના અને વ્રત રાખવાથી શુભ ફળ મળે છે. મહાશિવરાત્રીના સિદ્ધ મૂહૂર્તમાં શિવલિંગને પ્રાણ પ્રતિષ્ઠિત કરાવીને સ્થાપિત કરાવાથી ધંધામાં વૃદ્ધિ અને નોકરીમાં પ્રમોશન મળે છે

6 શિવરાત્રીના પ્રદોષકાળમાં સ્ફિટક શિવલિંગને શુદ્ધ ગંગાજળ, દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડથી સ્નાન કરાવીને ધૂપ-દીપ પ્રગટાવીને મંત્રનો જપ કરવાથી બધી મુશ્કેલીનો નાશ થતો હોય છે

7 રોગથી પરેશાન થતાં પર અને પ્રાણની રક્ષા માટે મહામૃત્યંજય મંત્રનો જાપ કરવું, યાદ રાખો, મહામૃત્યુંજય મંત્રનો જપ રૂદ્રાક્ષની માળાથી કરવું, મંત્ર જોવામાં નાનું છે પણ પ્રભાવમાં ખૂબ ચમત્કારી છે

8 મહિલાઓ સુખ સૌભાગ્ય માટે ભગવાન શિવની પૂજા કરવા દૂધની ધારાથી અભિષેક કરતા નીચે લખેલા મંત્રનો ઉચ્ચારણ કરવું. મંત્ર ૐ નમઃ શિવાય હીં ૐ

૯ લક્ષ્મી તેમના શ્રી સ્વરૂપમાં અખંડ રૂપથી માત્ર ભગવાન શિવની કૃપાથી જ જીવનમાં પ્રકટ થઈ શકે છે અખંડ લક્ષ્મી પ્રાપ્તિ માટે નીચે મંત્રની દસ માળાનો જપ કરવું ૐ હીં ઐં ૐ .

10 લગ્નમાં આવી રહી મુશ્કેલી દૂર કરવા માટે આ મંત્રની સાથે શિવ શક્તિની પૂજા કરવી.





CLUB CERAMIC



Lapoto Finish

Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com



# મહાશિવરાત્રિની વિશેષ પૂજા

કથા, વાસ્તુ, બેબી શાવર, ગૃહ પ્રવેશ, નવચંડી, હોમાત્મક લઘુરુદ્ર, ગણેશયાગ, ચાંડાલ યોગ, મૂળ નક્ષત્ર, આશ્લેષા, જેષ્ઠા, નક્ષત્રોની શાંતિ અને દરેક પ્રકારનાં હવન પૂજા વિધિ કરાવનાર જનમાક્ષર જોવડાવવા તથા નવા બનાવવાના માટે મળો

## ભૌતિકસમસ્યા નિવારણ વિશિષ્ટ પૂજા પ્રયોગ

શીઘ્ર રોગ મુક્તિ પૂજા પ્રયોગ
તંત્ર દોષ નિવારણ પ્રયોગ
શીઘ્રવિવાહ પૂજા પ્રયોગ
કોર્ટ કચેરી વિજય પ્રાપ્તિ પ્રયોગ
શીઘ્ર ભાગ્યોદય પૂજા પ્રયોગ
વ્યાપાર ધ્વારા ધન પ્રાપ્તિ પ્રયોગ
સંમોહન, વશિકરણ, આકર્ષણ પ્રયોગ
વિદ્યા પ્રાપ્તિ પ્રયોગ
સર્વ વિઘ્ન નાશક પૂજા પ્રયોગ
દરિદ્રતા નાશક પૂજા પ્રયોગ
શીઘ્ર પુત્ર પ્રાપ્તિ સંતાન પ્રાપ્તિ પૂજા પ્રયોગ
શીઘ્ર શત્રુ નાશક મહાવિદ્યા પૂજા પ્રયોગ
ભૂત પ્રેત દોષ નિવારણ પ્રયોગ
ઋણ મુક્તિ-દેવૂમુક્તિ પ્રયોગ



વ્યાપાર બાધા દૂર નિવારણ પ્રયોગ
શત્રુબુધ્ધિ સ્તમ્ભન પ્રયોગ
સ્ત્રી ગુપ્તરોગ નિવારણ પ્રયોગ
પુરૂષગુપ્તરોગ નિવારણ પ્રયોગ
ચાક્ષુષ્ક્ષ મતી નેત્ર દોષ નિવારણ પ્રયોગ
દેહ રક્ષા કવચ પ્રયોગ
શીઘ્ર નોકરી પ્રાપ્તિ પ્રયોગ
શીઘ્ર વિદેશગમન પ્રયોગ
કેદકારાવાસમુક્તિ પ્રયોગ
સમુહ નવગ્રહ પીડા નિવારણ પ્રયોગ
ગૃહ ક્લેશ નિવારણ પ્રયોગ
સર્વમનોકામનાપૂર્તિ પ્રયોગ
મહામૃત્યુંજય પ્રયોગ
શીઘ્ર લક્ષ્મી પ્રાપ્તિ પ્રયોગ
ઋણ મુક્તિ-દેવૂમુક્તિ પ્રયોગ



મહાશિવરાત્રિની વિશેષ પૂજા, આપની કોઈપણ અંગત સમસ્યાઓનું નિવારણ સાધના અનુષ્ઠાનથી કરાવવામાં આવશે. મોબાઈલ, ઈમેલ અથવા રુબરુ મળી શકો છો...

દરેક પ્રકારના યંત્રો, ગ્રહોનાં નંગ, શિયાળ સિંગી, ઘોડાની નાળ, ગોમતી ચક્ર, સ્ફટિકમાળા, મુંગાની માળા, રુદ્રાક્ષની માળા, વેજંતી બીજની માળા, હકીકની માળા તથા દક્ષિણા વતી શંખ, રતનજ્યોત, હથ્થા જોડી તથા દરેક પ્રકારનાં યંત્રો, શ્રીયંત્ર, મેરુપૃષ્ઠ શ્રી યંત્ર તાંબાનો નાગ, શીશાનો નાગ, ચાંદીનો નાગ, દરેક પ્રકારની સમસ્યાના નિવારણ મુજબ સાધનાં સામગ્રી પ્રાણપ્રતિષ્ઠિતવાળી મળશે.

**શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી**
આણંદ (બોરસદ) ગુજરાતવાળા

email : trivedi_ss@yahoo.com
MOBILE : 647-770-5984